સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

# મુંબઈ સમાચાર

R.N.I. No. GUJ GUJ/2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 101 ■ વિક્રમ સંવત ૨૦૮૨
વૈશાખ સુદ - ૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 30 April 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૩૦ એપ્રિલ ૨૦૨૬, (૧૦ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦

લાડકી પૂર્તિ ૫ ૬ ૭

# આસામ, બંગાળ, પુડુચેરીમાં કમળ ખીલશે

## તમિળનાડુમાં દ્રમુક, કેરલમ્‌માં યુડીએફ સરકાર આવવાની આગાહી ઍક્ઝિટ પૉલ્સ કરે છે

**પુડુચેરી-કુલ બેઠકઃ ૩૦**

| પક્ષ | એનડીએ | દ્રમુક-કૉંગ્રેસ | ટીવીકે |
|---|---|---|---|
| એક્સિસ માય ઈન્ડિયા | ૧૬-૨૦ | ૬-૮ | ૨-૪ |

**કેરલમ્-કુલ બેઠકઃ ૧૪૦**

| પક્ષ | યુડીએફ | એલડીએફ | એનડીએ |
|---|---|---|---|
| એક્સિસ માય ઈન્ડિયા | ૭૮-૯૦ | ૪૯-૬૨ | ૦-૩ |
| પીપલ્સ પલ્સ | ૭૫-૮૫ | ૫૫-૬૫ | ૦-૩ |
| મેટ્રીઝ | ૭૦-૭૫ | ૬૦-૬૫ | ૩-૫ |

**તમિળનાડુ-કુલ બેઠકઃ ૨૩૪**

| પક્ષ | દ્રમુક અને સાથીપક્ષો | અન્નાદ્રમુક-ભાજપ | ટીવીકે |
|---|---|---|---|
| પીપલ્સ પલ્સ | ૧૨૫-૧૪૫ | ૬૫-૮૦ | ૧૮-૨૪ |
| મેટ્રીઝ | ૧૨૨-૧૩૨ | ૮૭-૧૦૦ | ૧૦-૧૨ |

**આસામ-કુલ બેઠકઃ ૧૨૬**

| પક્ષ | એનડીએ | કૉંગ્રસ અને સાથી પક્ષો |
|---|---|---|
| ઍક્સિસ માય ઈન્ડિયા | ૮૮-૧૦૦ | ૨૪-૩૬ |
| પીપલ્સ પલ્સ | ૬૮-૭૨ | ૨૨-૨૬ |
| મેટ્રીઝ | ૮૫-૯૫ | ૨૫-૩૨ |

**આસામમાં ભાજપનો ભવ્ય વિજયની આશા વ્યક્ત કરાઇ હતી**

નવી દિલ્હીઃ અનેક ઍક્ઝિટ પૉલ (મતદાન પછી અને ચૂંટણીના પરિણામ જાહેર થયા પહેલાના જનમત)માં આસામ અને પશ્ચિમ બંગાળમાં ભાજપ, પુડુચેરીમાં એઆઇએનઆરસીના નેતૃત્વ હેઠળની એનડીએ, તમિળનાડુમાં દ્રમુક અને કેરલમ્‌માં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની યુડીએફ સરકાર રચાવાની આગાહી કરાઇ હતી.

આસામમાં ભાજપનો ભવ્ય વિજયની આશા વ્યક્ત કરાઇ હતી. પશ્ચિમ બંગાળમાં ભાજપને રાજ્યના શાસક તૃણમૂલ કૉંગ્રેસની સરખામણીમાં વધુ બેઠક મળવાની અને કદાચ સરકાર રચી શકાય એટલી બેઠક મળવાની શક્યતા વ્યક્ત કરાઇ હતી.

તમિળનાડુમાં ફરી દ્રમુક સરકાર સત્તા પર આવે, કેરળમાં કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની યુડીએફ સરકાર દસ વર્ષ બાદ ફરી સત્તા કબજે

**પશ્ચિમ બંગાળ-કુલ બેઠકઃ ૨૯૪**

| પક્ષ | ટીએમસી | ભાજપ |
|---|---|---|
| મેટ્રીઝ | ૧૨૫-૧૪૦ | ૧૪૬-૧૬૧ |
| પી-માર્ક | ૧૧૮-૧૩૮ | ૧૫૦-૧૭૫ |
| પીપલ્સ પલ્સ | ૧૭૭-૧૯૭ | ૯૫-૧૧૦ |

કરે, જ્યારે પુડુચેરીમાં એઆઇએનઆરસીના નેતૃત્વ હેઠળની એનડીએ સરકાર ફરી સત્તા પર આવે એવી શક્યતા વ્યક્ત કરાઇ હતી.

ઍક્સિસ માય ઇન્ડિયાએ આસામમાં ભાજપને વિધાનસભાની ૮૮થી ૧૦૦, જ્યારે કૉંગ્રેસ અને તેના ભાગીદાર પક્ષોને ૨૪થી

(જુઓ પાનું ૪) ▸▸



**લોકપ્રિયતાનું ત્રિશૂય, વિજયનો ડમરુંઃ** ઉત્તર પ્રદેશના વારાણસીની બે દિવસની મુલાકાત દરમિયાન કાશી વિશ્વનાથ મંદિરમાં ત્રિશૂળ અને ડમરુ સાથે વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (પીટીઆઇ)

# બંગાળીઓએ રંગ રાખ્યોઃ આઝાદી પછીનું સર્વાધિક ૯૨.૪૭% મતદાન



કોલકાતાઃ પશ્ચિમ બંગાળની વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં ૩.૨૧ કરોડ મતદાતાના ૯૧.૬૬ ટકા મતદાતાઓએ મતદાન કર્યું હતું. પહેલા તબક્કામાં ૯૩.૧૯ ટકા મતદાન થયું હતું. બન્ને તબક્કામાં સરેરાશ ૯૨.૪૭ ટકા મતદાન થયું હતું. આ આઝાદી પછીનું રાજ્યમાં સૌથી મોટું મતદાન છે. જોકે રાજ્યના અમુક વિસ્તારોમાં છૂટીછવાઈ હિંસા જોવા મળી હતી. ભવાનીપુર વિધાનસભાની બેઠકમાં ભારે તંગદિલી જોવા મળી હતી, જ્યાં મુખ્ય પ્રધાન મમતા બેનરજી સામે ભાજપના સુવેન્દુ અધિકારી ઊભા છે. આ પ્રતિષ્ઠિત બેઠકના એક જ બૂથ વિસ્તારમાં બન્ને ઉમેદવારે એકબીજાની આલોચના કરી હતી. કોલકાતાના ભવાનીપુર અને ૨૪ પરગણાના બસંતીથી માંડીને નદિયાના ચાપરા અને હાવડાના બાલી સુધી બંગાળની ચૂંટણીની જાણીતી પટકથાના તત્વો જેવા કે મતદાન મથકોમાં લાંબી કતાર, બૂથ સ્તરે ચકમક અને રાજકીય અથડામણ જોવા મળ્યા હતા.

એ જોવાનું રહે છે કે શાસકપક્ષ વિરોધી મિજાજ અને મતદારયાદીના સુધારાને લીધે રાજ્યના

(જુઓ પાનું ૪) ▸▸

## ઈવીએમમાં ભાજપના બટન પર જ ટેપ ચોંટાડેલી હતી?

### ફાલ્ટા મતદાનક્ષેત્રમાં આવું થયાનો આક્ષેપઃ ફેરમતદાન કરાશે?

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં બીજા તબક્કામાં ૧૪૨ બેઠકો પર મતદાન થયું હતું. ભારતીય જનતા પાર્ટીના નેતા અમિત માલવિયાએ આરોપ લગાવ્યો હતો કે ફાલ્ટા વિધાનસભા મતવિસ્તારમાં ઈવીએમ પર ટેપ લગાવવામાં આવી છે. જેમાં ભાજપના ઉમેદવારનું નામ છૂપાવવામાં આવ્યું છે. ચૂંટણી પંચે ફરિયાદને ગંભીરતાથી લીધી હતી.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) મનોજ અગરવાલે જણાવ્યું છે કે જો ઈવીએમ પર ટેપ ચોંટાડી હોવાનું જાણવા મળશે તો ફરીથી મતદાન કરવામાં આવશે. અનેક બૂથ પર ફરિયાદો મળી છે.

ડાયમંડ હાર્બર મતવિસ્તાર હેઠળ આવતા ફાલ્ટામાં ભાજપે ઈવીએમ પર બીજેપીના વિકલ્પ સામે ટેપ લગાવવામાં આવી હોવાની ફરિયાદ કરી છે. તેના જવાબમાં પશ્ચિમ બંગાળના

(જુઓ પાનું ૪) ▸▸

**નરેન્દ્ર દાભોલકર હત્યા કેસ**

## આરોપી જ ખૂની હોવા વિશે શંકાઃ હાઇ કોર્ટ

### દોષી કળસકરનો જામીન પર છુટકારોઃ બન્ને સાક્ષીની પ્રમાણિકતા સામે સવાલ ઉઠાવ્યો

મુંબઈઃ બોમ્બે હાઇ કોર્ટે અંધશ્રદ્ધા નિર્મૂલન કાર્યકર નરેન્દ્ર દાભોલકરની હત્યાના ૨૦૧૩ના કેસના દોષી શરદ કળસકરને બુધવારે જામીન આપ્યા હતા અને તેને થયેલી જનમટીપ સસ્પેન્ડ કરી હતી તેમ જ કહેવાતા હત્યારાની ઓળખ અંગે શંકા વ્યક્ત કરવાની સાથે બે 'સાક્ષી'ની પ્રમાણિકતા અંગે સવાલ ઉઠાવ્યો હતો.

ન્યાયાધીશ અજેય ગડકરી અને ન્યાયાધીશ રણજિતસિંહા ભોસલેની બૅન્ચે કળસકરને રૂપિયા ૫૦,૦૦૦ના પર્સનલ બૉન્ડ જમા કરાવવા અને હત્યાનો કેસ જ્યાં નોંધાયો હતો, તે પુણેના ડેક્કન પોલીસ સ્ટેશન ખાતે દર મહિને એક વખત હાજર થવાનો આદેશ આપ્યો હતો.

શરદ કળસકરે વડી અદાલતમાંની ખાસ કોર્ટ દ્વારા પોતાને દોષી ઠેરવતા ૨૦૨૪ના ચુકાદાને પડકાર્યો હતો અને પોતાની અરજીની અંતિમ સુનાવણી ન થાય ત્યાં સુધી જામીન પર છોડવાની દાદ ચાહી હતી.

સામ્યવાદી નેતા ગોવિંદ પાનસરેની હત્યાના કેસમાં પણ ખટલાનો સામનો કરી રહેલા કળસકરને તે કિસ્સામાં વડી અદાલતે ઑક્ટોબરમાં જામીન આપ્યા હતા અને હવે વડી અદાલતે દાભોલકર કેસમાં પણ રાહત આપતા, તે જામીનની પ્રક્રિયા પૂરી કરીને જેલમાંથી બહાર નીકળી શકે છે.

મહારાષ્ટ્ર અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિના સ્થાપક

(જુઓ પાનું ૪) ▸▸

# ઈરાન સાથે હવે નરમાશ નહીંઃ 'ડૉન' ટ્રમ્પ

### 'નૉ મૉર મિસ્ટર નાઈસ ગાય' લખાણ અને એસૉલ્ટ રાઈફલ સાથેનો પોતાનો ફોટો મૂક્યો

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા 'ટ્રૂથ સોશ્યલ' પરની ('રિઅલડૉનલ્ડટ્રમ્પ'ની) પૉસ્ટમાં ઇરાનને ચેતવણી આપતા લખ્યું હતું કે હું ઇસ્લામિક પ્રજાસત્તાક સાથે 'મિસ્ટર નાઇસ ગાય' નહિ બનું (કૂણું વલણ નહિ દાખવું).

ટ્રમ્પે લેખક ડૉ. રોબર્ટ ગ્લોવરના પુસ્તક 'નૉ મૉર મિસ્ટર નાઇસ ગાય' પર આધારિત લખાણ અને એસૉલ્ટ રાઇફલ સાથેનો પોતાનો એડિટ કરેલો ફોટો મૂક્યો હતો.

ટ્રમ્પે જણાવ્યું હતું કે ઇરાન અણુ-કરાર પર સહી નથી કરતું. તેણે ટૂંક સમયમાં સમજદાર બનવું પડશે.

અગાઉ, ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઇરાન પડી ભાંગ્યું છે. તેઓ પોતાની નેતાગીરીની સમસ્યા ઉકેલે કે તુરત અમે હોર્મુઝ સામુદ્રધુની ખોલાવીએ એમ ઇચ્છે છે.

દરમિયાન, ટ્રમ્પે ઇરાન સાથેની શાંતિ-મંત્રણાના બીજા તબક્કા માટે અમેરિકાનું પ્રતિનિધિમંડળ પાકિસ્તાન મોકલવાનો ઇનકાર કરતા હવે ફરી પરિસ્થિતિ 'અગાઉ જ્યાં હતા ત્યાં' જેવી થઇ ગઇ છે.

ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીના નેતૃત્વ હેઠળનું પ્રતિનિધિમંડળ પાકિસ્તાન આવ્યું, તે પછી ટ્રમ્પે અમેરિકાનું

(જુઓ પાનું ૪) ▸▸


## ઈરાન યુદ્ધનું પેન્ટાગોન ટ્રમ્પને ખોટું ગુલાબી ચિત્ર દેખાડી રહ્યું છેઃ વૅન્સ

વૉશિંગ્ટનઃ ઇરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધમાં તંગદિલી વધતી જાય છે ત્યારે એવા અહેવાલો આવ્યા છે કે અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વૅન્સે એવી ચિંતા વ્યક્ત કરી છે કે પેન્ટાગોન તરફથી યુદ્ધ અંગે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પને સાચું ચિત્ર બતાડવામાં આવતું નથી.

અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ઉપપ્રમુખે મુખ્ય તો એ ચિંતા વ્યક્ત કરી છે કે જો લડાઈ ચાલુ રહેશે તો અમેરિકા પાસે હથિયારોનો ભંડાર રહેશે નહીં.

જાણકાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે વૅન્સે યુદ્ધ

(જુઓ પાનું ૪) ▸▸



**ઊંડા પાણીમાં કામગીરીઃ** કોલંબો ખાતે ઊંડા પાણીમાં સંયુક્ત કામગીરી કરી રહેલા ભારત અને શ્રીલંકાના નૌકાદળના ડૂબકીમારો. (પીટીઆઇ)

**મુંબઈ સમાચાર**

જો 'મુંબઈ સમાચાર' ન મળતું હોય કે 'મુંબઈ સમાચાર'ને સબ્સ્ક્રાઇબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લૅન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 98923 43106.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ

In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 98923 43106.
Email: dygm.samachar@gmail.com
We value your readership and are committed to your daily connection.

# ગેમચેન્જર બનશે ઈ-૮૫ઃ હવે પેટ્રોલમાં હશે ૮૫ ટકા ઈથેનોલ

નવી દિલ્હીઃ રોડ, પરિવહન અને હાઈવે ખાતા દ્વારા ૨૭ એપ્રિલે નવું ડ્રાફ્ટ નૉટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં પેટ્રોલમાં ઈથેનોલ બ્લૅન્ડિંગનું પ્રમાણ વધારવાની અને ઈ-૮૫ ઈંધણનો સમાવેશ કરવાની જોગવાઈ છે.

આ પ્રસ્તાવનો મુખ્ય આશય પ્રદૂષણ સંબંધિત નિયમો, ઈંધણનું વર્ગીકરણ અને વધુ માત્રામાં ઈથેનોલ બ્લૅન્ડિંગ સાથે જોડાયેલા ટૅક્નિકલ શબ્દોમાં ફેરફાર કરવાનો છે.

આ પ્રસ્તાવમાં સેન્ટ્રલ મોટર વ્હીકલ ઍક્ટ ૧૯૮૯માં સંશોધન કરી ઈ-૮૫ થી ઈ-૧૦૦ સુધીના ઈંધણ માટેના વ્હીકલ સ્ટાન્ડર્ડને સામેલ કરવાની વાત કરવામાં આવી છે.

અગાઉ આ મર્યાદા માત્ર ઈ-૮૫ સુધીની જ હતી.

આ બદલાવ અંતર્ગત પેટ્રોલ સાથે ઈથેનોલની મિલાવટની મર્યાદા ઈ-૧૦થી વધારીને ઈ-૨૦ સુધીની કરવામાં આવશે. આ ઉપરાંત બી-૧૦૦ બાયોડીઝલ માટે પણ જોગવાઈ કરવામાં આવી છે.

આનો મતલબ સરકાર હવે હાઈ બ્લૅન્ડ ઈંધણની પૂરી રૅન્જને ટેકો આપવા નિયમ બનાવી રહી છે. સરકારે હાલ આ નોટિફિકેશન જનતાના અભિપ્રાય માટે બહાર પાડ્યું છે. મતલબ સામાન્ય જનતા અને ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો આ મામલે પોતાનો અભિપ્રાય આપી શકશે.

તમામ મંતવ્યોને ધ્યાન પર લીધા બાદ સરકાર આ મામલે અંતિમ નિર્ણય લેશે.

અગાઉ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ પણ કાર કંપનીઓને નવા ઈંધણ માટે તૈયાર રહેવા જણાવ્યું હતું.

દેશમાં વધતી પેટ્રોલની માગ અને આયાત પર નિર્ભરતા ઘટાડવા સરકાર હવે મોટું પગલું ભરવાની દિશામાં આગળ વધી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા એક નોટિફિકેશનમાં પેટ્રોલમાં વધુ પ્રમાણમાં ઈથેનોલ મિક્સ કરવાના નિયમને સામેલ કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. ■

# અમેરિકા-ઈરાન યુદ્ધથી પાકિસ્તાનના અર્થતંત્રને ગંભીર ફટકો

ઈસ્લામાબાદઃ વડા પ્રધાન શેહબાઝ શરીફે બુધવારે કહ્યું હતું કે અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે પાકિસ્તાનના અર્થતંત્રને ગંભીર ફટકો પડ્યો છે.

અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે છેલ્લાં બે વર્ષ દરમિયાન પાકિસ્તાને સાધેલી આર્થિક પ્રગતિ પર પાણી ફરી વળ્યું હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે આમ છતાં પાકિસ્તાન બંને વચ્ચેનો તણાવ ઘટાડવાના અને પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવાના પ્રયાસો ચાલુ રાખશે.

પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા સ્થાપવા પાકિસ્તાન દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરવામાં આવી રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

બંને દેશ વચ્ચે ફેબ્રુઆરીમાં યુદ્ધ શરૂ થયું ત્યાર બાદ વૈશ્વિક બજારમાં ઈંધણનાં ભાવમાં તીવ્ર વધારો જોવા મળ્યો હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે યુદ્ધ અગાઉ અમારું તેલનું અઠવાડિક બિલ ૩૦ કરોડ ડૉલર હતું જે હવે વધીને ૮૦ કરોડ ડૉલર થઈ ગયું છે.

પ્રધાનમંડળની બેઠકમાં તેમણે જણાવ્યું હતું કે ટાસ્ક ફૉર્સ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે.

આ તમામ પડકારોને પહોંચી વળવા સામૂહિક પ્રયાસોની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું. (એજન્સી)

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સાઉદીને માપમાં રાખવા અમેરિકાના ઈશારે યુએઈએ ઓપેક છોડ્યું

**અમેરિકા** અને યુએઈ વચ્ચેના યુદ્ધવિરામના કારણે હમણાં દુનિયામાં શાંતિ છે ત્યારે યુએઈએ ઓર્ગેનાઈઝેશન ઓફ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝ (ઓપેક)માંથી બહાર નીકળવાનો નિર્ણય લઈને મોટો આંચકો આપી દીધો. ઓપેક દુનિયામાં જંગી પ્રમાણમાં ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરતા દેશોની કાર્ટેલ છે. આ કાર્ટેલ ક્રૂડનો કેટલો જથ્થો દુનિયામાં પહોંચાડવો એ નક્કી કરે છે ને એ રીતે ક્રૂડના ભાવો પર તેમનું નિયંત્રણ છે. સાઉદી અરેબિયાની ઓપેકમાં દાદાગીરી છે. અમેરિકા વર્સીસ ઈરાનના યુદ્ધના કારણે દુનિયાભરમાં ક્રૂડના સપ્લાયને અસર થતાં ભાવ વધ્યા છે ત્યાં સાઉદી તકનો લાભ લઈને ક્રૂડ ઓઈલનું ઉત્પાદન ઘટાડીને હજુ ભાવ ઊંચે લઈ જવાની ફિરાકમાં છે. યુએઈ તેની સામે પડેલું તેથી બંને વચ્ચે વિખવાદ ચાલતો જ હતો ત્યાં યુએઈએ ઓપેકમાંથી જ નીકળી જવાનું એલાન કરીને સૌને મોટો આંચકો આપી દીધો.

યુએઈએ સત્તાવાર રીતે કરેલી જાહેરાત પ્રમાણે, છેલ્લાં કેટલાંક વરસોમાં ક્રૂડ ઓઈલના ઉત્પાદન માટેની સગવડો વધારવા જંગી રોકાણ કર્યું છે તેથી કમાણી કરવા માટે ક્રૂડનું ઉત્પાદન વધારવા માગે છે પણ ઓપેકના બંધનોના કારણે પોતે પોતાની રીતે નિર્ણય નથી લઈ શકતું. પોતે ઓપેકનાં બંધનોને ફગાવી દેવા માગે છે કે જેથી ઉત્પાદન વધારીને વધુ કમાણી કરી શકાય અને આર્થિક વિકાસ માટે નાણાં વાપરી શકાય. યુએઈ માટે આ નિર્ણય મોટો આંચકો છે કેમ કે યુએઈ છેલ્લાં ૬૦ વર્ષથી ઓપેકનું સભ્ય હતું. સાઉદી અરેબિયા અને ઈરાન પછી વિશ્વમાં સૌથી મોટો ક્રૂડનો અનામત જથ્થો ધરાવતા યુએઈ સાઉદી અરેબિયા, ઈરાક અને ઈરાન પછી ક્રૂડ ઉત્પાદનમાં ચોથો સૌથી મોટો દેશ હતો. તેના કારણે ઓપેકના દેશો ક્રૂડના ભાવ અને ઉત્પાદન બંને મનફાવે એમ નક્કી કરીને આખી દુનિયાને પોતાના ઈશારે નચાવી શકતા હતા. હવે યુએઈ જેવો મોટો ઉત્પાદક દેશ સાથે નહીં હોય તેથી ઓપેકનાં વળતાં પાણી શરૂ થશે એવી ધારણા છે.

ભારતીય મીડિયા યુએઈના નિર્ણય માટે સાઉદી અરેબિયા અને પાકિસ્તાનની વધતી નિકટતાને જવાબદાર ગણાવે છે પણ વાસ્તવમાં યુએઈના નિર્ણય પાછળ અમેરિકાનો દોરીસંચાર છે. એક સમયે ઓપેક અમેરિકાનું બગલબચ્ચું હતું કેમ કે સાઉદી પૂરેપૂરું અમેરિકાના પડખામાં ભરાયેલું હતું. અમેરિકાના ઈશારે સાઉદી સહિતના ઓપેકના સભ્ય દેશો ભેગા મળીને ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ નક્કી કરતા તેથી અમેરિકા ઈચ્છે ત્યારે ભાવ ઘટાડે ને ઈચ્છા થાય ત્યારે વધારે. ઉત્પાદન ઘટાડીને કૃત્રિમ અછત ઊભી કરે એટલે ભાવ ઊંચકાય. તગડી કમાણી થાય પછી ઉત્પાદન વધારીને ભાવ થોડા ઘટાડી દે. આ ખેલ વરસોથી ચાલે છે. તેના કારણે ઓપેક દેશો અમીર થયા જ્યારે બીજા દેશો લૂંટાય છે.

છેલ્લાં કેટલાંક વરસોમાં સમીકરણો બદલાયાં છે કેમ કે સાઉદી અરેબિયા અમેરિકાને છોડીને ચીન અને રશિયાના પડખામાં ભરાવા લાગ્યું છે. રશિયા ઓછી વસતી ધરાવતો દેશ હોવાથી તેની ક્રૂડ ઓઈલની બહુ જરૂરિયાત નથી જ્યારે ચીનની જરૂરિયાતો સાઉદી અરેબિયા પાસેથી સંતોષાય છે તેથી રશિયા-ચીને ક્રૂડના ભાવો નક્કી કરવા સાઉદીને છૂટ આપી છે. તેનો લાભ લઈને સાઉદીની દાદાગીરી વધી છે અને સાઉદી અમેરિકાને પણ ગણકારતું નથી. અમેરિકા માટે ઓપેક દુનિયા પર દાદાગીરી કરવાનું મોટું શસ્ત્ર હતું. આ શસ્ત્ર છિનવાઈ રહ્યું છે તેથી ભડકેલા અમેરિકાએ દુનિયાના ક્રૂડ ઓઈલના ભંડારો પર પોતે જ કબજો કરવાનું નક્કી કર્યું છે. તેના ભાગરૂપે વેનેઝુએલા પર આક્રમણ કર્યું ને પછી ઈરાન પર આક્રમણ કર્યું.

વેનેઝુએલાના ભંડારો હવે અમેરિકાના નિયંત્રણ હેઠળ છે જ્યારે ઈરાને મચક આપી નથી તેથી અમેરિકાએ નવી વ્યૂહરચના અપનાવી છે. અમેરિકાએ હવે પોતાના આંગળિયાત એવા ગલ્ફના દેશોને ઓપેકથી અલગ કરીને સાઉદીનું વર્ચસ્વ ઘટાડવાનો ખેલ શરૂ કર્યો છે. તેના ભાગરૂપે યુએઈ ઓપેકમાંથી નીકળી ગયું ને ભવિષ્યમાં કુવૈત પણ નીકળી શકે છે. આ બંને દેશોની એક્ઝિટના કારણે ઓપેક સાવ પાંગળું બની જાય. બીજી તરફ યુએઈ કે કુવૈત જેવા દેશો પોતાના જોરે ટકી શકે તેમ નથી. પોતાના રક્ષણ માટે તેમને અમેરિકા જેવા જગત જમાદારની જરૂર છે જ અને આ દેશો તેના ઈશારે જ નાચવાના છે તેથી ક્રુડના બજાર પર અમેરિકાનું સીધું નિયંત્રણ થઈ જશે.

યુએઈ ઓપેકની બહાર નીકળે તેના કારણે ભારત સહિતના દેશોને ફાયદો થઈ શકે છે. યુએઈ ઓપેકમાં ના હોય એટલે રોજ કેટલું ક્રૂડ ઓઈલનું ઉત્પાદન કરવું તેની ટોચમર્યાદા તેને લાગુ ના પડે તેથી એ ધારે એટલું ક્રુડ બહાર કાઢી શકે ને દુનિયાભરમાં વેચી શકે. આ ક્રૂડના ભાવ પણ એ પોતાની રીતે નક્કી કરી શકે કેમ કે ઓપેકનાં બંધનો તેને ના નડે. જેની સાથે પોતાનાં આર્થિક હિતો જોડાયેલાં હોય ને સારા સંબંધો હોય એવા દેશોને ઓછા ભાવે ક્રૂડ ઓઈલ આપી શકે. યુએઈએ હવે ક્રૂડ ઓઈલના ઉત્પાદન માટે કોઈને જવાબ નથી આપવાનો તેથી પોતાની આર્થિક જરૂરિયાતો પ્રમાણે ક્રૂડ ઉત્પાદન કરી શકે છે. સાઉદી અરેબિયા પોતાની મનમાની ચલાવીને ક્રૂડનું ઉત્પાદન ક્યારે વધારવું ને ક્યારે ઘટાડવું એ નક્કી કરી નાખે છે. આ જોહુકમીમાંથી છૂટ્યા પછી યુએઈ પોતાનાં હિતો અને આર્થિક ફાયદા માટે ક્રૂડ ઓઈલનું ઉત્પાદન વધારી શકે છે. યુએઈ ઉત્પાદન વધારે તેના કારણે બજારમાં વધારે પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ઉપલબ્ધ થાય તેના કારણે વૈશ્વિક બજારમાં ક્રૂડના ભાવ કાબૂમાં રહે એ પણ મોટો ફાયદો છે.

ભારત અને યુએઈના આર્થિક સંબંધો અત્યંત મજબૂત છે તેથી યુએઈનો નિર્ણય ભારત માટે તો વધારે ફાયદાકારક સાબિત થઈ શકે છે. ભારત અને યુએઈ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ છે તેથી ભારત મોટા પ્રમાણમાં યુએઈમાં નિકાસ કરે છે. સામે ભારત યુએઈ પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ પણ ખરીદે છે પણ યુએઈ ઓપેકનું સભ્ય હોવાથી ભારતે ફરજિયાતપણે અમેરિકન ડૉલરમાં ચૂકવણી કરવી પડતી. યુએઈને ઓપેકનાં ધારાધોરણ લાગુ ના પડે એ સંજોગોમાં ભારત અને યુએઈ ભારતીય માલના બદલામાં ક્રૂડ ઓઈલની ગોઠવણ કરી શકે. જે કંપનીઓ યુએઈમાં નિકાસ કરતી હોય એ કંપનીઓને કરવેરામાં જે બીજી રીતે રાહત આપીને ભારત સરકાર યુએઈની કંપનીઓ પાસેથી લેવાનાં થતાં નાણાં સીધાં રૂપિયામાં ભારતમાં જ મળી જાય એવી ગોઠવણ પણ કરી શકે. તેના કારણે ભારતનું વિદેશી હૂંડિયામણ બચી જાય એ ફાયદો થાય. આ ગોઠવણ બંને માટે ફાયદાકારક છે કેમ કે તેના કારણે યુએઈનો વિદેશી હૂંડિયામણ ભંડાર પણ ખાલી ના થાય. આ સંજોગોમાં યુએઈ ભારત પાસેથી નિકાસ વધારે ને ભારતને મોટો ફાયદો કરાવી દે એવું બને. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌરગ્રીષ્મઋતુ, ગુરુવાર, તા. ૩૦-૪-૨૦૨૬, નૃસિંહ જયંતી, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૧૦, માહે વૈશાખ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, વૈશાખ સુદ -૧૪
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે વૈશાખ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૭
- નક્ષત્ર ચિત્રા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૧૬ સુધી (તા. ૧), પછી સ્વાતિ
- ચંદ્ર કન્યામાં બપોરે ક. ૧૩-૧૩ સુધી, પછી તુલામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ), તુલા (ર, ત)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૩ , અમદાવાદ ક. ૦૬ મિ. ૦૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૩૪, રાત્રે ક. ૨૩-૧૯
- ઓટઃ સાંજે ક. ૧૭-૩૪, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૩૩ (તા. ૧)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, વૈશાખ શુક્લ - ચતુર્દશી. નૃસિંહ જયંતી, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૧-૧૨.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શત્રુના નાશ માટે કાલિમાતાની તથા શિવપૂજા કરવી. શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત-પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, બિલીનું વૃક્ષ વાવવું, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, હજામત, નવા વસ્ર, આભૂષણ, વાસણ, પશુ લે-વેંચ, મહેંદી લગાવવી, પ્રથમ વાહન, નૌકા બાંધવી, યંત્રારંભ, દસ્તાવેજ, દુકાન-માલ લેવો, બી વાવવું, ખેતીવાડી, ધાન્ય ભરવું, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નામકરણ અન્નપ્રાશન.
- આચમનઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ જુઠ્ઠું બોલવાની આદત.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ચતુષ્કોણ. ચંદ્ર ચિત્રાના તારા સાથે યુતિ કરે છે. બુધ અશ્વિની નક્ષત્રમાં પ્રવેશ.

- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-મીન (મંગળ દેખાશે), માર્ગી બુધ-મીન/મેષ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે), માર્ગી શનિ-મીન (શનિ દેખાશે), રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# કપડા ધોવે સો ક્યા હુઆ, દિલ ધોવે સો પાવે...!

**આ** કોલમને નિયમિત વાંચતા વાચકોને જાણકારી હશે કે અરબસ્તાનની મૂળ ભાષા અરબી છે અને આ અરબી ભાષાનો એક શબ્દ છે 'સગીરહ' જેનો ગુજરાતીમાં અર્થ થાય છે 'નાનો'

- અને બીજો શબ્દ છે 'કબીરહ' એટલે કે 'મોટા.'

* આ બંને શબ્દો ખાસ કરીને એ અર્થમાં આવ્યા છે કે ઈન્સાન ભલે સગીરહ ગુનો કરે કે કબીરહ, પણ હરહાલમાં અલ્લાહને ફરી ગુનો ન કરવાના કોલથી તૌબા કરતો રહે અને અસ્તગફિરુલાહિ રબ્બી વ અતૂબુ અલૈયહ (ભાવાનુવાદઃ 'હું અલ્લાહની માફી માગું છું જે મારો પાલણહાર છે અને તેની પાસે તૌબા-પ્રાયશ્ચિત્ત કરું છું'ની યાચના કરતો રહે.

* તૌબા બધાને માટે કરવી જરૂરી છે અને અક્કલ-સામાન્ય સમજ પણ એમ જ કહે છે.

* તૌબા નુકસાનને દૂર કરવાનું સાધન બને છે અને નુકસાનને દૂર કરવું અક્કલની રૂએ વાજીબ (જરૂરી) છે તેથી અક્કલના હુકમાનુસાર તૌબા વાજીબ થઈ ગઈ છે. અર્થાત્ જરૂરી બની રહેવા પામી છે.

* '...તમો બધે બધા ખુદાની હુજુરમાં તૌબા કરો, અય ઈમાનવાળાઓ (અલ્લાહ પર યકીન, શ્રદ્ધા-આસ્થા) રાખવાવાળાઓ જેથી તમો કામિયાબ-સફળ થઈ જાઓ...!'

* '... હે ઈમાનવાળાઓ! તમો ખુદાની હુજુરમાં નિખાલસ હૃદયે તૌબા કરો, ઉમ્મીદ (આશા) છે કે તમારો પરવરદિગાર (સૃષ્ટિનો રચનારો) તમારા ગુનાઓને ક્ષમા પ્રદાન કરી દે.'

- ખુદાની ખુશનુદી માટે પવિત્ર અને નિખાલસ તૌબા કરવી એટલે કે દોજખના ડર અને જન્નતની લાલચથી તૌબા કરવી ન જોઈએ. બલ્કે એ વાતો પર શરમિન્દહ થવું જોઈએ કે મેં ખુદાના હુકમ કેમ ન માન્યો?

* જહન્નમના ખૌફથી ગુનાઓ પર પસેમાન (શર્મિંદા) થવું તૌબા નહીં કહેવાય.

* એવી તૌબા કરવી જોઈએ કે જેને જોઈને બીજા પણ સબક-બોધ હાંસલ કરે.

નસીહત (શીખામણ)ના સંદર્ભમાં સીવણકામના અર્થમાં એ છે કે જે ઈન્સાનનો દીન અર્થાત્ ગુનાઓને કારણે ટુકડે ટુકડા થઈને ફાટી ગયા છે તે તેને તૌબા (પ્રાયશ્ચિત્ત)ના દોરા વડે સીવી શકે છે.

* તૌબા કરનારાઓને 'અવલિયા અલ્લાહ' અર્થાત્ અલ્લાહવાલા પણ કહેવામાં આવ્યા છે.

* નિખાલસ તૌબા કરનારની સિફત (વિશેષતા) બની જાય એટલે કે કોઈ શખસ પોતાની જાતને જ નસીહત કરીને ખાલિસ (નિખાલસ) નિયતથી અને પૂરી રીતે એવી તૌબા-એવું પ્રાયશ્ચિત્ત કરે કે હવે તેના ગુનાઓના તમામ ધબ્બા તેના દિલની દીવાલ પરથી ભૂંસાઈ જાય.

તે પોતાને સખત પરિશ્રમ - કઠોર બંદગીના પાણીથી ધોઈ નાખે અને ગુનાના અંધકારને ઈમાન શ્રદ્ધા-આસ્થાની રોશની અને યકીન-વિશ્વાસના પ્રકાશથી ખતમ કરી નાખે અને નેકી (ભલાઈ)ઓના ઝગમગાટ વડે બૂરાં કામોને બિલ્કુલ ફના (નાશ) કરી નાખે.

- એક બુઝુર્ગ આલિમે દિન (પ્રતિષ્ઠિત, માનવંત ધર્મના જાણકાર) ફરમાવે છે કે ફક્ત અંતરની આરસી પરથી ધુમાડાને દૂર કરવું જ પૂરતું નથી બલ્કે તેને એટલું અજવાળવું જોઈએ કે અપરાધોની કાળાશ તેના પરથી સાફ જ થઈ જાય એ તેની તાબેદારી (આજ્ઞાપાલન)નું નૂર (આભા) વધુ ચમકવા માંડે કેમકે

* જે ગુનાહ તેણે કર્યા હતા તે તેના મન પર મેશની જેમ જામી ગયા છે હવે તેને માંઝવા, ધોવાની કોશિશ કરે અને યાદ રહે કે જેટલી જેટલી ઈબાદત, પ્રાર્થના વધતી જશે તેટલું તેનું મન સ્વચ્છ, ચોખ્ખું થતું જશે. યાદ રહે આ સનાતન સત્ય છે, જે ક્યારે પણ મિથ્યા થતું નથી.

- યાદ રાખવું ઘટે કે જેટલી પણ ગેર ઈસ્લામી હરકતોને અંજામ આપી હશે તો હવે વધુને વધુ પ્રમાણમાં કુરાન, હદીસ, વાયઝ, વ્યાખ્યાન અને એમાં દર્શાવેલ નસીહત તરફ ધ્યાન આપો.

* તૌબા (પ્રાયશ્ચિત્ત) કરો, થયેલા ગુનાઓનું પુનઃરાવર્તન ન થાય તેવો પાકો નિર્ધાર કરો.

* હરામ વસ્તુઓ તરફ મીટ માંડી હતી તો હવે એવી વસ્તુઓને જોવાની કોશિશ કરે કે જેમને જોવું ઈબાદત છે જેમ કે-

* કુરાનની તિલાવત (મધુરકંઠે વાંચન)

* માબાપના ચહેરાની ઝિયારત (દર્શન)

* નેક (સજ્જન) લોકો અને બુઝુર્ગ (આદરપ્રાપ્ત), તરફ નજર, એ જ પ્રમાણે.

* ખુદાની કુદરતની નિશાનીઓને જોઈ જોઈને ઈબ્રત (બોધ, જ્ઞાન) હાંસલ કરો.

- તૌબા-પ્રાયશ્ચિત્ત કર્યા બાદ લોકોના અધિકારો અદા કરે અને પોતાના માલનો સારો એવો ભાગ સદકા-ખૈરાત અર્થાત્ દાન કરે.

* અગર કોઈની ગીબત (નિંદા, ચાડી-ચૂગલી) કરી હતી તો તૌબાના પ્રાયશ્ચિત્ત પછી તે વ્યક્તિના વધુ પ્રમાણમાં વખાણ કરે અને તેની નેકીઓ (સચ્ચાઈ)ના વખાણ ને પણ વધુ પ્રમાણમાં વર્ણવે અને તેની પ્રમાણિકતાઓને પણ વર્ણવે.

- ટૂકમાં જેટલી બુરાઈઓ કરી હતી તેથી અધિક ભલાઈ કરતો રહે અને થયેલી 'ભૂલો' બદલ તૌબા દ્વારા અલ્લાહની, ઈશ્વરની યાચના કરતો રહે.

****

### પ્રેરણાસ્ત્રોતઃ

* અલ્લાહતઆલા સૂરહ (પ્રકરણ) બકરહની આયત (વાક્, કથન)માં ઈરશાદ ફરમાવે છે.

- 'ઈન નલ લાહ યુહિબ બૂત તવ્વાબીન'

* 'બેશક, અલ્લાહ તૌબા કરનારાઓને દોસ્ત બનાવે છે...'

- હઝરત મુહમ્મદ (સલ) ફરમાવે છે કે

* ખુદાપાક મોમિનની તૌબાથી ખુશ થાય છે જે રીતે કે તમારું ખોવાઈ ગયેલું માણસ મળી જતાં કેટલા રાજી થાઓ છો.

'... અને તે લોકોએ એ પ્રમાણે આદત કેળવી લીધી અને તેમની ખરાબીઓની સુધારણા થઈ ગઈ.'

* પોતાના અંતરને તૌબાના પાણીથી એટલું ધુએ, એટલું ધુએ કે એની તૌબાની નિશાનીઓને ગુનેગાર જુએ તો એ પણ તરત તૌબા તરફ માઈલ થઈ જાય - ઢળી જાય. આમન ઈશ્વર સૌનું ભલું કરે.

* તૌબા કરનારો શખસ પછી તે સ્ત્રી હોય કે પુરુષ! ફરજિયાતપણે પોતાના આચરેલા ગુનાઓને નજર સમક્ષ રાખે જેથી દરેક બુરાઈના મુકાબલામાં તૌબા કરી શકેઃ

*'કપડા ધોવે સો કયા હુઆ,*
*દિલ ધોવે સો પાવે...'*

****

### સાપ્તાહિક સંદેશઃ

* ખુદાના સર્જન પર મનન કરો ખુદાની જાત વિશે ન વિચારો, નહીંતર હલાક (મરણને શરણ) થઈ જશો.

**પયગંબરે ઈસ્લામ હુઝુરે અનવર (સલ.)** ■

# સમાજવાદી પક્ષ મહિલાવિરોધી છેઃ મોદી

હરદોઈ (ઉત્તર પ્રદેશ)ઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજવાદી પાર્ટી (એસપી) પર આકરા પ્રહારો કરતા તેના પર મહિલાવિરોધી માનસ ધરાવતા હોવાનો અને ઉત્તર પ્રદેશના લોકોને ગાળો ભાંડતા ડીએમકે જેવા પક્ષો સાથે જોડાણ કરવાનો આક્ષેપ કર્યો હતો.

ગંગા એક્સપ્રેસવેના ઉદ્ઘાટન બાદ જાહેરસભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીને ઉત્તર પ્રદેશની પ્રગતિ ગમતી નથી અને તે રાજ્યને જૂના યુગમાં લઈ જવા માગે છે.

મોદીએ કહ્યું હતું કે એસપીએ એવા ખરડા વિરુદ્ધમાં મતદાન કર્યું જે ૨૦૨૯થી મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં મહિલાઓનો અનામત અપાવવા માગતો હતો. આ પક્ષે એવા પક્ષો સાથે હાથ મિલાવ્યા છે જેણે ઉત્તર ભારતનું પ્રતિનિધિત્વ વધારવાનો વિરોધ કર્યો હતો.

મોદીએ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટી મહિલાવિરોધી માનસ ધરાવે છે અને ઉત્તર પ્રદેશના લોકોને ગાળો ભાંડતા ડીએમકે જેવા પક્ષો સાથે જોડાણ કરે છે.

મોદીએ કહ્યું હતું કે આવા પક્ષો સમાજને વિભાજિત કરે છે અને વિકસાને અટકાવે છે. ઉત્તર પ્રદેશે રાજ્ય પછાત અને કાયદાહીન હોવાની છાપ ભૂંસી નાખી છે. (એજન્સી)

### મેરઠ-પ્રયાગરાજ ગંગા એક્સપ્રેસ-વે

# ૫૯૪ કિલોમીટરનો સફર છ કલાકમાંઃ ખર્ચ ૩૬,૩૨૦ કરોડ

લખનઊઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે મેરઠ ખાતે ૩૬૨૩૦ કરોડ રૂપિયાના ૬ લેન મેરઠ-પ્રયાગરાજ ગંગા એક્સપ્રેસ-વૅનું ઉદઘાટન કર્યું.હાઇ-સ્પીડ કોરિડોરના ઉદઘાટન દરમિયાન, ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ પણ હાજર હતા.

છ લેનનો ગ્રીનફિલ્ડ કોરિડોર, જે આઠ લેન સુધી વિસ્તૃત કરી શકાય છે, તે ૩૬,૨૩૦ કરોડ રૂપિયામાં બનાવવામાં આવ્યો હતો.આ એક્સપ્રેસ-વૅ મેરઠ, હાપુડ, બુલંદશહેર, અમરોહા, સંભલ, બદાયું, શાહજહાંપુર, હરદોઈ, ઉન્નાવ, રાયબરેલી, પ્રતાપગઢ અને પ્રયાગરાજ જેવા ૧૨ જિલ્લામાંથી પસાર થાય છે.

આ પ્રોજેક્ટ રાજ્યના પશ્ચિમ, મધ્ય અને પૂર્વીય પ્રદેશોમાં સીમલેસ હાઇ-સ્પીડ કનેક્ટિવિટી પ્રદાન કરવા માટે રચાયેલ છે.

આ પ્રોજેક્ટ મેરઠ અને પ્રયાગરાજ વચ્ચેની ૫૯૪ કિ.મી.ની મુસાફરીના સમયને વર્તમાન ૧૦-૧૨ કલાકથી ઘટાડીને લગભગ છ કલાક કરવાની અપેક્ષા રાખે છે, જેનાથી પરિવહનમાં સરળતા અને કાર્યક્ષમતામાં વધારો થશે.

# અમે ન હોત તમે ફ્રેન્ચ બોલતા હોતઃ અમેરિકીઓની મજાક ઉડાડી કિંગ ચાર્લ્સે

વૉશિંગ્ટનઃ યુનાઇટેડ કિંગડમના રાજા ચાર્લ્સે મંગળવારે રાત્રે (સ્થાનિક સમય મુજબ) વાઇટ હાઉસમાં સ્ટેટ ડીનરમાં હાજરી આપી હતી. આ દરમિયાન રાજા ચાર્લ્સે સંબોધન દરમિયાન અમેરિકી અંગે મજાક કરી હતી. તેમણે કહ્યું હતું કે જો યુનાઇટેડ કિંગડમ ન હોત તો આજે અમેરિકનો ફ્રેન્ચ બોલતા હોત અને અમે છીએ એટલે તમે અંગ્રેજીમાં બોલો છો.

રાજા ચાર્લ્સે સંબોધન દરમિયાન અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પનો ઉલ્લેખ કરતા કહ્યું.''શ્રીમાન પ્રમુખ, તમે તાજેતરમાં ટિપ્પણી કરી હતી કે જો યુનાઇટેડ સ્ટેટ્સ ન હોત, તો યુરોપિયન દેશો જર્મન બોલતા હોત. હું એમ કહેવા ઈચ્છું છું, જો અમે ના હોત તો, તો તમે ફ્રેન્ચ બોલતા હોત.''

રાજા ચાર્લ્સે કહ્યું, ''અલબત્ત, બંને દેશોના લોકો આપણા ફ્રેન્ચ ભાઈઓને ખૂબ પ્રેમ કરીએ છીએ.'' યુકે, ફ્રાંસ અને અમેરિકા ત્રણેય દેશો સાથે જોડાયેલા લાંબા ઇતિહાસ અંગે રાજા ચાર્લ્સે આ મજાક કરી હતી. યુએસ દેશ અસ્તિત્વમાં આવ્યો એ પહેલા ઉત્તર અમેરિકા ખંડના મોટા ભાગના પ્રદેશ પર ફ્રાન્સનો કબજો હતો, જેને ''ન્યુ ફ્રાન્સ'' તરીકે ઓળખવામાં આવતું હતું, જ્યારે કેટલાક પ્રદેશો પર બ્રિટનનો કબજો જતો.

# દ્વેષભાવવાળા પ્રવચન સામે કાર્યવાહી કરવા પૂરતા કાયદા છેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે બુધવારે જણાવ્યું હતું કે દ્વેષભાવવાળા પ્રવચન સામે કાયદેસર કાર્યવાહી કરવા હાલમાં પૂરતા ફોજદારી કાયદા છે અને તેથી આ સંબંધમાં અન્ય કોઇની દરમિયાનગીરી જરૂરી નથી.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ સંદીપ મહેતાની બૅન્ચે દ્વેષભાવને લગતી અનેક અરજીની સુનાવણી કર્યા બાદ જસ્ટિસ નાથે આ સંબંધમાં ચુકાદો આપતા જણાવ્યું હતું કે અમે આ કિસ્સામાં કોઇ પણ પ્રકારની દખલગીરી કરવાનો ઇનકાર કરીએ છીએ. દ્વેષભાવવાળા પ્રવચન કરનારી વ્યક્તિઓ સામે પગલાં લેવા હાલમાં પૂરતા કાયદા છે જ. અદાલત પાસે નવા કાયદા ઘડવાની સત્તા નથી. કોર્ટ માત્ર કાયદાનું યોગ્ય અર્થઘટન કરીને ચુકાદો આપી શકે છે.બૅન્ચે જણાવ્યું હતું કે ધાર્મિક લાગણી દુભાવતા કે બે કોમ વચ્ચે દ્વેષભાવ ફેલાવતા પ્રવચન સામે કાર્યવાહી કરવા અગાઉની ભારતીય દંડસંહિતામાં પણ પૂરતી જોગવાઇ હતી. અગાઉના ક્રિમિનલ પ્રૉસિજર કૉડ અને હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩માં આ સંબંધમાં કાનૂની કાર્યવાહી કરવા વ્યાપક જોગવાઇ છે.બૅન્ચે જણાવ્યું હતું કે પોલીસ માટે આવા ગુનાને દખલપાત્ર ગુનો ગણીને પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધવો ફરજિયાત છે. (એજન્સી)

# પાનમસાલા - ગુટકા હવે કાગળના પાઉચમાં મળશે

નવી દિલ્હીઃ કેન્દ્ર સરકારે પાનમસાલાના ઉત્પાદનોનું પ્લાસ્ટિક પેકિંગ બદલવાની તૈયારી કરી છે. નાના પ્લાસ્ટિકના પાઉચ પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે અને હવને તે કાગળના પેકિંગમાં મળશે.

એફએસએસએઆઇ દ્વારા આ અંગે એક ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. નવા ફેરફારની સીધી અસર પાન મસાલા અને તમાકુ ઉદ્યોગ પર પડી શકે છે. સરકાર આ માટે પ્લાસ્ટિકનો ઉપયોગ જડમૂળથી ખતમ કરવા ઈચ્છે છે.

નવા ડ્રાફ્ટ નિયમો અનુસાર, પાન મસાલા અને ગુટકા જેવી પ્રોડક્ટ્સ હવે કોઈ પણ પ્રકારના પ્લાસ્ટિક પેકેટ કે સેશેમાં વેચી શકાશે નહીં. આ બાબતે સરકારનું વલણ ઘણું કડક છે. ડ્રાફ્ટમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે પેકેજિંગ માટે પ્લાસ્ટિક, પોલિથિન અથવા પીવીસી જેવી કોઈપણ સિન્થેટિક સામગ્રીનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે. એટલું જ નહીં, જે પ્રોડક્ટ્સ અવારનવાર એલ્યુમિનિયમ ફોઇલના ચમકદાર પેકિંગમાં મળતી હતી, તેના પર પણ પ્રતિબંધ મૂકવાનો પ્રસ્તાવ છે.

પ્લાસ્ટિક પર પ્રતિબંધ આવ્યા બાદ આ ઉત્પાદનો શેમાં વેચવા તે અંગે પ્રશ્ન પણ સામે આવ્યો છે. આ માટે સરકારે કુદરતી અને રિસાયકલ કરી શકાય તેવી સામગ્રીનો વિકલ્પ આપ્યો છે. હવે પાન મસાલા કંપનીઓએ પેપર, પેપર બોર્ડ અથવા સેલ્યુલોઝ જેવી કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવો પડશે. આ સિવાય, ટીનના કન્ટેનર અને કાચની બોટલો કે ડબ્બાઓના ઉપયોગની મંજૂરી આપવામાં આવી શકે છે.

# હાઈ કોર્ટની ઓનલાઈન કાર્યવાહીને વારંવાર હેક કરીને અશ્લીલ વીડિયો બતાડાયો


નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ બુધવારે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી કાર્યવાહી ચાલુ હતી ત્યારે ત્રણ વાર એને ખોરવીને એમાં અશ્લીલ અને અયોગ્ય સામગ્રી બતાડવામાં આવી હતી. આ વિક્ષેપ પછી દિલ્હી વડી અદાલતના વહીવટીતંત્રે દિલ્હી પોલીસના ઈન્ટેલિજન્સ ફ્યુઝન ઍન્ડ સ્ટ્રેટેજિક ઑપરેશન્સ (આઈએફએસઓ)ને ફરિયાદ કરીને બનાવની તપાસ કરવાનું કહ્યું હતું. આ વિક્ષેપો કેમ થયા અને અદાલતની ઓનલાઈન સુનાવણીની સિસ્ટમમાં કઈ રીતે હેક કરાઈ છે એની પ્રાથમિક તપાસ શરૂ કરવામાં આવી છે.

દિલ્હી પોલીસના અધિકારીઓ કહ્યું હતું તે આ બાબતની માહિતી મળી છે અને આ કેસ હજી પ્રાથમિક તબક્કામાં છે. આ બાબતની તપાસ શરૂ કરાઈ છે અને તપાસ આગળ વધશે એમ તેની વધુ વિગતો અપાશે.

અશ્લીલ સામગ્રી વારંવાર બતાડવામાં આવી હતી. અદાલતના જીવંત પ્રસારણ વખતે આ વિક્ષેપો થયા હતા અને આને લીધે સામાન્ય સુનાવણીમાં અનેક વિક્ષેપો આવ્યા હતા.

સુનાવણીના એક તક્કે એવો સંદેશો આવ્યો હતો કે 'તમને હેક કરવામાં આવ્યા છે.' આને લીધે ઓનલાઈન કોર્ટરૂમમાં હાજર લોકોમાં ચિંતા ફેલાઈ હતી. એવો ઓટોમેટિક ઓડિયો મેસેજ સંભળાયો હતો કે સિસ્ટમને હેક કરવામાં આવી છે. સંદેશાનો સોર્સ, સચ્ચાઈ અને હેતુની સ્વતંત્ર રીતે તપાસ થઈ નથી. સાયબર યુનિટે લોગ્સ, એક્સેસ રેકોર્ડ તપાસ્યા હતા. (એજન્સી)

# ઇ-સિગારેટ પીવા બદલ રિયાન પરાગને બીસીસીઆઇનું અલ્ટિમેટમ



નવી દિલ્હી: પંજાબ કિંગ્સની ટીમ આ સીઝનમાં પહેલી વખત પરાજિત થઈ અને એ સફળતા રાજસ્થાન રૉયલ્સે મંગળવાર, ૨૮મી એપ્રિલે ન્યૂ ચંડીગઢમાં મેળવી હતી, પરંતુ આ સિદ્ધિની ટીમ દ્વારા પૂરી ઉજવણી થાય એ પહેલાં જ વિજેતા ટીમના કૅપ્ટન રિયાન પરાગે મોટો વિવાદ ઊભો કર્યો જેમાં તેણે ડ્રેસિંગ-રૂમમાં વૅપિંગ (ઇ-સિગારેટ) પીધી એનો વીડિયો વાઇરલ થયો અને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ તેને આ વિષયમાં ખુલાસો કરવાનું અલ્ટિમેટમ આપ્યું છે.

આઇપીએલની એક સીઝન રમવાના રાજસ્થાનના ફ્રેન્ચાઇઝી પાસેથી ૧૪ કરોડ રૂપિયા મેળવતા રિયાન પરાગની આ હરકતથી ક્રિકેટ-નિષ્ણાતો તેમ જ ક્રિકેટચાહકો નિરાશ અને ક્રોધિત છે. રિયાન પરાગ વૅપિંગનું સેવન કરી રહ્યો હતો એ ક્ષણનો વીડિયો વાઇરલ થતાં આખો મામલો જોત જોતામાં વિશ્વ સ્તરે ચગી ગયો છે. એ સમયે ડ્રેસિંગ-રૂમમાં યશસ્વી જયસ્વાલ અને ધ્રુવ જુરેલ પણ હાજર હતા.

નવાઈની વાત એ છે કે રાજસ્થાને મંગળવારે ઑલરાઉન્ડ પર્ફોર્મન્સ સાથે ૨૨૩ રનનો લક્ષ્યાંક ૧૯.૨ ઓવરમાં ૪/૨૨૮ના સ્કોર સાથે મેળવી લીધો હતો. રાજસ્થાને પંજાબને છ વિકેટથી હરાવ્યું એને પગલે એક તરફ રાજસ્થાનની ટીમના ચાહકો વિજયની ઉજવણી કરી રહ્યા હતા ત્યાં બીજી બાજુ કૅપ્ટન રિયાનની ઑફ-ધ-ફીલ્ડ કરતૂતને લીધે રાજસ્થાનની ટીમનું નામ ક્રિકેટના ફલક પર વગોવાઈ જવાની શરૂઆત થઈ ગઈ હતી. રિયાને ડ્રેસિંગ-રૂમમાં ચુપકીદીથી ઇ-સિગારેટ પીધી એનો વીડિયો વાઇરલ થતાં તેની પોલ ખુલ્લી પડી ગઈ છે. તેણે અગાઉ આવું ક્યારે અને કેટલી વખત કર્યું એની તપાસ બીસીસીઆઇ દ્વારા થશે. રાજસ્થાનની ટીમ અગાઉથી જ વિવાદમાં છે. ટીમના મૅનેજર રૉમી ભિંડરે તાજેતરમાં ડગઆઉટમાં મોબાઇલનો ઉપયોગ કર્યો એ બદલ બીસીસીઆઇએ તેમને એક લાખ રૂપિયાનો દંડ કર્યો હતો. હવે રિયાન પરાગની વધુ ગંભીર કરતૂત થઈ છે.

### વૅપિંગ શું છે?

વૅપિંગ એટલે ઇલેક્ટ્રૉનિક સિગારેટ (ઇ-સિગારેટ)નું સેવન જેમાં વેપ જેવા બૅટરી-સંચાલિત જેવા ઉપકરણોના માધ્યમ દ્વારા નિકોટિન, ફલેવર (સ્વાદ) કે અન્ય રસાયણોથી બનેલા ઍરોસોલ (ધુમાડો)ને શ્વાસમાં લેવામાં આવે છે. ભારતમાં વૅપિંગ પર પ્રતિબંધ છે અને એના સેવનથી ફેફસાંનું કૅન્સર થવાની સંભાવના રહે છે. એમાં તમાકુ નથી હોતું, પણ બીજા રસાયણો સ્વાસ્થ્ય માટે હાનિકારક બને છે.

### અગાઉ કયા ખેલાડીઓએ આવો વિવાદ જગાવેલો?

(૧) ૨૦૨૦ની આઇપીએલમાં આરૉન ફિન્ચ રાજસ્થાન-બેંગ્લૂરુની મૅચ દરમ્યાન ડ્રેસિંગ-રૂમમાં વૅપિંગ (ઇ-સિગારેટનું સેવન) કરી રહેલો લાઇવ-ટેલિકાસ્ટ દરમ્યાન કૅમેરામાં ઝડપાઈ ગયો હતો.

(૨) આ વર્ષની શરૂઆતમાં સાઉથ આફ્રિકાની એસએ૨૦ નામની લીગ દરમ્યાન એબી ડિવિલિયર્સ વીઆઇપી સ્ટૅન્ડમાં વૅપિંગમાં મશગૂલ દેખાયો હતો. તે કૅમેરામાં ઝડપાઈ ગયો એની જાણ થતાં તેના ચહેરા પર ભયભીતના ભાવ જોવા મળ્યા હતા.

(૩) ન્યૂ ઝીલૅન્ડના બ્રેન્ડન મૅક્લમે ૨૦૧૫ના વર્લ્ડ કપની સેમિ ફાઇનલ દરમ્યાન ટૉઇલેટમાં સ્મોકિંગ કર્યું હતું.

(૪) ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર બેન સ્ટૉક્સે ૨૦૧૯માં વર્લ્ડ કપની ફાઇનલ વખતે લૉર્ડ્સના સ્મોકિંગ કર્યું હતું.

### રિયાનનો મામલો કેમ છે ગંભીર?

રિયાન પરાગનો મામલો ગંભીર માનવામાં આવે છે. આઈપીએલના નિયમો મુજબ, ડ્રેસિંગ-રૂમ કે ડગઆઉટમાં સ્મોકિંગ, જેમાં ઈ-સિગારેટ અને વેપ પણ સામેલ છે તે પૂરી રીતે પ્રતિબંધિત છે. આ મામલાની તપાસ બીસીસીઆઇ અને આઇપીએલની ગવર્નિંગ કાઉન્સિલ કરી રહી છે.

### ભારતમાં શું છે સજાની જોગવાઈ

ભારતમાં વૅપિંગ ડિવાઈસ ગેરકાનૂની છે. નિયમોના ભંગ બદલ ૬૦ હજારથી પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ તથા છ મહિનાથી ૩ વર્ષ સુધીની જેલની જોગવાઈ છે. ■

# ટ્રૅવિસની તડાફડી પછી ક્લાસેને કાળો કેર વર્તાવ્યો: હૈદરાબાદ વધુ મજબૂત, મુંબઈ ડગુમગુ

મુંબઈ: સનરાઇઝર્સ હૈદરાબાદે અહીં વાનખેડેમાં બુધવારે મુંબઈ ઇન્ડિયન્સને છ વિકેટથી હરાવીને પ્લે-ઑફ માટેની રેસમાં મુંબઈનું ટકવું વધુ મુશ્કેલ બનાવી દીધું હતું. ૨૪૪ રનના પડકારરૂપ લક્ષ્યાંક સામે હૈદરાબાદે ૧૮.૪ ઓવરમાં ચાર વિકેટે ૨૪૯ રન બનાવ્યા હતા. પૉઇન્ટ્સ-ટેબલમાં અગાઉ ચોથા સ્થાન સુધી આવ્યા બાદ પ્રગતિ કરી હતી. અગાઉ વાનખેડેમાં હૈદરાબાદનો મુંબઈ સામે હાર-જીતનો રેશિયો ૭-૨નો હતો જે હવે હૈદરાબાદની જીત સાથે સુધરીને હવે ૭-૩નો થઈ ગયો છે. ટ્રૅવિસ હેડ (૭૬ રન, ૩૦ બૉલ, આઠ સિક્સર, ચાર ફોર) અને હિન્રિક ક્લાસેન (૬૫ અણનમ, ૩૦ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) હૈદરાબાદના બે ટૉપ-સ્કોરર હતા. જોકે આ જીતમાં અભિષેક શર્મા (૪૫ રન, ૨૪ બૉલ, ત્રણ સિક્સર, ચાર ફોર)નું પણ સારું યોગદાન હતું. સલિલ અરોરા (૩૦ રન, ૧૦ બૉલ, ત્રણ સિક્સર, બે ફોર) ક્લાસેનની સાથે અણનમ રહ્યો હતો.

**આજે કઈ મૅચ?**
ગુજરાત વિરુદ્ધ બેંગ્લૂરુ, અમદાવાદ, સાંજે ૭.૩૦

હૈદરાબાદે લક્ષ્યાંક મળ્યા બાદ ધમાકેદાર શરૂઆત કરી હતી અને આઠમી ઓવરના અંત સુધી બધુ બરાબર ચાલી રહ્યું હતું, પણ નવમી ઓવરમાં અફઘાનિસ્તાનના સ્પિનર ગઝનફરે અભિષેક શર્માને આઉટ કર્યો હતો. ૧૨૯મા રન પર આઉટ થતાં તે પૅવિલિયનમાં જઈને માંડ ઠરીઠામ થયો ત્યાં તો એ જ ટોટલ પર ઇશાન કિશન (૦) તેની બાજુમાં આવીને ગોઠવાઈ ગયો હતો. તે ગઝનફરના બૉલ પર ક્લીન બોલ્ડ થયો હતો. જોકે ગઝનફર હૅટ-ટ્રિક લેવામાં સફળ નહોતો થયો. ત્યાર પછીની ઓવર ખુદ હાર્દિકે કરી હતી જેમાં તેણે ટ્રૅવિસ હેડની વિકેટ લીધી હતી. તેને હાર્દિકે વિલ જૅક્સના હાથમાં કૅચઆઉટ કરાવ્યો હતો. જોકે મુંબઈના રાયન રિકલ્ટન અને વિલ જૅક્સ વચ્ચે ૭.૧ ઓવરમાં ૯૩ રનની જે ભાગીદારી થઈ હતી એની સામે ટ્રૅવિસ-અભિષેક (ટ્રૅવિષેક)ની જોડીએ ૮.૪ ઓવરમાં ૧૨૯ રનની પાર્ટનરશિપ કરી હતી.

એ પહેલાં, તળિયાના સ્થાનવાળા મુંબઈના દાવમાં રાયન રિકલ્ટન (૧૨૩ અણનમ, પંચાવન બૉલ, આઠ સિક્સર, દસ ફોર) સુપર હીરો હતો. વિલ જૅક્સને આ વખતે પહેલી જ વખત રમવાનો મોકો મળ્યો અને તેણે બાવીસ બૉલમાં ત્રણ છગ્ગા તથા પાંચ ચોગ્ગાની મદદથી ૪૬ રન બનાવ્યા હતા.

# પંજાબને પહેલી વાર પરાજયનો દરવાજો બતાવનાર શુભમ દુબે વિશે જાણો...

ન્યૂ ચંડીગઢ: શુભમ દુબે માટે ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) નવી નથી, કારણકે તે ત્રણ વર્ષથી રાજસ્થાન રૉયલ્સ (આરઆર) વતી રમે છે, પરંતુ મંગળવારે અહીં મુલ્લાંપુરના સ્ટેડિયમમાં તે જે યાદગાર ઇનિંગ્સ રમ્યો એને લીધે આ વખતની સીઝનના ઊભરતા સિતારાઓમાં તેનું નામ પણ જોડાઈ ગયું છે. પંજાબ કિંગ્સની ટીમ મંગળવાર પહેલાં અપરાજિત રહેલી આ વખતની એકમાત્ર ટીમ હતી, રાજસ્થાન રૉયલ્સની ટીમ એને હરાવનાર પ્રથમ ટીમ બની છે અને એનો જશ ખાસ કરીને સ્પિનર યશ રાજ પુન્જા (બે વિકેટ) તેમ જ પેસ બોલર્સ જોફ્રા આર્ચર (એક વિકેટ) અને નેન્દ્રે બર્ગર (એક વિકેટ) ઉપરાંત ઓપનર્સ યશસ્વી જયસ્વાલ (૫૧ રન), વૈભવ સૂર્યવંશી (૪૩ રન), ડૉનોવાન ફરેરા (બાવન અણનમ) ઉપરાંત બૅટ્સમૅન શુભમ દુબે (૩૧ અણનમ)નો પણ સમાવેશ હતો.



### ૫.૮૦ કરોડ પછી હવે ૮૦ લાખ રૂપિયા મળે છે

શુભમ બદરીપ્રસાદ દુબે ૩૧ વર્ષનો છે. તે મહારાષ્ટ્રના યવતમાલનો છે. તે લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન છે અને રણજી ટ્રોફીમાં વિદર્ભ વતી રમે છે. રાજસ્થાનના ફ્રેન્ચાઇઝીએ તેને ૮૦ લાખ રૂપિયામાં મેળવ્યો છે. જોકે ૨૦૨૪ની સીઝન પહેલાં રાજસ્થાને તેને હરાજીમાં ૫.૮૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. શુભમે કરીઅરમાં કુલ ૪૧ ટી-૨૦ મૅચમાં

બે સેન્ચુરીની મદદથી કુલ ૮૦૮ રન કર્યા છે. શુભમ દુબે વિદર્ભની 'બાપુના કપ' ટૂર્નામેન્ટથી ફેમસ થયો હતો. તેણે ૨૦૨૩ની સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ૧૮૭.૨૮ના સ્ટ્રાઇક-રેટથી ૨૨૧ રન કર્યા હતા. તેણે ૨૦૨૪ની આઇપીએલમાં ૧૭૩.૬૮ના સ્ટ્રાઇક-રેટથી અને ૨૦૨૫ની સીઝનમાં ૧૬૦.૬૦ના સ્ટ્રાઇક-રેટથી રન બનાવ્યા હતા.

### સંગકારાએ બેહદ વખાણ કર્યા છે

રાજસ્થાનના હેડ-કોચ સંગકારાએ શુભમ દુબેને ખૂબ જ કુશળતાવાળા બૅટ્સમૅન તરીકે ઓળખાવ્યો છે. તેણે કહ્યું, 'અત્યારે સૌનું ધ્યાન વૈભવ પર છે એમાં કોઈ શંકા નથી. કારણ એ છે કે તે અદ્ભુત બૅટ્સમૅન છે, પણ હું મારી ટીમ પર નજર કરું છું તો મને વૈભવ ઉપરાંત યશસ્વી, રિયાન, જુરેલ, ફરેરા તેમ જ શુભમ દુબેમાં પણ ભરપૂર ટૅલન્ટ દેખાય છે. રવીન્દ્ર જાડેજા અને દાસુન શનાકા પણ ટીમના સ્તંભ છે જ. શુભમ દુબેને પંજાબ સામે ઇમ્પૅક્ટ પ્લેયર તરીકે રમાડવામાં આવ્યો હતો. સબસ્ટિટ્યૂટ તરીકે મૅચમાં ક્યારે અને કોના બદલે રમાડવામાં આવશે એ નક્કી નથી હોતું એટલે એ માટે આવા ખેલાડીએ હંમેશાં મનને મજબૂત રાખવું પડે છે અને મેદાન પર ઊતરવા માટે તૈયાર રહેવું પડે છે.'

### ફરેરાને છેક સુધી સાથ આપ્યો

લગભગ ૧૫૦ ટી-૨૦ મૅચના અનુભવી સાઉથ આફ્રિકન ખેલાડી ડૉનોવાન ફરેરાને શુભમ દુબેએ રાજસ્થાનના વિજય સુધી સાથ આપ્યો હતો. શુભમે ફક્ત ૧૨ બૉલમાં બે છગ્ગા અને ત્રણ ચોગ્ગાની મદદથી ૩૧ રન કર્યા હતા અને આઉટ નહોતો થયો. તેણે પાંચમી વિકેટ માટે ફરેરા સાથે ૭૭ રનની અતૂટ ભાગીદારી કરી હતી. ■

## કોઠારીએ વર્લ્ડ બિલિયર્ડ્સનું ટાઇટલ સદગત પિતાને અર્પણ કર્યું



મૂળ કોલકાતાના સૌરવ કોઠારીએ આયરલૅન્ડમાં રમાયેલી આઇબીએસએફ વર્લ્ડ બિલિયર્ડ્સ ચૅમ્પિયનશિપમાં ભારતના જ પંકજ અડવાણીને વન-સાઇડેડ ફાઇનલમાં હરાવીને ટાઇટલ જીતી લીધું છે. કોઠારીએ અડવાણીને ત્રણ કલાક સુધી ચાલેલા નિર્ણાયક મુકાબલામાં ૧૧૩૩-૪૭૭થી હરાવ્યો હતો. ખરેખર તો સૌરવ કોઠારીએ સતત બીજી વખત આ ટાઇટલ જીતી લીધું છે. આ વર્ષની શરૂઆતમાં ભારતના ભૂતપૂર્વ વર્લ્ડ બિલિયર્ડ્સ ચૅમ્પિયન મનોજ કોઠારીનું અવસાન થયું હતું. સૌરવ કોઠારી તેમનો પુત્ર છે અને સૌરવે ટાઇટલ જીત્યા પછી કહ્યું, 'મેં મારા પિતાનું સપનું પૂરું કર્યું. હું આ ટાઇટલ તેમને અર્પણ કરું છું.' ■

## ચૅમ્પિયન્સ લીગની હાઇએસ્ટ સ્કોરિંગ સેમિમાં પીએસજી જીત્યું

પૅરિસમાં ચૅમ્પિયન્સ લીગની સેમિ ફાઇનલના ઇતિહાસમાં નવો ઇતિહાસ સર્જાયો હતો જેમાં પીએસજીએ બાયર્ન મ્યૂનિકને ૫-૪થી હરાવ્યું હતું. સેમિ ફાઇનલ રાઉન્ડનો આ પ્રથમ મુકાબલો હતો અને હજી બન્ને ટીમ વચ્ચે આવતા અઠવાડિયે બીજો સેમિ મુકાબલો પણ થશે. પીએસજી વતી ખ્વીચા તથા ડેમ્બેલેએ બે-બે ગોલ કર્યા હતા અને નેવીસે એક ગોલ કર્યો હતો.

## ગુજરાત

# અંગ દઝાડતી ગરમી વચ્ચે ગુજરાતના પાટણમાં વરસાદી ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કર્ણાટકના બેંગલોરમાં વરસાદી વાતાવરણ જામ્યાના અહેવાલો વચ્ચે ગુજરાતના પાટણમાં પણ વરસાદ વરસ્યો હતો. ગુજરાતના મોટાભાગના શહેરોમાં ૪૦થી ૪૩ ડિગ્રી જેટલી ગરમી છે અને છેલ્લા ત્રણ ચાર દિવસથી સખત તાપ શહેરીજનો સહન કરી રહ્યા છે, તેવામાં પાટણમાં હવામાન બદલાયું હતું અને વરસાદના જોરદાર ઝાપટાં આવ્યા હતા. મળતી માહિતી અનુસાર સિદ્ધપુર અને સરસ્વતી તાલુકામાં તોફાની પવન સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાયું હોવાના વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. જોકે પાટણ સિવાય અન્ય સ્થળોએ વરસાદ વરસ્યાના અહેવાલો મળ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં છેલ્લા ત્રણેક દિવસથી અમદાવાદ સહિતના શહેરોમાં ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી ગયો હતો. બુધવારે ગરમીમાંથી થોડી રાહત શહેરીજનોએ અનુભવી હતી. રાજકોટમાં ૪૩ ડિગ્રી જ્યારે અમદાવાદમાં ૪૨.૬, અમરેલીમાં ૪૨.૧, ગાંધીનગરમાં ૪૨.૨, વડોદરા, ભાવનગર ડિસામાં ૪૦ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું. ■

# રાજકોટ મનપાના વોર્ડ નંબર ૮માં વિજેતાની જાહેરાત સામે ઊઠ્યો વાંધો, અનામતના નિયમનો ભંગ થયો?

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીનાં પરિણામો મંગળવારે જાહેર થયાં હતાં. આ પરિણામો બાદ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નંબર ૮નાં આમ આદમી પાર્ટીનાં ઉમેદવાર શારદાબહેન અશોકભાઈ ભલાણીએ ચૂંટણીનાં પરિણામો જાહેર કરવામાં ભૂલ થઈ હોવાનો મુદ્દો ઉઠાવીને પોતાને વિજેતા જાહેર કરવાની માગ કરતી અરજી ચૂંટણી અધિકારીને આપી છે. તેમણે અનામતના નિયમોનો કથિત ભંગ થયો હોવાનો આક્ષેપ એક લેખિત અરજી દ્વારા કર્યો હતો. શારદાબહેને દલીલ કરી હતી કે, વોર્ડ નંબર ૮માં મહિલા અનામત બેઠક પર વિજેતા જાહેર કરાયેલાં ભાજપનાં કિરણબહેન મહેશભાઈ માકડિયાને સૌથી વધારે મત મળ્યા હોવાથી તેમને સામાન્ય બેઠક પરનાં વિજેતા ઉમેદવાર જાહેર કરવાં જોઈએ. બાકી રહેલી મહિલા ઉમેદવારોમાં પોતાને ત્રીજા નંબરે સૌથી વધારે મત મળ્યા હોવાથી પોતાને જનરલ કેટેગરીમાં મહિલાઓ માટેની બેઠકનાં વિજેતા જાહેર કરવાં જોઈએ. શારદાબહેન ભલાણીને કુલ ૩,૭૨૨ મત મળ્યા છે જ્યારે મહિલા અનામત બેઠક પર વિજેતા જાહેર કરાયેલાં ભાજપનાં કિરણબહેન મહેશભાઈ માકડિયાને સૌથી વધારે ૧૬,૭૪૪ મત મળ્યા છે. ચૂંટણી અધિકારીએ વોર્ડ નંબર ૮માં સામાન્ય પુરૂષ કેટેગરી માટેની બેઠક પર ભાજપના મનીષભાઈ રસિકભાઈ ભટ્ટને વિજેતા જાહેર કર્યા છે. ભટ્ટને ૧૪,૬૪૪ મત મળ્યા છે. આ ઉપરાંત એસસી માટેની બેઠક પર ભાજપના પ્રવીણભાઈ સેંગલિયા ૧૪,૩૫૭ મત મેળવીને જ્યારે મહિલા સામાન્ય બેઠક પર રીટાબહેન સખિયા ૧૫,૫૪૬ મત મેળવીને વિજેતા થયાં છે. તેમણે દલીલ કરી હતી કે કિરણબેન સામાન્ય બેઠક પરથી જ વિજેતા જાહેર થવા જોઈએ. ત્યારબાદ રીટાબહેન અને ત્યારબાદ અરજકર્તા એટલે કે શારદાબહેન સ્ત્રી ઉમેદવાર તરીકે વિજેતા જાહેર થવા જોઈએ. તેમની અરજી અનુસાર મનીષભાઈને સામાન્ય બેઠક પર વિજેતા જાહેર ન કરતા તેમનાથી વધારે મત મેળવનાર કિરણબેનને નિયમો અનુસાર વિજેતા જાહેર કરવા જોઈએ.

આ અંગે ચૂંટણી પંચના અધિકારી સાથે વાતચીત કરવાની કોશિશ કરી હતી, પરંતુ તેમનો ફોન નિરુત્તર રહ્યો હતો. ■

# વાપીમાં ઓવરબ્રિજ પર લટકી પડેલા કન્ટેનરમાં આગ લાગતા ભયાવહ દ્દશ્યો સર્જાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઉદ્યોગો માટે જાણીતા વાપી જીઆઈડીસીમાં એક વિચિત્ર ઘટના ઘટી હતી. અહીં ઓવરબ્રિજ પર ટેમ્પો અને કેમિકલ ભરેલા કન્ટેનર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત બાદ કન્ટેનર ઓવરબ્રિજ પર લટકી પડ્યું હતું. કન્ટેઈનર કેમિકલથી ભરેલું હોવાથી તેમાં ભયંકર આગ લાગી હતી. બ્રિજ પર ભડભડ બળતું લટકતું કન્ટેઈનર લાંબો સમય સુધી રહ્યું હતું અને તેમાંથી નીકળતા ધુમાડાના ગોટેગોટાને લીધે ભયાવહ દ્દશ્યો સર્જાયાં હતાં. અકસ્માતને લઈને પોલીસે સાવચેતીના ભાગરૂપે મુંબઈ-સુરત ટ્રેક ઉપર વાહન વ્યવહાર બંધ કરી દીધો હતો. નેશનલ હાઈ વે ૪૮ પર આ ઘટના બન્યા બાદ મુંબઈ સુરત વચ્ચેના ટ્રાફિકને અસર થઈ હતી. ઘટનાને પગલે ફાયરની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આ દુર્ઘટનામાં જાનહાનિ ન થઈ હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ■

# નેશનલ હાઈ વે ૪૮ લોહીલુહાણ: બે રોડ અકસ્માતમાં નવ જણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં મંગળવારે મોડી રાત્રે અને બુધવારે સવારે ઘટેલી અકસ્માતોની બે ઘટનામાં નવ જણના જીવ ગયા છે. આ બન્ને અકસ્માત અલગ અલગ સ્થળ પર નેશનલ હાઈ વે ૪૮ પર થયા હતા.

બુધવારે સવારે ઉત્તર ગુજરાતમાં નેશનલ હાઈ વે ૪૮ પર હિંમતનગર નજીક જવાનગઢ પાટિયા પાસે એક ઝડપથી આવતી ખાનગી બસે કારને ટક્કર મારતા છ જણનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. આ ટક્કર એટલી ભયાનક હતી કે કાર કાગળની જેમ ડૂચ્ચો વળી ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, અકસ્માત સમયે ભોગ બનનારાઓ મોડાસાના સરદોઈ ગામના રહેવાસી હતા અને કૂપ તરફ જઈ રહ્યા હતા. ઘાયલોને ૧૦૮ એમ્બ્યુલન્સમાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. માહિતી મળતાં જ ગાંભોઈ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી, મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા અને કેસ નોંધ્યો હતો. વધુ તપાસ ચાલુ છે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ ટક્કરને કારણે શામળાજી-અમદાવાદ હાઇવે પર ટ્રાફિક ખોરવાઈ ગયો હતો. બાદમાં અધિકારીઓએ ક્રેનની મદદથી રસ્તો સાફ કરવો પડ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે હાઇવે ડિવાઇડર પર ગેરકાયદે કટને કારણે આ અકસ્માત થયો હશે.

જ્યારે અન્ય એક ગમખ્વાર અકસ્માતમાં સુરતના વરાછા વિસ્તારના ત્રણ યુવાનની કારને નેશનલ હાઈ વે ૪૮ પાસે જાંબુઆ બ્રિજ નજીક અકસ્માત નડ્યો હતો. ત્રણેય મૃત યુવાન ભાવનગર ખાતે મોગલ ધામમાં એક ધાર્મિક પ્રસંગમાં હાજરી આપવા જતા હતા. તેમની કાર આઈસક્રીમ ટ્રક સાથે અથડાઈ હતી, જે ઊંધી દિશામાંથી આવી રહ્યો હતો. આ અકસ્માત પણ એટલો ભયાનક હતો કે કાર આખી દબાઈ ગઈ હતી.

મૃતકોની ઓળખ ગોપાલભાઈ કોહાભાઈ કામલીયા (૨૩), યોગેશ કિશોરભાઈ ચાવડા (૨૪) અને આશિષભાઈ પરમાર (૨૮) તરીકે થઈ છે. અન્ય બે, હમીરભાઈ ભુરાભાઈ ભુવા અને દિલીપભાઈ જેઠવા, ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમને સારવાર માટે એસએસજી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■

# સુરતમાં આર્ય અને વસુધાની જોડી તૂટી, કિડનીની બીમારી સામે આર્ય જંગ હાર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ઘણા પ્રાણીઓની જોડીઓ જગજાહેર હોય છે અને તેમને જોવા આવતા લોકો માટે આકર્ષણનું કેન્દ્ર હોય છે. સુરતના સરથાણા નેચર પાર્કમાં મુલાકાતીઓ ખાસ સિંહ-સિંહણની જોડી આર્ય અને વસુધાને જોવા આવતા હતા. જોકે આર્યનું મોત થવાથી આ જોડી મંગળવારે તૂટી ગઈ હોવાના દુઃખદ સમાચાર મળ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આર્ય છેલ્લા કેટલાક સમયથી કિડનીની ગંભીર બીમારીથી પીડાતો હતો અને તેની સારવાર ચાલી રહી હતી. સાવજે બીમારી સામે લાંબી લડત લડી હતી, પરંતુ અંતે મંગળવારે તેનું મોત થયાનું જાણવા મળ્યું હતું. તેના મોતના સમાચાર અહીંના કર્મચારીઓ અને વારંવાર આવતા મુલાકાતીઓ માટે ખૂબ જ દુઃખદાયી હતા.

મળતી માહિતી અનુસાર સુરત મનપાએ વર્ષ ૨૦૨૦માં રાયપુરથી પ્રાણી વિનિમય કાર્યક્રમ હેઠળ આર્યને અહીં લાવ્યો હતો. આર્યને સિંહણ વસુધા સાથે રાખવામાં આવ્યો હતો. બંનેને જોવા અહીં બાળકો સહિત મુલાકાતીઓ મોટી સંખ્યામાં આવતા હતા. થોડા સમય પહેલા તેને પગમાં ઈજા થઈ હતી અને તેની સારવાર દરમિયાન તબીબી અહેવાલો બહાર આવતા તેને કિડનીની બીમારી હોવાનું જાણવા મળ્યું હતું. ■

# અમદાવાદમાં મૃતક શબનમના અવશેષ મળ્યા, ૩૫ વર્ષ જૂની હત્યાનો ભેદ ઉકેલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં લગભગ ૩૫ વર્ષ પહેલાં એક પરિણીત મહિલાની તેના પ્રેમી દ્વારા નિર્મમ હત્યા કરવામાં આવી હતી અને તેના મૃતદેહને દાટી દેવામાં આવ્યો હતો. આ કેસની તપાસ માટે પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ખોદકામ કરી મૃતકના હાડપિંજર બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમ જેસીબી મશીન સાથે શહેરના કુતુબનગરમાં પહોંચી હતી અને શંકાસ્પદ જગ્યાએ ખોદકામ શરૂ કરાવ્યું હતું. ખોદકામ દરમિયાન ક્રાઇમ બ્રાન્ચને કૂવામાંથી મહિલાના કેટલાક અવશેષ મળી આવ્યા હતા જેને એફએસએલમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત પોલીસ આ કેસ સાથે સંકળાયેલા સહ-આરોપીઓ અને સંભવિત પ્રત્યક્ષદર્શીઓની પૂછપરછ શરૂ કરી છે. એફએસએલ રિપોર્ટ બાદ પોલીસ સત્તાવાર રીતે હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ તેજ બનાવશે.

આ ઘટનાની મળતી માહિતી મુજબ, વર્ષ ૧૯૯૨માં વટવાના કુતુબનગરમાં વિસ્તારમાં રહેતી ફરઝાના ઉર્ફે શબનમ નામની પરિણીત મહિલા અચાનક રહસ્યમય રીતે ગુમ થઈ હતી. જે બાદથી તેની કોઈ ભાળ મળી નહીં, અને બાદમાં પોલીસે પણ જે-તે સમયે આ મામલે તપાસ કરી હતી, છતાં વર્ષોથી આ કેસ વણઉકેલાયેલો હતો. જોકે પોલીસે બાતમી મળી હતી કે, ખરેખર તો ફરઝાના ઉર્ફે શબનમ ગુમ થઈ ન હતી પરંતુ તેના જ પ્રેમીએ જ તેની હત્યા કરી મૃતદેહ દાટી દીધો હતો. આ અંગે સત્યતા તપાસવા માટે પોલીસે તે સ્થળે જેસીબીની મદદથી ખોદકામ શરૂ કર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચની પ્રાથમિક તપાસમાં ખુલ્યું હતું કે, આ હત્યા પાછળ 'ક્રાઈમ ઓફ પેશન' એટલે કે પ્રેમ સંબંધ કારણભૂત હતો. આ કેસનો મુખ્ય આરોપી સમશુદ્દીન હોવાનું મનાય છે, જેની સાથે ફરઝાનાને લગ્નેતર સંબંધો હતા. અંગત વિવાદ અને તકરાર વધતા સમશુદ્દીને ફરઝાનાની હત્યા કરી નાખી હતી. ગુનાના પુરાવાનો નાશ કરવા માટે તેણે લાશને પોતાના જ ઘરના કૂવામાં દાટી દીધી હતી.

આ કેસની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, મુખ્ય આરોપી સમશુદ્દીનનું પણ અવસાન થઈ ચુક્યું છે. જોકે, ક્રાઈમ બ્રાન્ચ લાશને છુપાવવામાં સમશુદ્દીનની મદદ કરી હોય અથવા જેઓ આ ઘટનાના પ્રત્યક્ષદર્શી હોય તે લોકોની પૂછપરછ કરી રહી છે. ■

## આસારામના જામીન લંબાવાયા

અમદાવાદ: સગીરા પર બળાત્કારના ગુનામાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને રાજસ્થાન હાઈ કોર્ટ (જોધપુર)એ ફરી એકવાર મોટી રાહત આપી હતી. હાઈ કોર્ટે તેમના મેડિકલ ગ્રાઉન્ડ પર આપવામાં આવેલા વચગાળાના જામીનનો સમયગાળો ૨૫ મે ૨૦૨૬ સુધી અથવા તેમની અપીલ પર અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી લંબાવ્યો હતો. આસારામની જામીન અવધિ ૬ મેના રોજ પૂરી થઈ રહી હતી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુ વિધાન પરિષદ ચૂંટણી માટે ઉત્સુક

મુંબઈઃ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન બચ્ચુ કડુએ બુધવારે આગામી વિધાનસભાની ચૂંટણી લડવાના સંકેત આપી જણાવ્યું હતું કે 'કોઈ સમાચાર કારણ વિના વહેતા નથી થતા.'

જોકે, પ્રહાર જનશક્તિ પક્ષના અધ્યક્ષએ કહ્યું કે તેઓ ફક્ત વિધાન પરિષદના સભ્યપદ માટે સરકારમાં જોડાઈને તેમના સિદ્ધાંતો સાથે સમાધાન કરશે નહીં, એમ કહીને કે તેમનું રાજકારણ પદ કરતાં મુદ્દાઓ દ્વારા સંચાલિત હોવાની સ્પષ્ટતા તેમણે કરી હતી.

મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં બચ્ચુ કડુએ જણાવ્યું હતું કે 'કોઈ નક્કર ચર્ચા થઈ નથી. મને શિવસેના (શાસક મહાયુતિના ઘટક) તરફથી તૈયારીઓ શરૂ કરવા માટે કોઈ માહિતી મળી નથી, પરંતુ આવા સમાચાર વિના કારણ વહેતા નથી થતા. તેમના નામ અંગેની અટકળો સંપૂર્ણપણે પાયાવિહોણી ન હોઈ શકે એમ પણ તેમણે જણાવ્યું હતું.

ચાર મુદતના વિધાનસભ્ય કડુ ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં અમરાવતી જિલ્લાના અચલપુરથી હારી ગયા હતા. ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરે સહિત વિધાન પરિષદના નવ સભ્યો ૧૩ મેના રોજ નિવૃત્ત થઈ રહ્યા છે. આ બેઠકો અને પેટાચૂંટણીની એક બેઠક માટે મતદાન ૧૨ મેએ થશે.

કડુએ વધુમાં જણાવ્યું હતું કે તેઓ અગાઉ નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેને મળ્યા હતા અને પ્રધાન ઉદય સામંત સાથે વાત કરી હતી, પરંતુ કોઈપણ નામાંકન અંગે કોઈ સ્પષ્ટ ચર્ચા થઈ નથી. જો હું વિધાન સભ્યપદ માટે આટલો ભૂખ્યો હોત, તો મેં ૨૦૨૪ ની વિધાનસભા ચૂંટણી પહેલા કોઈ ગોઠવણ અથવા કોઈની સાથે હાથ મિલાવ્યો હોત. મને કોણે ના પાડી હોત?' વિદર્ભ ક્ષેત્રના વતની કડુએ ખેતી દેવા માફી સહિતના તેમના અગાઉનાં આંદોલનોને સમર્થન આપવા બદલ શિંદેનો આભાર માન્યો હતો. (પીટીઆઈ)

# પ્રતિબંધ દરમિયાન ૨૨ વૃક્ષ કાપવા બદલ નાશિક મહાનગરપાલિકા પાસેથી ૨૨ કરોડ રૂપિયા વસૂલ કરવા જોઈએ

નાશિકઃ નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલએ નાશિક મહાનગરપાલિકાને કારણદર્શક નોટિસ જારી કરીને સવાલ કર્યો છે કે શહેરમાં ૨૨ વૃક્ષ કાપવા પર પ્રતિબંધ હોવા છતાં તેમની પાસેથી ૨૨ કરોડ રૂપિયા કેમ વસૂલ ન કરવા જોઈએ. ટ્રિબ્યૂનલે નાશિકમાં વૃક્ષ કાપવા પરનો પ્રતિબંધ ૧૯ જૂન સુધી લંબાવ્યો હતો. ૨૮ એપ્રિલે થયેલી સુનાવણી દરમિયાન અરજદાર પર્યાવરણવીદ મનીષ બાવિસ્કરએ ટ્રિબ્યુનલને જણાવ્યું હતું કે સ્ટે હોવા છતાં નાશિકમાં ૨૨ વૃક્ષો કાપવામાં આવ્યા હતા.

અરજદારે નાશિક મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર મનિષા ખત્રી અને પાલિકાના ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ વિવેક ભદાણે પાસેથી વ્યક્તિગત રીતે ૨૨ કરોડ રૂપિયાના વળતરની માંગ કરી. સુનાવણી દરમિયાન વકીલોની એક ટીમે ટ્રિબ્યૂનલ સમક્ષ પાલિકાનું પ્રતિનિધિત્વ કર્યું.

ટ્રિબ્યૂનલએ નાશિકમાં વૃક્ષ કાપવા પરનો સ્ટે ૧૯ જૂન સુધી લંબાવી સ્પષ્ટ કર્યું કે કટોકટીની પરિસ્થિતિઓમાં, ખાસ પરવાનગી લીધા પછી (વૃક્ષો કાપવાની) કાર્યવાહી કરી શકાય છે. આ આરોપોની ગંભીર નોંધ લઈ ટ્રિબ્યૂનલએ પાલિકાને કારણ બતાવો નોટિસ જારી કરી શા માટે આ રકમ નાગરિક સંસ્થા પાસેથી વસૂલ ન કરવી જોઈએ એવો સવાલ કર્યો હતો.

અદાલતે નાશિક મહાનગરપાલિકાના કમિશનર, ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ અને સંબંધિત અધિકારીઓને કથિત વૃક્ષ કાપવા અંગે બે અઠવાડિયામાં પોતાનો પક્ષ સ્પષ્ટ કરવા આદેશ પણ જારી કર્યો છે. (પીટીઆઈ)

## પહેલા પાનાનું ચાલુ

### ઈવીએમમાં

મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ અગ્રવાલે જણાવ્યું છે કે જે મતદાન મથકોમાં કોઈપણ ઈવીએમ બટન ટેપ ચોંટાડી હશે તો ત્યાં ફરીથી મતદાન કરવામાં આવશે. વિવાદ વધ્યા બાદ ઘણા મતદાન મથકો પર મતદાન સ્થગિત કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, જો કોઈપણ બટન પર ટેપ લગાવવામાં આવ્યા હોવાના અહેવાલો મળે છે, તો તેની તપાસ કરવી જોઈએ અને તેની નોંધ લેવી જોઈએ. જો તે સત્ય હશે તો તે બૂથ પર ફરીથી મતદાન કરવામાં આવશે.પશ્ચિમ બંગાળના ભાજપના સહ-પ્રભારી અમિત માલવિયાએ આરોપ લગાવ્યો હતો કે વિધાનસભા ચૂંટણીના બીજા તબક્કા દરમિયાન ડાયમંડ હાર્બર વિધાનસભા મતવિસ્તાર હેઠળ આવતા ફાલ્ટાના ઘણા મતદાન મથકો પર મતદારોને પક્ષના ઉમેદવાર પસંદ કરતા અટકાવવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે ઘણા બૂથ પર ભાજપના ઉમેદવારોના નામ કથિત રીતે ટેપથી છૂપાવવામાં આવ્યા હતા. તેમણે આને ડાયમંડ હાર્બર મોડેલ ગણાવ્યું અને આ વિસ્તારોમાં ફરીથી મતદાન કરાવવાની માંગ કરી હતી.

### ઈરાન યુદ્ધનું

અંગેની પેન્ટાગોનની માહિતીની સચ્ચાઈ સામે સવાલો ઊભા કર્યા છે. એક અખબારી અહેવાલ પ્રમાણે પેન્ટાગોને ટ્રમ્પને ઈરાનના યુદ્ધ અંગેની જાણકારી આપવા બે મિનિટની ઈન્સ્ટાગ્રામ રીલ બતાડીને ગુલાબી ચિત્ર પેશ કર્યું હતું. આ અહેવાલો પછી વાન્સે પોતાની ચિંતા વ્યક્ત કરી છે.

સંરક્ષણપ્રધાન પેટે હેગસેથ અને લશ્કરના વડા જનરલ ડેન કેઈને જાહેરમાં કહ્યું છે કે અમેરિકા પાસે દારૂગોળાનો ભરપૂર જથ્થો છે.

### આરોપી જ

૬૭ વર્ષીય દાભોલકર ૨૦૧૩ની ૨૦ ઑગસ્ટે પુણેમાં સવારે ચાલવા નીકળ્યા હતા ત્યારે મોટરસાઇકલ પર આવેલા બે હુમલાખોરે તેમને ગોળી મારી હતી.

ન્યાયાધીશ અજેય ગડકરી અને ન્યાયાધીશ રણજિતસિંહા ભોસલેની બૅન્ચે જણાવ્યું હતું કે કળસકરની ૨૦૧૮ના સપ્ટેમ્બરમાં ધરપકડ કરાઇ ત્યારથી તે જેલમાં જ છે અને તેને દોષી ઠેરવવાના ચુકાદાને પડકારતી તેની અરજીની વડી અદાલત સુનાવણી નજીકના ભવિષ્યમાં કરે એવી સંભાવના ઓછી છે.

બૅન્ચે બન્ને સાક્ષી અંગે સવાલ ઉઠાવ્યો હતો અને જણાવ્યું હતું કે એવું કઇ રીતે શક્ય બને કે હત્યા કેસના આ બે સાક્ષી હોવા છતાં સૌપ્રથમ તેમણે પોતાની સવારની દૈનિક ક્રિયા પૂરી કરી હતી અને બાદમાં આરામથી પોલીસને હત્યાની માહિતી આપવા ગયા હતા?

બૅન્ચે જણાવ્યું હતું કે ફરિયાદ પક્ષે કળસકરની આ બે સાક્ષી સમક્ષ ઓળખ પરેડ કરાવવાને બદલે તેઓને આરોપીનો માત્ર ફોટો બતાવ્યો હતો. (એજન્સી)

### આસામ, બંગાળ

૩૬ બેઠક મળવાની સંભાવના વ્યક્ત કરી હતી. પીપલ્સ પ્લસે આસામમાં એનડીએને ૬૮થી ૭૨, જ્યારે કૉંગ્રેસ અને તેના સાથી પક્ષોને ૨૨થી ૨૬ બેઠક મળવાની આગાહી કરી હતી. આસામ વિધાનસભાની ૧૨૬ બેઠકમાં બહુમતી માટે ૬૪ બેઠક જરૂરી છે. કેરળમાં યુડીએફને ૭૮થી ૯૦, એલડીએફને ૪૯થી ૬૨ અને એનડીએને ત્રણ જેટલી બેઠક મળવાની શક્યતા હોવાનું જણાવ્યું હતું. કેરળ વિધાનસભાની ૧૪૦ બેઠકમાં બહુમતી માટે ૭૧ બેઠક જીતવી જરૂરી છે. પશ્ચિમ બંગાળમાં માર્ટિઝે ભાજપને ૧૪૬થી ૧૬૧, જ્યારે તૃણમૂલને ૧૨૫થી ૧૪૦ બેઠક મળવાની આગાહી કરી હતી. પશ્ચિમ બંગાળમાં પી-માર્કએ ભાજપને ૧૫૦થી ૧૭૫ અને તૃણમૂલ કૉંગ્રેસને ૧૧૮થી ૧૩૮ બેઠક મળવાની શક્યતા વ્યક્ત કરાઇ હતી.

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ૨૯૪ બેઠકમાં બહુમતી માટે ૧૪૮ બેઠક જીતવી જરૂરી છે. તમિળનાડુમાં પીપલ્સ પ્લસે દ્રમુકના નેતૃત્વ હેઠળની યુતિને ૧૨૫થી ૧૪૫, ભાજપ-એઆઇડીએમકેને ૬૫થી ૮૦ અને ટીવીકેને ૧૮થી ૨૪ બેઠક મળવાની સંભાવના હોવાનું જણાવ્યું હતું. તમિળનાડુ વિધાનસભાની ૨૩૪ બેઠકમાં બહુમતી માટે ૧૧૮ બેઠક જીતવી જરૂરી છે. પુડુચેરીમાં ઍક્સિસ માય ઇન્ડિયાએ એનડીએને ૧૬થી ૨૦, દ્રમુક-કૉંગ્રેસને છથી આઠ અને ટીવીકેને બેથી ચાર બેઠક મળવાની આગાહી કરી હતી. પશ્ચિમ બંગાળ, તમિળનાડુ, પુડુચેરી, કેરળ અને આસામ વિધાનસભાની ચૂંટણીની મતગણતરી ચોથી મેએ થવાની છે. (એજન્સી)

### બંગાળીઓએ

સચિવાલય નબન્નામાં સત્તાનું ગણીત બદલાય છે કે નહીં.

બુધવારના પહેલા તબક્કામાં ભાજપની તેના ગઢ જાળવી રાખવાની ક્ષમતાની પરીક્ષા થઈ હતી. બીજા તક્કામાં સાચી રસાકસી જોવા મળી હતી. ભાજપ માટે સત્તા પર આવવા આ તબક્કો જીતવો જરૂરી છે. ૨૦૨૧માં આ તબક્કાની ૧૪૨ બેઠકમાંથી ૧૨૩ બેઠક તૃણમૂલ કૉંગ્રેસે જીતી હતી. ભાજપે અહીં ફક્ત ૧૮ બેઠક જીતી હતી. પહેલા તક્કાની જેમ બપોરના ત્રણ વાગ્યા સુધી અહીં ૭૮.૭૭ ટકાનું વિક્રમી મતદાન થયું હતું. મમતાએ સવારના આઠ વાગ્યા પહેલાં જ મતદાન કર્યું હતું. તેઓ એક બૂથની બહાર બેસ્યા હતા ત્યારે અધિકારીએ ત્યાં આવીને જાહેર કર્યું હતું કે હું કોઈ ગુંડાગીરી નહીં ચલાવું. મમતાએ ભાજપ પર કેન્દ્રીય દળો, ચૂંટણી નિરીક્ષકોની મદદથી ચૂંટણીમાં ગોલમાલ કરવાનો આક્ષેપ કર્યો હતો.

દરમિયાન ટીએમસીના સિનિયર નેતા અભિષેક બેનર્જીએ બુધવારે આક્ષેપ કર્યો હતો કે હાવડા જિલ્લામાં કેન્દ્રયી દળોએ એક વૃદ્ધ મતદાતને ધક્કે ચડાવતા તેમનું મરણ થયું હુતં. અભિષેકે કહ્યું હતું કે કેન્દ્રીય દળો ભાજપના 'ખાનગી લશ્કર' તરીકે કામ કરી રહ્યા છે. ટીએમસીના રાજ્યસભાનાં સાંસદ સંગારિકા ઘોષે બુધવારે આક્ષેપ કર્યો હતો કે સાઉથ ૨૪ પરગણાના એક બૂથમાં કેન્દ્રીય દળોએ મહિલાઓ અને બાળકો પર લાઠીચાર્જ કર્યો હતો. આ જિલ્લાના ભાંગરમાં તંગદિલી ફેલાઈ હતી ઈન્ડિયન સેક્યુલર ફ્રન્ટે ટીએમસી પર પોલિંગ એજન્ટને ધમકાવાનો અને મતદાતાને લલચાવાનો આક્ષેપ કોય હોત. વિધાનસભાની સાત બેઠકમાં એનઆઈએના અધિકારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા. ચૂંટણી પંચે એનઆઈએને બોમ્બમારો કરીને મતદાન ન ખોરવી નખાય એની તકેદારી લેવાની વિનંતી કરી હતી. (એજન્સી)

### ઈરાન સાથે

પ્રતિનિધિમંડળ મોકલવાનો ઇનકાર કર્યો હતો. ઇરાનના નેતાએ પાકિસ્તાનના વિદેશ પ્રધાન ઇશાક ડાર અને લશ્કરના વડા ફિલ્ડ માર્શલ અસીમ મુનિરની સાથે મંત્રણા કરી હતી. ટ્રમ્પે શરૂઆતમાં જણાવ્યું હતું કે અમે ઇરાન સાથેની શાંતિ-મંત્રણાના બીજા તબક્કા માટે ઉપપ્રમુખ જે. ડી. વૅન્સને નહિ મોકલીએ, પરંતુ તેમની જગ્યાએ ખાસ રાજદૂત સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનર ઇસ્લામાબાદ જશે. (એજન્સી)

## આઠમા પાનાનું ચાલુ

### યુએસના ત્રણ

પહેલાં ત્રણેય મુંબઈમાં રહ્યા હતા. પુણેમાં અઠવાડિયા પહેલાં જ આવ્યા હતા. આ કેસમાં સ્થાનિકોની કોઈ સાઠગાંઠ છે કે કેમ તેની શક્યતા પોલીસ તપાસી રહી છે. કોઈ સ્થાનિક સંસ્થા આમાં સંકળાયેલી તો નથીને તેની પણ તપાસ કરવામાં આવી રહી છે, એમ ડીસીપીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

### વિધાન પરિષદમાં

વતની દાનવે ૨૦૨૨ થી ૨૦૨૫ સુધી કાઉન્સિલમાં વિરોધ પક્ષના નેતા હતા. ઉદ્ધવ ઠાકરેનો વિધાન પરિષદના સભ્ય તરીકેનો કાર્યકાળ ૧૨ મેના રોજ સમાપ્ત થશે.

### દાઉદ ઈબ્રાહિમના

ડોલા વિરુદ્ધ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી હતી. તેને આધારે ઇસ્તંબુલથી ડોલાની ધરપકડ કરાઇ હતી. ભારતમાં તેની વિરુદ્ધ નાર્કોટિક્સ ટ્રાફિકિંગના અનેક કેસ નોંધાયેલા છે અને તે આ કેસોમાં વોન્ટેડ હતો. દિલ્હી કોર્ટે મંગળવારે ડોલાને મુંબઈ લઇ જવા માટે એનસીબીને બે દિવસના ટ્રાન્ઝિટ રિમાન્ડ મંજૂર કર્યા હતા. ઇન્ટરપોલ રેડ કોર્નર નોટિસ ડેટાબેઝ જણાવે છે કે ૩૧ ડિસેમ્બર, ૧૯૬૬માં જન્મેલો ડોલા હિન્દી અને મરાઠી બોલે છે અને નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાઇકોટ્રોપિક સબસ્ટેન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ અનેક આરોપનો સામનો કરી રહ્યો છે. (પીટીઆઇ)

### કાંજુર ડમ્પિંગની

ઉપાયયોજના અમલમાં મૂકવી જેથી રહેવાસીઓને દુર્ગંધનો ત્રાસ થાય નહીં. બુધવારના બેઠક દરમ્યાન ડમ્પિંગ ગ્રાઉન્ડમાં બાંબુને મોટા પ્રમાણમાં વાવેતર કરીને ગીચ જંગલનું નિર્માણ કરીને તેનાથી દુર્ગંધ રોકવા પર કામ કરવાનો નિર્દેશ પણ નાયબ મુખ્ય પ્રધાને આપ્યો હતો. કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં દરરોજ ૬,૨૦૦ ટન કચરા પર પ્રક્રિયા કરવામાં આવે છે. જમીનમાં કચરો જમા કરવો, તેમાંથી ખાતર બનાવવું અને કચરાના વર્ગીકરણ આ ત્રણ પદ્ધતિએ ડમ્પિંગમાં કામ કરવામાં આવે છે. અત્યાર સુધી કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડમાં ૧૯૦ લાખ મેટ્રિક ટન કચરા પર પ્રક્રિયા કરવામાં આવી હોવાનો દાવો પાલિકા પ્રશાસને કર્યો છે.

### નદી-નાળાના

સ્થળે જાળીઓ બેસાડવાનો નિર્દેશ આપ્યો હતો. ચોમાસા પહેલાનાં કામના ભાગરૂપે મુંબઈની નદી, મોટાં અને નાનાં નાળાઓમાંથી ગાળ કાઢવાનું કામ ચાલી રહ્યુ છે. એડિશનલ કમિશનરે બુધવારે પશ્ચિમ ઉપનગરમાં અનેક જગ્યાએ ઈન્સ્પેકશન કર્યું હતું કે જેમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પર ગોરેગામ પૂર્વમાં વાલભટ નદી, ગોરેગામ પશ્ચિમમાં મેટ્રો સ્ટેશન, ઓશિવરા નદી, ગઝદરબંધ પમ્પિંગ સ્ટેશન પાસે એસએનડીટી નાળું, સાંતાક્રુઝ પશ્ચિમમાં નોર્થ એવેન્યુ નાળાનું પણ તેમણે ઈન્સ્પેકશન કર્યું હતું. ગોરેગામ પૂર્વમાં વાલભટ નદીનું તેમણે ઈન્સ્પેકશન કર્યું હતું. આ નદી સંજય ગાંધી નેશનલ પાર્કમાંથી નીકળીને આગળ દાદાસાહેબ ફાળકે ચિત્રનગરી, ગોકુળધામ કોલોનીમાંથી પી-દક્ષિણ વિભાગની હદમાંથી આગળ જાય છે. બિંબીસાર નાળામાં આ નદીં આગળ જઈને મળે છે. ચોમાસામાં સંજય ગાંધી નેશનલ પાર્કમાંથી પથ્થર મિશ્રિત માટી મોટા પ્રમાણમાં વાલભટ નદીમાં વહીને આવે છે, તેને કારણે નદીના પટમાંથી મોટા પ્રમાણમાં સફાઈ કરીને ગાળ કાઢવામાં આવે છે. તેથી અહીંથી કાઢેલો ગાળ ફરી નદીમાં જાય નહીં તેનું ખાસ ધ્યાન આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

વધુમાં તેમણે કહ્યું હતું કે ગાળ કાઢવા માટે વાપરવામાં આવતી મશીનરી નદી-નાળામાં ઉતારવા માટે સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટના એન્જિનિયર અને વોર્ડ સ્તરે એન્જિનિયરની દેખરેખ હેઠળ રેમ્પ તૈયાર કરવો અને એન્જિનિયરોએ પ્રત્યક્ષ રીતે સાઈટ પર હાજર રહેવું પડશે, જેથી કરીને કૉન્ટ્રેક્ટર તરફથી વ્યવસ્થિત રીતે સફાઈ કરવામાં આવે અને ગાળનું વજન વધારવા માટે માટી નાંખવામાં આવે નહીં તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

### રાજ્યની એઆઈ

ઈન્ટેલિજન્સ ટેકનોલોજીમાં તાલીમ આપવામાં આવશે.

સરકાર એઆઈ આધારિત સ્ટાર્ટઅપ્સ અને યુનિકોર્નને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૫૦૦ કરોડનું વેન્ચર કેપિટલ ફંડ પણ સ્થાપશે, જેમાંથી રૂ. ૨૫૦ કરોડ રાજ્ય દ્વારા ફાળો આપવામાં આવશે એવી જાણકારી આપી પ્રધાને ઉમેર્યું હતું કે એઆઈ સંચાલિત ઉદ્યોગો માટે મશીનરી ખરીદી માટે સબસિડી પણ આપવામાં આવશે. આ નીતિમાં શિક્ષણ, રોજગાર, નવીનતા અને ઉદ્યોગમાં એઆઈ અપનાવવાને પ્રોત્સાહન આપવા માટે વીજળીના દરમાં છૂટ, વીજળી સબસિડી અને સ્ટેમ્પ ડ્યૂટી જેવાં પ્રોત્સાહનોનો સમાવેશ થાય છે. (પીટીઆઈ)

### ચાલતી ટ્રેને

પ્રયાગરાજ-મુંબઈ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી. ટ્રેન કલ્યાણ સ્ટેશને પહોંચી ત્યારે ધીમી ગતિએ ચાલી રહી હતી. કહેવાય છે કે અંતિમા દીકરા સાથે ચાલતી ટ્રેનમાંથી ઊતરવા ગઈ ત્યારે સંતુલન ગુમાવવાને કારણે પ્લૅટફોર્મ પર પડી ગઈ હતી. આરપીએફના અધિકારીએ જણાવ્યું હતું કે મહિલા પ્લૅટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગેપમાં ફસાઈ હતી અને ટ્રેન સાથે ઘસડાવા લાગી હતી. બરગુડેની નજર પડતાં તે તરત મહિલા તરફ દોડ્યો હતો. મહિલાને પ્લૅટફોર્મ અને ટ્રેન વચ્ચેના ગેપમાંથી ખેંચી કાઢી હતી. કોઈ અનિચ્છનીય ઘટના બનવા પહેલાં મહિલા અને તેના બાળકનો જીવ બચાવી લેવાયો હતો. (પીટીઆઈ)

### ૨૬/૧૧ના આતંકવાદી

ભેદભાવપૂર્ણ ગણાવી દલીલ કરી હતી કે આ નિર્ણય તેના જીવનનિર્વાહના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરી રહ્યો છે. ૨૬ નવેમ્બર, ૨૦૦૮ના દિવસે દસ પાકિસ્તાની આતંકવાદીઓએ શહેરના મહત્ત્વપૂર્ણ સ્થળોએ શ્રેણીબદ્ધ સંકલિત હુમલાઓ શરૂ કર્યા, જેમાં દક્ષિણ મુંબઈમાં છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, તાજ અને ઓબેરોય હોટલનો સમાવેશ થાય છે. લગભગ ૬૦ કલાક ચાલેલા આ હુમલામાં ૧૬૬ લોકોએ જીવ ગુમાવ્યા અને ઘણા લોકો ઘાયલ થયા. નવ આતંકવાદીને ઠાર કરવામાં આવ્યા હતા. (પીટીઆઈ)

### અન્સારીનો સ્વભાવ

તપાસ કરવામાં આવી રહી છે. પૂછપરછ દરમિયાન અન્સારીનું વર્તન વિચિત્ર જણાઈ રહ્યું છે. તે વારંવાર હાથ ધોવા જવાની વાત કરે છે. એ સિવાય થોડા થોડા સમયે નાહવાની ઇચ્છા વ્યક્ત કરે છે. કહેવાય છે કે પોલીસે અન્સારીના ઘરમાં સર્ચ હાથ ધરી ત્યારે તેનાં કપડાં વેરવિખેર પડ્યાં હતાં. તે સામાજિક એકલતા અનુભવે છે અને કોઈ તેની સાથે સારુ વર્તન કરતું નથી, એવી તે બબડ્યા કરતો હતો.

### વિરારમાં પ્રેમિકા

પ્રેમસંબંધ હતો. બંનેના લગ્ન વિશે ચર્ચા ચાલી રહી હતી, પરંતુ પરિવારો વચ્ચે મતભેદ થતાં નેન્સની માતાએ લગ્ન સામે વિરોધ કર્યો હતો. શિવમ તેના પરિવારના સભ્યો સાથે મંગળવારે રાતે નેન્સીના ઘરે ગયો હતો, જેથી મતભેદનો ઉકેલ લાવી શકાય. જોકે નેન્સીની માતા સરિતાએ એ સમયે પણ લગ્નનો વિરોધ કર્યો હતો, જેને કારણે શિવમ રોષે ભરાયો હતો. શિવમ તેના પરિવાર સાથે એ સમયે ત્યાંથી જતો રહ્યો હતો, પણ બુધવારે સવારે તે સરિતાને સમજાવવા માટે પાછો આવ્યો હતો. એક કલાક સમજાવ્યા છતાં સરિયાએ તેનો નિર્ણય બદલ્યો નહોતો. આથી ઉશ્કેરાયેલો શિવમ કિચનમાં ગયો હતો અને ત્યાંથી ચાકુ લઇને તે બહાર આવ્યો હતો. શિવમે નેન્સી અને તેની માતા પર ચાકુથી હુમલો કર્યો હતો અને બાદમાં તેણે પોતાના ગળા પર ચાકુના ઘા કરીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો.દરમિયાન ઘરમાંથી ચીસો સાંભળીને પડોશીઓ નેન્સીના ઘરે દોડી આવ્યા હતા, જ્યાં નેન્સી અને તેની માતા લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી, જેને પગલે બોલિંજ પોલીસને જાણ કરવામાં આવતાં અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

## હિન્દુ મરણ

ગામ ધિણોજ હાલ - ઉંમરગામ સ્વ. ફુલચંદભાઈ ચતુરલાલ પંચાલ (ઉં.વ. ૮૩) પત્ની સ્વ. બબુબેન ફુલચંદભાઈ પંચાલ તે વિજય, કમલેશ, ચેતનાના પિતા. અનિતા, રશ્મિ, પ્રવિણકુમારના સસરા. સ્વ. વસંતભાઈ, નરેન્દ્રભાઈ, ભારતીબેનના મોટાભાઈ. હંસાબેન, શકરીબેનના જેઠ. અરવિંદકુમાર પંચાલના સાળા તા.૨૬-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧-૫-૨૬, શુક્રવારના ૩થી ૫. સરનામુંઃ બી-૫૦૨, વલ્લભહાઈટ્સ, ગાંધીવાડી, ઉંમરગામ-૩૯૬૧૭૦.

ગામ ગુંજાર, હાલ મીરારોડ, સ્વ. પંકજ ગુણવંતભાઈ મકવાણા તે ગં.સ્વ. રક્ષાબેન ગુણવંતભાઈ ગોરધનદાસ મકવાણાના સુપુત્ર. દીપાબેન હરેશ પરમાર અને સારિકાબેન દિનેશ છાબરાના ભાઈ. હરેશ પરમાર અને દિનેશ છાબરાના સાળા. મનીષ અને સંજય જયંતીભાઈ મકવાણા અને ભાવેશ કાંતિભાઈ મકવાણાના કાકાના દીકરા. પ્રથમ અને દિયાના મામા. તા. ૨૬/૦૪/૨૬ના શ્રીરામચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૩૦/૦૪/૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળઃ શ્રી લુહાર સુથાર વાડી કાર્ટર રોડ ૩, દત્તપાડા મુખ્ય માર્ગ. અંબાજીમંદિર પાસે. બોરીવલી પૂર્વ.

સ્વ. ત્રિકમજીભાઈ જેઠાભાઈ સેજપાલ (ઉં.વ. ૯૬) તે જેઠાલાલ રામજી સેજપાલના પુત્ર ભાગબાઈ ઝવેરીભાઈ થોભરાણીના જમાઈ. સ્વ. ઉર્મિલાબેનના પતિ. સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. જિતેન્દ્રભાઈ, સ્વ. વિજયભાઈ, સ્વ. કલ્પનાબેન (બાઈયા), સ્વ. તૃપ્તિબેન તથા જયેન્દ્રભાઈના પિતા. સ્વ. શારદાબેન, સ્વ. પ્રભાબેન, સ્વ. મહેશભાઈ ચંદે તથા પરેશભાઈ કોઠારી, વિમળાબેનના સસરા. સ્વ. મંજૂબેન, સ્વ. તારાબેન, સ્વ. પ્રવિણભાઈ, સરલાબેન, મીનાબેન, મંગળાબેન તથા અનિલભાઈના કાકા તા. ૨૮-૪-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૩૦-૪-૨૬, ગુરુવારે ૫થી ૬. સ્થળઃ નવી લોહાણા મહાજન વાડી, કતીરા હોલ, વી.ડી. હાઈસ્કૂલની બાજુમાં, ભુજ-કચ્છ.

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ**

ગામ ઘાંઘળી, હાલ વિલેપાર્લા, રેણુકાબેન પંડ્યા તા. ૨૬-૪-૨૬ના કૈલાસવાસી થયા છે. સ્વ. જીવરાજ શામજી પંડ્યા અને સ્વ. બચુબેન જીવરાજના પુત્રી. સ્વ. વિલાસભાઈ (બાબુલ) અને પલ્લવી ગૌરીશંકર જોષીના બહેન. વિકી અને નીલના ફઈ. વિનિતના માસી. લૌકિક પ્રથા બંધ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ચિભડિયા બ્રહ્મ સમાજ**

ગામ જંગર-અમરેલી (હાલ-મુંબઈ) ચીમનલાલ હીરજીભાઈ જોષી તા. ૨૭-૪-૨૬ના સોમવારે દેવલોક પામેલ છે. તે સ્વ. હેમલતાબેનના પતિ. જયેશભાઈ, જીજ્ઞાબેન વિવેકકુમાર ભટ્ટ (દુબઈ), સ્વ. સ્મિતાબેનના પિતાશ્રી. સ્વ. પ્રવીણભાઈ, સ્વ. ગોપાલભાઈ, મનીશભાઈ, પ્રકાશભાઈ, જગદીશભાઈ, સ્વ. પરેશભાઈ, હરેશભાઈના કાકા. નૈવ્ય વિવેક ભટ્ટના નાની. સ્વ. રામકૃષ્ણભાઈ લવજીભાઈ ઠાકરના જમાઈ બેસણું તા. ૩૦-૪-૨૬ના ગુરુવારે ૫.૦૦થી ૬.૦૦. સ્થળઃ બ્રાહ્મણ સમાજવાડી, ૧લે માળે, જોશી લેન, ઘાટકોપર (ઈસ્ટ).

**હાલાઈ ભાટિયા**

દીપક વિઠ્ઠલદાસ વેદ (આદોનીવાલા) (ઉં.વ. ૭૨) તે સ્વ. વિઠ્ઠલદાસ જીવણલાલ તથા સ્વ. વિમળાબેનના સુપુત્ર. દિપા (માલિની)ના પતિ. અ.સૌ. અનુજા હિતેન વેદ તથા મયંકના પિતા. અ.સૌ. હેતલના સસરા. ક્રિતાર્થના નાના. સ્વ. કરસનદાસ લક્ષ્મીદાસ સોની તથા સ્વ. મંજુલા કરસનદાસ (પોનાનીવાલા)ના જમાઈ તા. ૨૮-૪-૨૬, મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ગણોદ નિવાસી, હાલ મીરા રોડ, રાજેન્દ્ર દુલેરાય ભુપ્તા (ઉં.વ.૬૩) તા. ૨૮/૪/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મુક્તાબેન દુલેરાય ભુપ્તાના સુપુત્ર. ગીતાબેનના પતિ. જીગર તથા ઉમંગના પિતા. સ્વ. હરકિશનભાઈ, સ્વ. હરગોવિંદભાઈ, હસમુખભાઈ, સ્વ. નિર્મળાબેન તન્ના, સ્વ. નયનાબેન મહેતા તથા પુષ્પાબેન લાધાણીના નાનાભાઈ. સ્વ.મુક્તાબેન ગોરધનદાસ કક્કડના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦/૪/૨૬ના ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ બી. એ. પી. એસ સ્વામિનારાયણ મંદિર,ગ્રાઉન્ડ ફ્લોર, સેક્ટર નંબર ૧૦, શાંતિનગર, મીરારોડ ઇસ્ટ.

**સમસ્ત દરજી સમાજ બાબરિયાવાડ**

ગામ રાજુલા નિવાસી હાલ ઉરણ, નરેન્દ્રભાઈ લક્ષ્મીદાસ ગોહિલના ધર્મપત્ની જાગૃતિબેન ગોહિલ (ઉં.વ.૫૨) ૨૬/૪/૨૬ને રવિવાર રોજ રામશરણ પામ્યા છે. તે સ્વ. પ્રભાવતી લક્ષ્મીદાસ ગોહિલના પુત્રવધુ. ઉર્વશી હાર્દિકકુમાર સરવૈયા અને મયુરના માતૃશ્રી. દિનેશભાઈના નાનાભાઈના પત્ની. ચંદ્રકાંતભાઈ, ચીમનભાઈ તથા મનીષાબેન પ્રકાશકુમાર રાઠોડના ભાભી. નીચા કોટડા નિવાસી હાલ ઉરણ ભાનુબેન નાથાભાઈ સોલંકીના પુત્રી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. તા. ૩૦/૪/૨૬ ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ ૧૫૨, શ્રી સૂર્યનારાયણ વાડી, ત્રીજી પાંજરાપોળ લેન, ગુલાલ વાડી.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

ધારી અમરેલી ગામ હાલ ગોરેગાંવ, ચંદુલાલ નાનાલાલ બોસમિયા (ઉં.વ.૮૬) શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.હંસાબેનના પતિ. વનમાળીદાસ વીરજી બગરિયાના જમાઈ. સ્વ. અમૃતલાલ બોસમિયાના ભાઈ. રાજેશ, પ્રજ્ઞા ઇન્દ્રવદન જોગી, સ્મિતા હસમુખ પડિયા, નીતા કિરણ સોદાગર, હિના જયેશ યોગીના પિતાશ્રી. તા. ૨૭/૪/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ગુરુવાર ૩૦.૪.૨૬ના સાંજે ૪:૩૦ થી ૬:૦૦. નિવાસસ્થાનેઃ રાજેશ ચંદુલાલ બોસમિયા ૧, ભટ્ટ ચાલ, સ્ટેશન રોડ, છાયા ચણા શોપની બાજુમાં, ગોરેગાંવ પશ્ચિમ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે

**લુહાર સુથાર**

મૂળગામ બગદાણાવાળા હાલ મહુવા, કિરીટ નરોત્તમદાસ રાઠોડ (ઉં.વ.૫૬) ૨૬/૪/૨૬ના રોજ રામશરણ પામેલ છે. તે સ્વ. લત્તાબેન તથા નરોત્તમભાઇ ત્રિકમભાઇ રાઠોડના પુત્ર. નીતાબેનના પતિ. અશ્વિન, ભારતી કિર્તીકુમાર વેદાંત, હર્ષદભાઈના ભાઈ. પ્રતીકના કાકા. સાસરાપક્ષે મહુવા નિવાસી સ્વ. પ્રભાબેન લાલજી પરમારના જમાઈ. તેમની સાદડી ૩૦/૪/૨૬ના ૫ થી ૭. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, અંબામાતા મંદિર પાસે, બોરીવલી ઈસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળ ગામ સાવરકુંડલા હાલ મીરારોડ, સ્વ. જશવંતીબેન નાથાલાલ તન્નાના પુત્ર સૂર્યકાંત (ઉં.વ.૭૬) ઇલાબેનના પતિ. તે વિનોદચંદ્ર, જીતેન્દ્ર, ઉષાબેન હરેશભાઈ ઠક્કર, પૂનમબેન સુધીરભાઈ સોમૈયાના ભાઈ. જિગ્ના સંજયકુમાર પોંદા અને પિંકીના પિતાશ્રી. સ્વ. કલાવતીબેન યોગેન્દ્રભાઈ સાયતાના જમાઈ. રિશીના નાના. તા. ૨૭/૦૪/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મોઢ વણિક**

હરકિશનભાઈ ચંદ્રકાન્તભાઈ શાહ બોરીવલીના ધર્મપત્ની શ્રીમતી દક્ષાબેન શાહ (ઉં.વ.૭૨) ૨૮-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે.તે શ્રીમતી કુસુમબેન તથા સ્વ. દુલેરાય લવજી કોઠારીના સુપુત્રી. સ્વપ્નીલ તથા રાહુલના માતૃશ્રી. લોપાના સાસુ. નિયાના દાદી તથા સ્વ. હર્ષદભાઈ શાહ અને ચંદ્રિકાબેન મહેતાના ભાભી. લૌકિક પ્રથા બંધ છે.

**નવગામ ભાટિયા**

કાલાવડવાળા હાલ બોરીવલી, હરીશકુમાર ઉદેશી (ઉં.વ.૭૪) તે સ્વ. શાંતાબેન છોટાલાલ ઉદેશીના પુત્ર. જ્યોત્સનાબેનના પતિ. સ્વ. હસમુખરાય, સ્વ. અરૂણ, સ્વ. હરેન્દ્ર, વિજય તથા ગં સ્વ. જયબાળાબેન કાકુભાઇ વેદના ભાઈ. સંદીપના પિતા. અમરેલીવાળા સ્વ. કુસુમબેન સવજીભાઈ સંપટના જમાઈ. તા. ૨૮.૦૪.૨૬ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામખંભાળિયા હાલ થાણા, મહેન્દ્ર રૂગનાથ બરછા (ઉં.વ.૮૨) મંગળવાર તા. ૨૮/૦૪/૨૬નાં શ્રીજીચરણ પામેલ છે. તે ગીતાબેનના પતિ. ગં.સ્વ. હીરાબેન જમનાદાસ પાબારીના જમાઈ. તુષાર, સૌ. રૂપા અને સૌ.અલ્પાના પિતા. રોશની, રાજેશ અને અંબરીશના સસરા. સ્વ. લક્ષ્મીદાસ, મથુરાદાસ, સ્વ. મંગલાબેન, સ્વ. કમળાબેન, સ્વ. પ્રભાબેનના ભાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૩૦/૪/૨૬ના ૪.૩૦ થી ૬.૦૦. ક્લબ હાઉસ, બીજે માળે, ધી આઈકોન મેડિસન-૧, હાઈલેન્ડ ગાર્ડન રોડ, કોલશેત રોડ, થાણા.

## પારસી મરણ

દરાયસ બેહરામ સનજાના તે શેરનાઝના ધની. તે મરહૂમો પીલું બેહરામ સનજાનાના દીકરા. તે રોનીશા સનાયાના પપ્પા. તે કુરુશના ભાઈ. તે મેહેરઝીનના કાકા. (ઉં.વ.૫૯) રે.ઠે.: ફ્લેટ ઈ-૨, જરબાઈ બાગ, ડૉ. આંબેડકર રોડ, મુંબઈ-૪૦૦૦૨૭.

જમશેદ પીરોજશા ઈરાની તે હુતોકશીના ધની. તે મરહૂમો ખોરશેદ પીરોજશાહ ઈરાનીના દીકરા. તે નવરૂઝ ને શાહરૂખના પપ્પા. તે એમી ને પદમાના સસરા. તે ડોલી, રુસ્તમ ને મરહૂમ બેપસીના ભાઈ. તે આફરીન ને મેલલીના બપાવાજી. (ઉં.વ. ૮૭) રે.ઠે.: ૯/૮ રૂસ્તમ બાગ, સંત સાવતા માર્ગ, માસીના હોસ્પિટલ આગળ, મુંબઈ-૪૦૦૦૨૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૩૦-૪-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની વાડિયા બંગલીમાં.

## જૈન મરણ

જગદીશચંદ્ર રાયચંદ કોઠારી (ઉં.વ. ૮૯) (ચોટીલાવાળા હાલ રાજકોટ) તે સ્વ. જ્યોતિબેનના પતિ. સ્વ. રાયચંદ મગનલાલ કોઠારીના પુત્ર. પરાગ-રીટા-ચેતનાના પિતાશ્રી. હિતેન-ચેતન-શિલ્પાના સસરા. હેમ-ધ્વનિના દાદા. સ્વ. જયવંતલાલ જગજીવન મીઠાણીના જમાઈ તા. ૨૯-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. ઉઠમણું તા. ૧-૫-૨૬ના ૧૦.૦૦થી ૧૦.૩૦ તથા પ્રાર્થનાસભા ૧૦.૩૦થી ૧૧.૩૦ વાગ્યા સુધી પારસ કોમ્યુનિટી હોલ, નિર્મલા સ્કૂલ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ઉપલેટા નિવાસી હાલ-મુંબઈ, સરોજબેન સુરેશભાઈ દફતરી (ઉં.વ. ૮૪) તા. ૨૮-૪-૨૬નાં અરિહંતશરણ પામેલ છે. તેઓ ડૉ. સુરેશચંદ્ર હરિશંકર દફતરીના ધર્મપત્ની. સ્વ. નરોત્તમદાસ દલિચંદ શેઠ તથા સ્વ. કંચનબેન નરોત્તમદાસ શેઠના સુપુત્રી. ચિ. ડૉ. સુનીલ, ચિ. ડૉ. નીરવના માતુશ્રી. અ.સૌ. ગાર્ગી તથા અ.સૌ. ડૉ. અલ્કાના સાસુજી. અ.સૌ. ધ્રુવી કિષન ગુપ્તા તથા ચિ. મીતના દાદીશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મીરારોડ, સ્વ. રજનીકાંતભાઈ મગીયા (ઉં.વ.૭૬) ૨૫.૪.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ચંપાબેન ધીરજલાલ મગીયાના પુત્ર. હર્ષાબેનના પતિ. પુજા, પાર્થસારથી, હર્ષના પિતાજી. કેયુરકુમાર, ક્રિનલના સસરા. અનીલભાઈ, કિરીટભાઇ, સ્વ. વિમળાબાઈ મહાસતીજી, સ્વ. નાનીબેન પી. શેઠ, સ્વ. પુષ્પાબેન એન.શાહ, દમયંતીબેન એન.દેસાઈ, પ્રફુલ્લાબેન ડી. પારેખના ભાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૩૦-૪-૨૬ સાંજે ૪ થી ૫:૩૦. પાવનધામ મહાવીરનગર કાંદીવલી વેસ્ટ.

**ઝાલાવાડી જૈન**

ધ્રાંગધ્રા નિવાસી, હાલ કાંદિવલી વેસ્ટ, આશિષભાઈ કિરીટકુમાર શાહના પત્ની અ.સૌ. પારૂલબેન શાહ (ઉં.વ.૬૨) ૨૭-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. દિવીજ અને રીતૂના માતૃશ્રી. વિમલાબેન કરમચંદ કોઠારીના પુત્રી. સ્વ. કાંતાબેન મુળચંદ શાહના દોહિત્રી. ઉદયભાઈ કિરીટકુમાર શાહ, નંદિતાબેન શેખરભાઈ સોનારના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વીશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. વૃજલાલ ઠાકરશી ઝાંગડાનાં ધર્મપત્ની ગં.સ્વ. જયોત્સનાબેન (ઉં.વ.૮૪) બુધવાર ૨૯.૦૪.૨૬ના અરિહંતશરણ પામેલ છે. રાકેશ-મંજરી, પારુલ-આશિષ વોરા, જયેશ-ફાલ્ગુની, ફાલ્ગુની-તુષાર સંઘવીનાં માતૃશ્રી. દલીચંદ લક્ષ્મીચંદ શાહનાં (મોટી વાવડી) પુત્રી. જીનાલિ-રોહિત, શ્રેણી-નિમિત્ત, સ્મિત, જહાન્વીનાં દાદી. મિત-રિદ્ધિ, નિયતિ-પાર્થ, સિધ્ધાંતનાં નાની. પ્રાર્થનાસભા તા. ૩૦.૦૪.૨૬ સાંજે ૪:૩૦ થી ૬:૦૦. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર પૂર્વ.

**ઘોઘારી વિશા ઓશવાળ જૈન**

મહુવા નિવાસી હાલ વિલે પારલે, હંસાબેન શાહ (ઉં.વ.૮૭) તે સ્વ. મનહરલાલ કાન્તિલાલ શાહના ધર્મપત્ની. સ્વ. હેમંત, હરેશ, સંજય તથા ચંદ્રેશના માતુશ્રી. સ્વ. હિના, અ.સૌ. શીલા, અ.સૌ. નીલમના સાસુ. મૌલિક - વિશાખા, જૈનમ - નેહા, પ્રશમ, પ્રણવના દાદી. પિયરપક્ષે સ્વ. કંચનબેન નાનચંદ છગનલાલ શાહના દીકરી. તા ૨૮/૦૪/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થાનઃ ૬, દુર્ગા વિલા લલિતા સોસાયટી, ગોખલે રોડ, વિલે પાર્લે ઇસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

બારોઇ હાલે વડોદરાના અ.સૌ. દિના મહેન્દ્ર કેનીયા (ઉં.વ. ૫૫) ૨૮-૪-૨૬ના અવસાન પામેલ છે. સાકરબેન મગનલાલના પુત્રવધુ. મહેન્દ્રના પત્ની. હાર્દિક, દીપના માતુશ્રી. ચંચળબેન દામજીના સુપુત્રી. કલ્પના, અરૂણા, દર્શના, જીજ્ઞા નિમેષના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : મહેન્દ્ર કેનીયા, બી/૧૦૨, વ્રજ એવેન્યુ, આજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯.

ચીઆસરના માતુશ્રી મંજુલાબેન રાઘવજી ગડા (ભોઈમા) (ઉં.વ.૮૨) તા. ૨૭.૪ના અરિહંત શરણ પામેલ છે. રાણબાઈ રતનશીના પુત્રવધુ. સ્વ. રાઘવજીના ધર્મપત્ની. ભારતી ચૈતાલી, મિતાલીના માતુશ્રી. ભોજાય દેવકાંબેન મુરજી રતનશીના પુત્રી. બાંભડાઈ મેઘબાઈ રતનશી, દેવપુર સાકરબેન લીલાધર, વિઢ ઝવેરબેન માવજી, હ. મંજલ ચંચળબેન અમૃતલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચૈતાલી ગડા, ૨૪૫ વીરા શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, ડોંબીવલી (ઈ).

ગોધરાના પ્રવિણચંદ્ર શામજી હરીયા (ઉં.વ. ૮૫) ૨૭-૪-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી ગંગાબેન શામજી શીવજીના પુત્ર. કુસુમબેનના પતિ. ચિરાગ, રૂપલના પિતા. સ્વ. લક્ષ્મીચંદ, સ્વ. ચંદ્રકાંત નલીની, વર્ષાના ભાઇ. પુનડીના માતુશ્રી દેવઇબાઇ નરશી ચનાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ : પ્રવિણચંદ્ર શામજી, ૧ મેખલા બીલ્ડીંગ, સમર્થ નગર, ચુનાભટ્ટી (ઇ.), મું.

સુવઇના શ્રી લાલજી રામજી સાવલા (ઉં.વ. ૭૧) તા. ૨૮-૪-૨૬ના અવસાન પામેલ છે. મોંઘીબેન રામજી વાલજીના પુત્ર. હીરાબેનના પતિ. વિવેક, સ્વ. રાહુલ, સ્વ. અમિષાના પિતા. સ્વ. પ્રેમજી, સ્વ. વિશનજી, સ્વ. કેસર, લક્ષ્મી અમૃત,ચીમનલાલ, સ્વ. નવિનચંદ્ર, ધીરજ (મહેન્દ્ર), વસંત, ભારતીના ભાઇ.ત્રંબૌના સ્વ. કરમાબેન ભુરાલાલ નાથાલાલ ગાલાના જમાઇ. પ્રાર્થના સ્થળ : યોગી સભાગૃહ, દાદર (ઇ.) ટા. ૪.૦૦ થી ૫.૩૦.

---

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

# લાડકી

## કથા કોલાજ

કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

# એ બધી તો ફક્ત મારી સાડી ને ઘરેણાં જોવા માટે આવતી...

(ભાગ: ૭)

નામ: બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)
સમય: ૩૦ ઓક્ટોબર, ૧૯૭૪
સ્થળ: (વાડીલાલ સારાભાઈ હોસ્પિટલ) અમદાવાદ
ઉંમર: ૬૦ વર્ષ

શાંતિ હીરાનંદ... મારી દીકરી ગણો, મારી શિષ્ય ગણો કે મારી વારસદાર. એનું મારી સાથે એક અજબ જેવું તાદાત્મ્ય રહ્યું. એણે મને ખૂબ ચાહી, મારી પાસેથી લઈ શકાય એટલું જ્ઞાન અને સૂરો એણે વારસામાં મેળવી લીધા. આજે વિચારું છું તો મને સમજાય છે કે, આપણે કોઈને જન્મ આપીએ એ જ આપણા વારસદાર નથી હોતા.

ક્યારેક અલ્લાહ આપણને એવા વારસદાર આપે છે જે આપણા લોહી-માંસમાંથી નહીં, પરંતુ આપણા હૃદયમાંથી, આપણા આત્મામાંથી અને આપણા સૂરોમાંથી જન્મે છે. શાંતિ પણ એવી જ દીકરી, વારસદાર નીકળી!

અબ્બાસી સાહેબ સાથેના લગ્ન મારે માટે જીવનની ઉપલબ્ધિ હતા. એક તવાયફની દીકરીના લગ્ન આવા નવાબોના ખાનદાનોમાં થાય એટલું જ નહીં, પહેલી અને એક માત્ર બેગમ તરીકે તવાયફને સન્માન મળે એ દરેકના નસીબમાં નથી હોતા. અબ્બાસી સાહેબે મને જે સન્માન આપ્યું એની સામે મેં એમને વચન આપ્યું હતું કે, હું પારકા પુરુષોની મહેફિલમાં નહીં હોઉં. મેં સંગીત છોડ્યું એ પછી મને પણ એવું લાગ્યું કે મને મન અને ગળાના આરામની જરૂર હતી. લગભગ પાંચ વર્ષ સુધી તો મેં હાર્મોનિયમને હાથ પણ લગાડ્યો નથી.



બેગમ અખ્તર (અખ્તરીબાઈ ફૈઝાબાદી)

ક્યારેક તો અબ્બાસી સાહેબ અકળાઈને કહેતા, ‘કભી તો રિયાઝ કર લિયા કરો’ પરંતુ, હું જાણે મનથી જ થાકી ગઈ હતી... પરંતુ, અમારો પ્રેમ કે દોસ્તી જે ગણો તે સંગીતને કારણે જ થઈ હતી એટલે હું સંગીતથી તદ્દન વિમુખ થઈ જાઉં એ અબ્બાસી સાહેબને પસંદ નહોતું. એમાં એક દિવસ હું સખત બીમાર પડી. અબ્બાસી સાહેબે ડોક્ટર, વૈદ્ય, હકીમ બધું અજમાવી લીધું, પરંતુ મારી તબિયતમાં કોઈ ફેર જ નહોતો પડતો. હું વધુને વધુ માંદી પડતી જતી હતી... અબ્બાસી સાહેબના એક અંગત મિત્ર, જે મારા ફેન હતા. એમણે એક દિવસ અબ્બાસી સાહેબને કહ્યું, ‘બૂરા મત માનના... તુમને ઉસકી જાન ભી છીન લી હૈ.’ અબ્બાસી સાહેબને પણ લાગ્યું કે, કદાચ આ માંદગી સંગીતથી દૂર રહેવાને કારણે હોઈ શકે. એમણે એમના એક મિત્ર ઓલ ઈન્ડિયા રેડિયો ઉપર કામ કરતા હતા.

મિસ્ટર મલ્હોત્રા. એમણે ઓલ ઈન્ડિયા રેડિયો બોલાવીને ફક્ત સાજિંદાઓની હાજરીમાં ગીત રેકોર્ડ કરવાની જીત પકડી. હું ના પાડતી રહી, પરંતુ અબ્બાસી સાહેબે મારે બદલે હા પાડી દીધી. એ જાતે મોટર લઈને મને એઆઈઆર મૂકવા આવ્યા જ્યારે રેકોર્ડિંગ પૂરું થયું અને એ જ રેકોર્ડિંગ મને સંભળાવવામાં આવ્યું ત્યારે મારી આંખોમાંથી લગાતાર આંસુ વહેતાં હતાં. અચાનક મારું ધ્યાન ગયું, હું શરમાઈ ગઈ, મેં કહ્યું, ‘હાય અલ્લાહ! કોઈ દેખેગા તો ક્યા કહેગા.’

એવી જ રીતે એક વાર આકાશવાણી પર મારે રેકોર્ડિંગ હતું. હું જ્યારે પણ ઘરની બહાર નીકળતી ત્યારે મારી સાથે એક અટેન્ડન્ટ રહેતી. કારમાં મારી સાથે એક બાસ્કેટ રહેતી જેમાં થર્મોસમાં ચા, ઘરનો નાસ્તો, નાજુક ક્રોકરી, નેપકીન વગેરે રહેતા. હું જ્યારે બહાર નીકળતી ત્યારે પૂરેપૂરી તૈયાર થઈને ભારે સાડી, દાગીના પહેરીને-એક બેગમની જેમ નીકળું એવો અબ્બાસી સાહેબનો આગ્રહ રહેતો. સાચું પૂછો તો મને પણ સાજ-સજાવટનો શોખ હતો.

હું જ્યારે પણ ઓલ ઈન્ડિયા રેડિયો જતી ત્યારે કેટલીક સ્ત્રીઓ તો ફક્ત મારી સાડી અને ઘરેણા જોવા માટે, મને જોવા આવતી... એમાં એક દિવસ ઓલ ઈન્ડિયા રેડિયોમાં રેકોર્ડિંગ કરીને હું ઘરે આવી ગઈ ત્યારે મને ખ્યાલ આવ્યો કે, પન્નાનો એક ઝુમકો ક્યાંક પડી ગયો છે. ઘરમાં કોઈને કહેવાનો અર્થ જ નહોતો. અબ્બાસી સાહેબને ખબર પડે તો મારી ધૂળ ઝાપટી નાખે કારણ કે, એ ઝુમકા એમણે મને ‘મુંહ દિખાઈ’માં આપ્યા હતા. બેશકિમતી એક ઝુમકાને મેં સાચવીને મૂકી દીધો. ઓલ ઈન્ડિયા રેડિયોમાં કોઈને પૂછવાનો અર્થ નહોતો કારણ કે, ત્યાં અબ્બાસી સાહેબના મિત્રો હતા અને કદાચ કોઈકે લઈ લીધો હોય તો કોઈ ગરીબ, સફાઈ કામદારનું આવી બને...

પરંતુ, બપોરે જ ડ્યૂટી ઓફિસરનો ફોન આવ્યો. એમણે કહ્યું, ‘આપ કા કુછ ખોયા હૈ?’ હું જાણતી હતી એ શેની વાત કરી રહ્યા છે છતાં મેં કહ્યું, ‘દિલ ખોયા થા સાલો પહેલે અબ તક નહીં મિલા...’ એ હસવા લાગ્યા. પછી ઝુમકાની વાત નીકળી એટલે મેં કહ્યું, ‘હું જાતે આવીને લઈ જઈશ.’ હું લેવા ગઈ ત્યારે ડ્યૂટી ઓફિસરે કહ્યું, ‘આપને નાહક ઝહેમત કી, હમ ભીજવા દેતે...’ મેં મજાકમાં કહ્યું, ‘ના ભઈ! કિસકી જાન ફાલતુ હૈ જો ઈસ જોખિમ કો લેકે નીકલતા!’ અમે બંને હસી પડ્યા. વર્ષો પછી યોગેશ પ્રવીણ નામના લખનઊ ઓલ ઈન્ડિયા રેડિયો પર કામ કરતા વ્યક્તિએ આ પ્રસંગ શેર કર્યો ત્યારે બધા બહુ હસ્યા હતા.

એક વાર બિસ્મિલ્લાહ ખાન મારે ઘેર પધાર્યા હતા. એમણે મને ગાવાનું કહ્યું, ‘બાઈ, જરા કુછ સુનાઓ...’ મારા ગળામાં ‘અ-કાર ની તાન’ લેતી વખતે ‘અ’ કહેતા મારું ગળું સહેજ ફાટી જતું. આમ તો આ જ મારા ગળાની અલાયદગી હતી. ઘરમાં ગાવું મને બહુ ગમતું નહીં, પણ ખાન સાહેબની હાજરીમાં તો અબ્બાસી સાહેબ પણ અડધા અડધા થઈ જતા.

એમણે પણ કહ્યું, ‘બેગમ ખાં સાહબ કહતે હે તો સુનાઈએ...’ મેં ગાયું, ‘નિરાલા બનરા દીવાના બના દે...’ જ્યારે મેં ગળું ખેંચ્યું અને અકાર ફાટ્યો ત્યારે ખાન સાહેબ બોલી ઉઠ્યા, ‘અહા! યહી તો સીતમ હૈ તેરી આવાઝ કા, જબ આવાઝ લહેરા કે ભારી હો જાતી હૈ તબ જાન હી લેકર છોડતી હૈ.’

હવે મને સમાજના ઉચ્ચ સ્તર પર નવું જ સ્થાન મળ્યું હતું. એનાથી મને ફાયદો પણ થયો. મેં ઝડપથી સંપર્કો સ્થાપિત કર્યા, મારા પ્રયત્નોથી મને ઉત્તમ પરિણામ પણ મળ્યું. દેશભરમાં સંગીત કાર્યક્રમોમાં મને આમંત્રણ મળવા લાગ્યું.

અત્યાર સુધી જે ‘કોઠા’ પર ગવાતું હતું એ મારે માટે એક સન્માનનીય સ્થાન બન્યું. મારા વ્યક્તિત્વ અને આટલાં વર્ષોની મહેનત પછી મળેલી રેડિયો, સ્ટેજ ગાયનની સમજ, ગાયકીના પ્રકારો સાથે, મને ભરપૂર પ્રશંસા મળી. હું કોઈપણ બંદિશના સારને મનમોહક રીતે અભિવ્યક્ત કરી શકતી. એક શિલ્પકારની જેમ આકાર આપવામાં હું માહિર હતી.

એવું નથી કે મારાથી મોટી ઉંમરના પ્રખ્યાત ગાયકો, જેમ કે રસૂલનબાઈ, બડી મોતીબાઈ, કે સિદ્ધેશ્વરી દેવી, આ હાંસલ કરી શક્યાં નહોતાં, પરંતુ તેમણે બનાવેલી સંગીતમય ઇમારત શાંતિ અને આરામની દુનિયા માટે હતી, જ્યાં સમય નદીની જેમ વહેતો હતો. તેમનું ગાયન ખાનગી મેળાવડામાં અંગત પ્રશંસકો સામે વધુ યોગ્ય હતું, જે વ્યક્તિગત આશ્રયનું મોહતાજ હતું. અલબત્ત, બનારસની બહાર ભારતના અન્ય ભાગોમાં તેમની મહેફિલોનું આયોજન થતું હતું, પરંતુ કદર કરનારા ધનિક લોકોની સંખ્યા ઘટી રહી હતી અને આધુનિક જીવનના ગ્લેમરમાં, તેમના (પુરુષ) પ્રશંસકોને હવે આવી મહેફિલોનું આયોજન કરવામાં રસ ઘટી રહ્યો હતો.

ઓલ ઈન્ડિયા રેડિયો પર મારા માસિક કાર્યક્રમો આવતા. દેશભરના સૌથી મહત્ત્વપૂર્ણ વાર્ષિક સંગીત ઉત્સવોમાં આમંત્રણો અને સરકારી, બિન સરકારી કાર્યક્રમોમાં મને આમંત્રણ મળવા લાગ્યાં.

જે લોકો ગઈકાલ સુધી ‘નવાબ’ અને ‘સાહેબ’ હતા એમની જ પાસે એમની જમીનો અને રજવાડા નહોતા રહ્યા. રિયાસતનું સ્થાન સિયાસતે લઈ લીધું હતું. જેમાં આવી, કોઠાની ‘બાઈજી’ને બદલે ‘બેગમ’ અખ્તરને વધુ આદર, પ્રશંસા અને કાર્યક્રમો મળે એ સ્વાભાવિક હતું. હું કોઈક રીતે પૂરતી કમાણી કરવામાં સફળ રહી જેથી મારા શોખ અને સંગીત ટકી રહે. જોકે, મારી સહજ ઉદારતા અને ખુલ્લાપણાથી મારી નાણાકીય સમસ્યાઓમાં ઝાઝો ફેર પડ્યો નહીં.

આજે જ્યારે જિંદગીના છેલ્લા શ્વાસ ગણી રહી છું ત્યારે પણ મારી બેન્કમાં લાખો રૂપિયા નથી, પણ ખુશનસીબ છું કે મેં મારા જીવનમાં મને જે મળ્યું એને પૂરેપૂરું માણ્યું છે. હું માયુસ નથી, શુક્રગુઝાર છું. આજે અહીં સૂતી છું ત્યારે મને ખબર છે કે બહાર કેટલા લોકો મારા સાજા થવાની દુઆ કરી રહ્યા છે. (ક્રમશ:)

## લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# મહાદાન કરવું છે?




હા, મહાદાન એટલે રક્તદાન અને અંગદાન. તંદુરસ્ત હો તો દરેકે રક્તદાન તો કરવું જ જોઈએ. તમારા રક્તદાનથી જરૂરતમંદ વ્યક્તિની જિંદગી બચી શકે છે. આ લખનારને પણ રક્તદાનનો મહિમા ખબર છે એટલે યુવાનીમાં એક-બે વાર રક્તદાન કરેલું. પણ પછી તો ‘પાકા ઘડે કાંઠા ન ચડે’ એ પ્રમાણે પાંસઠ વટાવી ચૂકેલાનું રક્ત ડોક્ટરો લેતા નથી. જો કે અમારી ઉંમર ભલે પાંસઠ વટાવી ચૂકી હોય છતાં ડોક્ટરો અમારું રક્ત નહીં જ લે એ ખાતરી સાથે અમે રક્તદાન કરવા ગયાં.

ડોક્ટરે એક ફોર્મ ભરવા પહેલાં કેટલાક પ્રશ્નો પૂછ્યા.

‘તમને કોઈ રોગની દવા ચાલે છે?’

અમે કહ્યું, ’હા. પણ એ બધા કોમન અને સર્વવ્યાપી, કાબૂમાં કરી દીધેલા રોગ છે. એમાં ડોક્ટર સાહેબ, ગભરાવાની કોઈ જરૂર નથી.’

‘બહેન, ગભરાવાનો હું નથી. પણ ગભરાવાની જરૂર જે દર્દીને લોહી ચડશે એને તો ખરી કે નહીં?’

મેં વળી જરા મજાકમાં કહ્યું, ‘ડોક્ટર, એમાં ફાયદો તમને જ છે.’

‘એ કઈ રીતે બહેન?’

‘જુઓ ડોક્ટર, તમે અમારું રક્ત જેને ચડાવો એને પણ અમારા જેવા કોમન રોગ થશે અને એ તમારી દવા લેવા આવશે. આખરે ફાયદો તો તમને થશે જ. અને બીજી વાત, આમાં આમ જુઓ તો તમારે લીધે કે મારાં રક્તને લીધે જરૂરિયાતમંદને આવા કોમન રોગ થવાના નથી. પણ આવા રોગ તો આજકાલ બધાને આપણા ખોરાક, હવા, પાણી અને કુટેવને કારણે મફતમાં મળેલા છે. સમજ્યા ને તમે?’

ડોક્ટર થોડા ગૂંચવાયા હોય એમ લાગ્યું :

‘બહેન, લ્યો, આ ફોર્મમાં એ રોગનાં નામ લખો.’

અમે વિચારી વિચારીને આશરે દસેક જેટલા રોગોનાં નામ લખ્યાં. ડોક્ટરની આંખો ચાર થઈ ગઈ. તે કટાક્ષમાં બોલ્યા, ‘બસ આટલા જ રોગ? હજી યાદ કરી લ્યો. કોઈ લખવાના રહી નથી જતા ને? અને હા, ઉંમર તો પૂછવાની રહી જ ગઈ.’

‘ડોક્ટર, તમને અમારી ઉંમર કેટલી લાગે છે?’

‘બહેન, મને શી ખબર પડે?’

‘આમ અમે રૂપાળાં અને સ્લિમ ટ્રિમ. એટલે બધા મને એકવીસની જ માને છે.’

પાછળ વધી ગયેલી રક્તદાતાની લાઇનને કારણે અકળાયેલ ડોક્ટર તાડૂક્યા. ‘હવે ઉંમર લખવાની કે ફોર્મ ભરવાની પણ જરૂર નથી. તમને દસ-દસ રોગ હોવાથી તમારું રક્ત અમે લઈ શકીએ એમ નથી.’

‘પણ ડોક્ટર, અહીં ઊભેલા એક પણ રક્તદાતા એવા નહીં હોય જેને મારી જેમ સુગર, પ્રેશર, ગઠિયા, માથાના, છાતીના દુ:ખાવા, સોજા, શરદી, ઉધરસ વગેરે વગેરે રોગ ના હોય... ખેર, તમે એક રક્તદાતાને ગુમાવી રહ્યા છો એટલું નક્કી છે.’ આમ તો અમે સેવાના ભેખધારી. પણ સેવા કરવામાં ઘણી વાર અમે પાછળ પડીએ છીએ, પણ સંજોગો જ વિપરીત આવી પડે. અમારા પ્રમુખે મિટિંગમાં એલાન કરેલું કે દરેક બહેનોએ સાતથી આઠ રક્તદાતા ફરજિયાત લઈ આવવાના છે.

‘દાતા જ લાવવાના છે ને. એમાં શી મોટી વાત છે?’ અમે ચાલુ મિટિંગે ઊભા થઈને દસથી બાર દાતા લાવવાનું વચન આપી દીધું. મારી બાજુવાળી બહેને મારો હાથ પકડીને મને બેસાડી દેવાની બહુ કોશિશ કરી હતી, પણ એ કાળ ચોઘડિયે એલાન કરતાં તો કરી દીધું, પણ પછી આખી રાત ભયંકર સ્વપ્નો આવ્યાં. એમાંનું છેલ્લું સ્વપ્ન તો કંઈક વધારે પડતું ભયાનક હતું. રક્તદાતાની શોધમાં આખું શહેર ફરી વળી, પણ હું એમાં નિષ્ફળ રહી. અંતે ઊભાં થઈને કરેલ મારું એલાન બધાએ યાદ કરાવ્યું અને સર્વાનુમતે નક્કી થયું કે, ‘ભલે તમે રક્તદાતા લાવ્યાં નથી. તો હવે અમે સજા રૂપે તમારા શરીરમાંથી દસેક બોટલ લઈને જ રહીશું.’

અને એ સાથે જ ગભરાટથી મારી આંખો ખૂલી ગઈ. આ ભયંકર સ્વપન જોયાં બાદ અમે રક્તદાતા શોધવાની ચળવળ સઘન બનાવી દીધી. અમે અમારી કવિતાના પ્રશંસક એવા એક ભાઈને રકતદાન માટે ફોન કર્યો.પેલા ભાઈએ જવાબ આપ્યો, ‘બહેન, તમે વ્હોટ્સ એપ ઉપર કવિતા મોકલી મોકલીને મારું અનેકગણું લોહી ઓલરેડી પી લીધું છે. હવે તમને આપવા માટે મારી પાસે એક પણ બુંદ રક્ત નથી. બહેન, સોરી...’ એમ કહીને ફોન ધડામ દઈને કટ કરી વ્હોટ્સ એપ ગ્રૂપમાંથી તેમણે મને બ્લોક કરી દીધી. રક્ત માગવામાં મેં મારી કવિતાનો એક ભાવક ગુમાવ્યો.

આમ છતાં અમે હિંમત એકઠી કરીને એક તંદુરસ્ત કવિ (માત્ર શરીર સૌષ્ઠવમાં) ને ફોન કર્યો. ‘ભાઈ કવિરાજ, શું તમે રક્તનું દાન કરશો?’

અને કવિરાજે પહેલાં રક્ત ઉપર પોતાની દસ કવિતા સંભળાવી. જીવનમાં પહેલીવાર એમની દસ કવિતા સાંભળીને મને આત્મજ્ઞાન લાધ્યું કે જો મને આટલી કવિતા સાંભળ્યા બાદ ચક્કર આવી ગયાં. એ પછી પણ એમણે ‘બીજી દસ કવિતા સાંભળો તો હું રક્તદાન વિશે વિચારું.’ એમ કહેતાં જ મેં ફોન કટ કર્યો.

બંને પ્રયત્નોમાં નિષ્ફળ ગયા બાદ સશક્ત એવા રસ્તામાં સામે મળતા ભાઈઓ તેમજ બહેનો તરફ ધસી જઈને વન ટુ વન સંપર્ક શરૂ કર્યો. એમને રક્તદાનનો મહિમા સમજાવવામાં કશું જ બાકી ના રાખ્યું. અંતે મેં મારા કેટલાક શિષ્યોને પણ ફોન કરી જોયા. એકે ફોન ઉપર કહ્યું, ‘ઘરમાં ઘરવાળી ઓછી લોહી પી છે કે તમને રક્ત આપવાના.’

અંતે અમે નાદારી નોંધાવતાં સેવામંડળની મીટિંગમાં ગયાં અને હાર સ્વીકારીને બોલ્યાં, ‘તમે મને રક્તદાન ઉપર કવિતા લખવા આપો તો ૧૦ લખીને આપીશ. બાકી આ રક્તદાનવાળું જરા...’

ત્યાં તો એક સખીએ કહ્યું, ‘મને ઘણા બધા દાતા મળ્યા છે. એમાંથી થોડા રક્તદાતા હું તમારે નામ કરું છું.’

અને એ સાથે જ અમારું રક્ત ફરી ઉછાળા મારતું વહેવા લાગ્યું.

## ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી

શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com


# જિંદગી ગુલઝાર હે...

*जिंदगी खाक ना थी खाक उडाते गुजरी*
*तुझसे क्या कहते तेरे पास जो आते गुजरी*

*दिन तो गुजरा तो किसी याद की राह में गुजरा*
*शाम आई तो कोई ख्वाब दिखाते गुजरी*
*तुझसे क्या कहेते तेरे पास जो आते गुजरीत।।*

હેડફોનમાં હદીકા ક્યાનીનો અવાજ ધીમે ધીમે વહેતો હતો. આશ્કા બસ સ્ટોપ તરફ ચાલતી હતી. પગમાં જૂના સ્લીપર, ખભ્ભાં પર ઘસાઈ ગયેલી બેગ, અને મનમાં વર્ષોથી ભરાયેલો એક અજાણ્યો ખાલીપો. મધ્યમવર્ગીય પરિવારની મોટી દીકરી હોવાને કારણે બાળપણથી જ એણે જવાબદારીઓને પોતાની ફરજ સમજી પકડી લીધેલી. આમ એ નાની હતી ત્યારે ઘરમાં ખુશીઓનો માહોલ છવાયેલો રહેતો એવું આછું-આછું એને યાદ આવતું. જોકે પિતાએ દીકરાની લ્હાયમાં મા ને તરછોડી બીજા લગ્ન કર્યા અને ઘરનું વાતાવરણ જાણે રુંધાય ગયું. મા સ્વાભિમાની હતી. એણે એક નાની પ્રાઈવેટ કંપનીમાં નોકરી લઈ લીધી. દિવસ-રાત મહેનત કરતી માનો સંઘર્ષ અને એકલતા જોતાં મોટી થયેલી આશ્કાના મનમાં એક માન્યતા ઘર કરી ગયેલી કે, ‘જીવન એટલે સંઘર્ષ અને પુરુષ એટલે દુ:ખ આપનાર પ્રજાતિ.’

શાળામાં આશ્કા હંમેશા પ્રથમ આવતી. શિક્ષકો એની પ્રશંસા કરતાં, પણ પિતાના કાને એ વખાણ ક્યારેય ન પહોંચતા. એક દિવસ ફી ભરવાની તારીખ નજીક આવી. પૈસા તો હતા નહીં. પિતા એ ઘસીને ના પાડી દીધી. મા મૌન રહી. આશ્કાએ ઈનામમાં મળેલી ટ્રોફીઓ, પુસ્તકો અને થોડાં મેડલ્સ વેચી પોતાની ફી ભરી. એ દિવસથી એણે ગાંઠ બાંધી કે ‘મારે કોઈ પર નિર્ભર રહેવું નથી.’ આ નિર્ણયે એના નાજુક મનને મજબૂત બનાવ્યું, પણ સાથોસાથ એના વ્યક્તિત્વની અંદર કઠોરતાનો ઉમેરો થતો ગયો.



સંઘર્ષ કરતાં-કરતાં આશ્કાએ સ્કોલરશિપ સાથે શહેરની મોટી યુનિવર્સિટીમાં પ્રવેશ મળ્યો. એના માટે આ ફક્ત ભણતર નહોતુ. એની સ્વતંત્રતાની દિશામાં પહેલું પગથિયું હતું. પહેલાં જ સેમેસ્ટરમાં એક પ્રેઝન્ટેશન દરમિયાન એની મુલાકાત ઝેયાન સાથે થઈ. ઝેયાન ધનાઢ્ય પરિવારનો, આત્મવિશ્વાસથી ભરેલો, વિનમ્ર અને હોશિયાર યુવાન. આશ્કાને જોકે પુરુષ માત્રથી વાંધો એટલે ઝેયાનથી એને કોઈ નિસ્બત નહોતી, પરંતુ ગ્રુપ પ્રોજેક્ટમાં બન્નેને સાથે કામ કરવાનું આવ્યું. આશ્કા બધું પોતે જ કરવાનું પસંદ કરતી. ઝેયાનની મદદ એને બોજ લાગતી. એક સાંજે પ્રેઝન્ટેશન પહેલાં એ લેપટોપ ક્રેશ થઈ ગયું.

આશ્કાની મહિનાઓની મહેનત પળોમાં ગાયબ થઈ ગઈ. એ અત્યંત ગભરાઈ ઊઠી. મનોમન જાત પર ગુસ્સે ભરાય. પણ હવે શું? ઝેયાને શાંતિથી કહ્યું, ‘ચાલ, આપણે ફરી બનાવી લઈએ.’ આશ્કાએ છણકો કરતાં તીખો જવાબ આપ્યો : ‘તારા માટે આ રમકડું હશે, મારા માટે જિંદગીભરની કમાણી.’ કહેતાં એ થોડી ઓઝપાય છતાં ઝેયાન બેસી રહ્યો.અંતે ગુસ્સો ઊતરતા આશ્કાને હકીકતનું ભાન થયું. રાત સુધી બન્નેએ સાથે મળી ફરી પ્રેઝન્ટેશન તૈયાર કર્યું. બીજા દિવસે જ્યારે સમયસર સબમિશન થઈ ગયું ત્યારે આશ્કાને પહેલી વાર લાગ્યું કે કદાચ દરેક પુરુષ સ્વાર્થી કે ખરાબ નથી હોતો.

એક દિવસ લાઈબ્રેરીમાં ઝેયાને પૂછ્યું, તું બધાંથી દૂર કેમ ભાગે છે? આશ્કાએ થોડી ક્ષણોના મૌન બાદ કહ્યું: ‘કારણ કે નજીક આવનાર લોકો જ સૌથી વધુ દુ:ખ આપતા હોય છે.’ ઝેયાને હળવેથી જવાબ આપ્યો : ‘સાચું છે, પણ દૂર રહેવાથી કંઈ ખુશી નથી મળતી.’ એ વાક્ય આશ્કાના મનમાં ગુંજતું રહ્યું.

ઘરે પરિસ્થિતિ એ જ હતી. પિતા ક્યારેક આવતાં. શબ્દોના ઘા આપી જતા. માનો સંઘર્ષ ક્યારેય પૂરો ના થતો અને આશ્કાની લાચારી કાયમ રહેતી. જોકે સમય સાથે આશ્કા બદલાતી ગઈ. એ હજુ પણ સ્વાભિમાની હતી, પરંતુ હવે એણે સમજ્યું કે માત્ર જિંદગી વિશે રોદણાં રોવાથી કંઈ ના વળે, એની સામે લડવું પડે. એણે પોતાની નાની બહેનોને ભણાવવાનું શરૂ કર્યું.

ઘર ખર્ચમાં મદદરૂપ થવા પાર્ટ ટાઈમ નોકરી સ્વીકારી અને સાથોસાથ કોલેજમાં ટોપ કરતી રહી. ઝેયાને એને સમજાવેલું કે માત્ર જિંદગીને કોસવાથી પરિસ્થિતિ બદલાતી નથી. એ માટે પ્રયત્ન કરવા પડે.

એ વાક્ય આશ્કાએ ગાંઠે બાંધી લીધું. તરુણાવસ્થા વટાવી યુવાન બનેલી આશ્કાએ સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મેળવી. ઘરે પહેલી વાર ખુશીનો માહોલ હતો. મા આંખોમાં આંસુ સાથે એને વળગી પડી. આશ્કાએ એના હાથ પકડીને કહ્યુ : ‘આપણે હવે કોઈ સામે નમવું નહીં પડે.’

આજે વર્ષો પછી બાલ્કનીમાં ઊભી રહીને આશ્કા ફરી એ જ ગીત સાંભળતી હતી. ‘જિંદગી ખાક ના થી, ખાક ઉડાતે ગુજરી..’ આ વખતે એના ચહેરા પર શાંતિ હતી. જીવનમાં બધું પરફેક્ટ નહોતું, છતાં હવે એને જીવન તરફ ફરિયાદો કદાચ ઓછી હતી. એની પાસે હવે સરસ કારકિર્દી હતી, માની આંખોમાં વર્ષો બાદ હરખ હતો, બહેનોના અવાજમાં રણકો હતો અને દીકરી થઈને જન્મી તે હંમેશાં બોજ રહેવાની એવા એના પિતા જેવી વિચારસરણીના લોકોના ગાલ પર તમાચો હતો.

આશ્કાએ ધીમેથી આંખો બંધ કરી અને મનમાં કહ્યુ : જિંદગી ખરેખર ગુલઝાર છે..જો આપણે એને ફક્ત સહન કરવાને બદલે જીવતાં શીખીએ...

## સામે પૂરે તરીને સફળતા મેળવનારી નારીઃ આરતી સાહા

વિશેષ
રાજેશ યાજ્ઞિક
feedback.ladki@bombaysamachar.com

આજે જે લાડકીની વાત કરવી છે તે સ્ત્રીની શક્તિ, નિશ્ચય અને હિંમતનું ઉત્તમ ઉદાહરણ છે... તેના જીવન વિશે વાંચો તો તમને ખબર પડશે કે તેણે નિષ્ફળતાનો સામનો કેવી રીતે કર્યો અને કેવી રીતે સામે પૂરે તરીને વિજની મંઝિલ સુધી પહોંચી. તેના સ્વભાવમાં હાર માનવાનું હતું જ નહીં. તેણે હકીકતમાં સમુદ્ર વચ્ચેથી તરીને પોતાનો માર્ગ કંડાર્યો...!

એ નારીનું નામ છે આરતી સાહા-ગુપ્તા... પ્રખ્યાત ભારતીય તૈરાક અને ઇંગ્લિશ ચેનલ સફળતાપૂર્વક પાર કરનાર પ્રથમ એશિયન મહિલા.



યુવાન વયે...

આરતી સાહાનો જન્મ ૧૯૪૦માં કોલકાતામાં થયો હતો. તે ત્રણ ભાઈ-બહેનોમાં બીજા હતાં. તેમના પિતા ભારતીય સશસ્ત્ર દળમાં કાર્યરત હતા. આરતી જ્યારે અઢી વર્ષની હતી ત્યારે તેની માતાનું અવસાન થયું. તેના મોટા ભાઈ અને નાની બહેન ભારતીનો ઉછેર તેમના મામાના ઘરે થયો હતો, જ્યારે તેનો ઉછેર તેની દાદી દ્વારા થયો હતો.

ચાર વર્ષની ઉંમરે, તે તેના કાકા સાથે ચંપાતાલા ઘાટ જતી, જ્યાં તે તરવાનું શીખી. આ રીતે આરતીને નાનપણથી જ તરવાનો શોખ હતો. તે દિવસોમાં જ્યારે સ્ત્રીઓને યોગ્ય રીતે શિક્ષણ પણ આપવામાં આવતું નહોતું, ત્યારે આરતીના પિતાએ સ્વિમિંગમાં તેના રસને માત્ર ઓળખ્યો જ નહીં, પણ તે વ્યવસાયિક રીતે તાલીમ મેળવી શકે અને તેનાં સપનાઓને પૂર્ણ કરી શકે તે માટે તેને નૈતિક અને આર્થિક ટેકો આપીને દીકરીની પાછળ મક્કમપણે ઊભા રહ્યા. તેમણે દીકરી માટે એક જાણીતી સ્વિમિંગ ક્લબનું સભ્યપદ લીધું.

એક વ્યાવસાયિક તરવૈયા બનવાના ઉત્સાહ સાથે, આરતીએ ઘણી સ્પર્ધાઓમાં ભાગ લીધો.

હજી તો ઉંમરના પાંચ વર્ષ માંડ પૂરાં થયાં હતાં ત્યારે આરતીએ ૧૯૪૬માં શૈલેન્દ્ર મેમોરિયલ સ્વિમિંગ સ્પર્ધામાં ભાગ લીધો, જ્યાં આરતીએ ૧૧૦ યાડ્ર્સ-વારની ફ્રી સ્ટાઇલ સ્વિમિંગમાં ગોલ્ડ મેડલ જીત્યો. આટલી નાની ઉંમરે આવું પરાક્રમ કોઈ જન્મજાત પ્રતિભાવાન રમતવીર જ કરી શકે.

આરતી એક વ્યાવસાયિક તરવૈયા તરીકે પ્રગતિ કરી રહી હતી અને લોકો તેની પ્રતિભાને ઓળખે તે માટે, રાષ્ટ્રીય ચેમ્પિયન સાથે સ્પર્ધા કરવા માટે તેણે રાજ્ય સ્તરે સ્પર્ધાઓમાં ભાગ લેવો જરૂરી હતો. ૧૯૪૫ અને ૧૯૫૧ ની વચ્ચે આરતીએ પશ્ચિમ બંગાળમાં ૨૨ રાજ્ય-સ્તરીય સ્પર્ધાઓ જીતી. તેની મુખ્ય ઇવેન્ટ્સ ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ, ૨૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક અને ૩૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક હતી. ૧૯૪૮માં આરતીએ મુંબઈમાં યોજાયેલી રાષ્ટ્રીય ચેમ્પિયનશિપમાં ભાગ લીધો હતો. એમાં તેણે ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલ અને ૨૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં સિલ્વર અને ૨૦૦ મીટર ફ્રીસ્ટાઇલમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે વર્ષની સ્પર્ધામાં તે મુંબઈની ડોલી નાઝીર મામનીર સ્પર્ધક પછી બીજા ક્રમે આવી હતી, પણ તે રમત માટે એટલી સમર્પિત હતી કે તેને બીજું સ્થાન મંજુર નહોતું. ૧૯૫૦માં તેણે અખિલ ભારતીય રેકોર્ડ બનાવ્યો. ૧૯૫૧માં પશ્ચિમ બંગાળ રાજ્ય સ્પર્ધામાં, ૧૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોકમાં ૧ મિનિટ, ૩૭.૬ સેકન્ડનો સમય નોંધાવીને તેણે ડોલી નાઝીરનો અખિલ ભારતીય રેકોર્ડ તોડ્યો. આ જ સ્પર્ધામાં, ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ, ૨૦૦ મીટર ફ્રી સ્ટાઇલ અને ૧૦૦ મીટર બેકસ્ટ્રોકમાં નવો રાજ્ય-સ્તરીય રેકોર્ડ બનાવ્યો.

૧૯૫૨ના સમર ઓલિમ્પિક્સમાં ડોલી નાઝીર સાથે તેણે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે ચાર મહિલા સહભાગીઓમાંની એક હતી અને માત્ર ૧૨ વર્ષની ઉંમરે ભારતીય ટીમની સૌથી નાની ઉંમરની સભ્ય હતી. ત્યાં તેણે ૨૦૦ મીટર બ્રેસ્ટસ્ટ્રોક ઇવેન્ટમાં ભાગ લીધો અને હીટ્સમાં, ૩ મિનિટ, ૪૦.૮ સેકન્ડનો સમય નોંધાવ્યો. ઓલિમ્પિકમાંથી પાછા ફર્યા પછી, તેના માટે એક આંચકા સમાન ઘટના બની. ૧૦૦ મીટર ફ્રીસ્ટાઇલમાં તે પોતાની બહેન ભારતી સાહા સામે જ હારી ગઈ. આ હાર બાદ, તેણે ફ્રીસ્ટાઇલને અલવિદા કરીને ફક્ત બ્રેસ્ટસ્ટ્રોક પર ધ્યાન કેન્દ્રિત કર્યું.

આરતી ભરતીય તરવૈયા બ્રોજેન દાસથી ખુબ પ્રભાવિત હતી. ૧૯૫૮ની બટલિન ઇન્ટરનેશનલ ક્રોસ ચેનલ સ્વિમિંગ રેસમાં, બ્રોજેન દાસ પૂર્ણ કરનાર પ્રથમ પુરુષ હતા અને ભારતીય ઉપખંડમાંથી ઇંગ્લિશ ચેનલ પાર કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા. યુનાઇટેડ સ્ટેટ્સનું પ્રતિનિધિત્વ કરતી ડેનિશ મૂળની તૈરાક ગ્રેટા એન્ડરસ ૧૧ કલાક અને ૧ મિનિટનો સમય નોંધાવીને પુરુષો અને સ્ત્રીઓ બંનેમાં સૌથી ઝડપી સાબિત થઇ હતી. આરતી માટે ગૌરવની વાત એ હતી કે, આ ગ્રેટાએ જ આગામી વર્ષની બટલિન ઇન્ટરનેશનલ ક્રોસ ચેનલ સ્વિમિંગ રેસના આયોજકોને આરતીના નામની ભલામણ કરી! આરતીના મેનેજર ડો. અરુણ ગુપ્તાએ આરતી માટે ભંડોળ ઊભું કરવાની ઝુંબેશ આદરી, જેમાં રમતવીરોના ચાહક એવા બંગાળીબાબુએ દિલ ખોલીને મદદ કરી.

આખરે એ દિવસ આવી પહોંચ્યો. ૨૭ ઓગસ્ટ ૧૯૫૯ ના રોજ સ્થાનિક સમય મુજબ રાત્રે ૧ વાગ્યે ફ્રાન્સના કેપ ગ્રીસ નેઝથી સેન્ડગેટ, ઇંગ્લેન્ડ સુધીની સફરની શરૂઆત થવાની હતી. આરતીના કમનસીબે તેની પાઇલટ બોટ સમયસર ન પહોંચી. સવારે ૧૧ વાગ્યા સુધીમાં, તે ૪૦ માઇલથી વધુ તરીને ઇંગ્લેન્ડના દરિયાકાંઠાથી ૫ માઇલ દૂર પહોંચી ગઈ હતી. તે સમયે વિરુદ્ધ દિશામાંથી આવેલા જોરદાર મોજાઓએ તેના માટે તરવાનું મુશ્કેલ બનાવ્યું. પરિણામે, તે ફક્ત ૨ માઇલ વધુ તરી શકી અને પછી પ્રયાસ પડતો મૂકવાની ફરજ પડી. કાંઠે આવીને નૌકા ડૂબી ગયા જેવી હદય વિદારક એ ઘટના હતી. આમ છતાં, આરતી હાર શેની માને? તેણે ક્રોસ ચેનલ રેસમાં ભાગ લેવાના બીજા પ્રયાસ માટે ફરીથી તૈયારી કરી. ત્યારે કમનસીબે તેના મેનેજર ડો. ગુપ્તા બીમાર પડ્યા, છતાં આરતીએ પોતાની પ્રેક્ટિસ ચાલુ રાખી. ૨૯ સપ્ટેમ્બર ૧૯૫૯ ના રોજ, તેણે રેસમાં તેનો બીજો પ્રયાસ શરૂ કર્યો. ફ્રાન્સથી શરૂ કરીને, ૧૬ કલાક અને ૨૦ મિનિટ સુધી તરીને, ૪૨ માઇલના ખતરનાક પ્રવાહો સામે લડીને અને કઠિન મોજાઓ કાપીને તે ઇંગ્લેન્ડના સેન્ડગેટ પહોંચી. શક્તિ, હિંમત અને તાકાતની પ્રતીક વિજયી આરતીએ ત્યાં ગર્વ સાથે ભારતીય ધ્વજ ફરકાવ્યો. આવી ગર્વની ક્ષણ અને સિદ્ધિની રાષ્ટ્રીય સ્તરે ઓલ ઈન્ડિયા રેડિયો પર જાહેરાત કરવામાં આવી. તે દિવસોમાં આવા સમાચાર સાંભળવા મળે એ પણ સન્માનની વાત હતી! આરતીએ ફક્ત એક ચેનલ પાર કરી નહોતી, પરંતુ ઈંગ્લીશ ચેનલ પાર કરનારી પ્રથમ એશિયન મહિલા બનીને ઇતિહાસ રચ્યો હતો. રેકોર્ડ બનાવવાનું જાણે આરતી ભાગ્યમાં લખાવીને જ આવી હતી. ૧૯૬૦ માં, આરતીને 'પદ્મશ્રી' થી નવાજવામાં આવ, અને આવો 'પદ્મ ' ખિતાબ મેળવનારે એ પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બનીને તેણે વધુ એક રેકોર્ડ બનાવ્યો. અરે, સબૂર! હજી તેની યશકલગીમાં એક પીંછું લાગવાનું બાકી છે...

પોસ્ટ વિભાગે તેમની સફળતાને બિરદાવીને આરતીના ફોટા વળી ૩ રૂપિયાની ટપાલ ટિકિટ રજૂ કરી. એ પછી! ૧૯૯૬ માં, આરતીની એક પ્રતિમા તેમના ઘરની નજીક બનાવવામાં આવી. પ્રતિમાની સામે જ ૧૦૦ મીટર લાંબી ગલી હતી, જેનું નામ તેના નામ પરથી રાખવામાં આવ્યું. આમ આરતીના જીવનમાંથી આપણે એ પ્રેરણા મેળવવાની છે, કે આપણા સપનાં ગમે તેટલા અશક્ય લાગે, તો પણ તેનો પીછો ન છોડવો... સતત મહેનત અને હિંમત પછી સફળતા ખુદ આપણો પીછો કરીને એને યાદગાર હકીકતમાં પલટી દેશે! ■

## તુમ્હે યે જિદથી કે હમ બુલાતે...

નિખાર
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com



ક્યારેક સંબંધોના તાણાવાણા એવા ગૂંચવાઈ જતા હોય છે કે કેમય કરીને એ ગાંઠ ઉકેલી શકાતી નથી.

- બસ પછી સંબંધોમાં ગૂંચ પડતી જ રહે છે અને પડતી જ રહે છે.
- જ્યારે એ વ્યક્તિ નથી હોતી ત્યારે એમ થાય છે કે કાશ, પહેલ કરીને બોલાવી હોત તો...!
- આ 'તો' કેટલો મોટો છે ને સંબંધોને આ એક અક્ષર જોજનો દૂર કરી દે છે.
- બસ પછી વ્યક્તિ પાસે રહી જાય છે સંબંધો સાચવી ન શકવાનો વસવસો *વ્યથા ને * પારાવાર પીડા.
- સુરુચિ ક્યારની એકધારી તાકી રહી હતી.
- લૉબીની બહાર ઘૂઘવાતા દરિયાને જોઈ રહી હતી.
- તેનું મન પણ આમ ઘૂઘવાતું હતું.
- તેની ખાસ ફ્રેન્ડ કહો કે તેનું મન, તેની સંપૂર્ણ જાણકારી, તેનો પર્યાય એટલે જ નભ્યા!
- કેટલાં કલોઝ હતાં બંને. કોઈ દિવસ એવો નહતો કે બંને સાથે ન હોય.
- અરે, કોઈ જગ્યા એવી ન હતી જ્યાં એ બંને સાથે ફર્યા ન હોય.
- કેટલાં બધાં સિક્રેટ્સ, તોફાન-મસ્તી, રિસાવવા-મનાવવાની યાદો તેની આંખ સામે તરવરી રહી હતી.
- તો શું જાયું કે બંને આમ સાવ જ છેટાં પડી ગયાં!
- સુરુચિ આજે બસ મનોમંથન પર ઊતરી ગઈ હતી.
- તેને થયું તેની ભૂલ હતી કે નભ્યાની?

* જે સખીઓને એક દિવસ બોલ્યાં વિના ચાલતું નહોતું, તે એક જ શહેરમાં રહેતી હોવા છતાં આજે ૨૯ વર્ષોનાં વહાણાં વાઈ ગયાં છતાં 'તું કેમ છે?' પૂછવાનો સંબંધ પણ કેમ કપાઈ ગયો હતો?

- આજે નભ્યા મૃત્યુ પામ્યાના સમાચાર સાંભળીને સુરુચિ વિચલિત થઈ ગઈ હતી.
- કદાચ કોઈ વેદના કોરી ખાતી હતી કે કેમ, તેણે બોલવાની પહેલ ન કરી.
- ક્યારેક આકસ્મિક રીતે મળી જતાં તો પણ પોતે જાણે જોયું ન જોયું કરીને નભ્યાને ટાળતી.

* નભ્યાએ તેને સામેથી બોલાવવાના કેટલા બધા પ્રયત્નો કર્યા હતા.

- છતાં પોતે પોતાનો વટ ન છોડી શકી.

* ખરેખર તો કેટલાય દિવસથી ક્લબમાં બધાં જ નભ્યાના આકર્ષક ફિગરની પ્રશંસા કરતાં હતાં તે પોતાને ગમતી ન હતી.

* લાખ પ્રયત્નો કરવા છતાં એક સમયની સુરુચિ બ્યૂટીક્વિન ગણાતી તે આજે તો ચરબીનું પોટલું બની ગઈ હતી. લાખ પ્રયત્નો કરવા છતાં તે પહેલાંના જેવી આકર્ષક નહોતી બની શકતી.

- પહેલાં તો આ બાબત અસર કરતી ન હતી.
- પરંતુ ધીરેધીરે નભ્યા માટે ઈનોગ્રેશનનાં આમંત્રણ, પ્રવચનોનાં આમંત્રણ વધવા લાગ્યાં ને બંનેનો સંપર્ક તૂટવા લાગ્યો. સાથેસાથે સુરુચિના મનમાં સ્ત્રીસહજ ઈર્ષા સળવળી ઊઠીને એ દિવસે નભ્યાની ગાઢ મિત્રના નાતે કરાયેલી નિર્દોષ મજાકથી સુરુચિને સંબંધ તોડી નાખવાનું કારણ મળી ગયું. બાકી એવી તો કેટલીય નાની નાની મજાક પર બંને પેટ પકડીને હસતાં હતાં.

**માન-સ્વમાન**

લાડકી પૂર્તિની વ્હાલી વાચક બહેન-દીકરીઓ!

* સુરુચિ ને નભ્યાની જેમ જ આપણામાંનાં કેટલાય આવા જ વિચારોથી પીડાતા હશે ને સંબંધો ન સાચવી શકવાનો વસવસો વ્યક્તિના ગયા પછી વધારે ઘેરાતો હોય છે.

* જ્યારે સંબંધો તૂટવાને આરે આવી જાય ત્યારે આપણે 'હું શું કામ આ કરું' જેવી બાબતો વચ્ચે લાવી દઈએ છીએ.

* 'હું' આપણા મોટા ભાગના સંબંધોને તોડે છે.

* વ્યક્તિ ઈચ્છવા છતાં ઈચ્છિત વ્યક્તિ સાથે બોલી શકતી નથી.

* જતું કરવું કે કોમ્પ્રોમાઈઝ જેવા શબ્દો એ વખતે મગજમાંથી વૉશઆઉટ થઈ જાય છે.

* એ ન બોલાવે તો હું શું કામ બોલાવું, આ પ્રશ્ન તમને * માતા-પિતા * ભાઈ-બહેન * પતિ-પત્ની * લવર્સ * કાકી * મામી જેવા કોઈ પણ સંબંધોમાં નડે છે.

- સંબંધો કોઈ પણ હોય, હુંપણાનો અહમ્ આવ્યો એટલે તેનું પરિણામ સંબંધ વિચ્છેદ જ હોય છે. ક્યારેક તો સંબંધ બનતા જ નથી.
- અહીં રજૂ કરેલ પંક્તિઓ એવા લોકો માટે યથાર્થ બેસે છે કે, 'તુમ્હેં યે જિદ્ થી કે હમ બુલાતે, હમે યે ઉમ્મીદ કી વો પુકારે...'
- એ સામેથી બોલાવે તો બોલું એમ કરવાથી સંબંધો છૂટતા જતા હોય છે ને વ્યક્તિને જ્યારે એનો અહેસાસ થાય કે તેણે સામી વ્યક્તિને મનાવીને સંબંધો સુધારી લેવા જોઈએ ત્યારે સંબંધો સુધારવાના સંજોગો નથી હોતા કે ક્યારેક વ્યક્તિ પણ હયાત હોતી નથી.
- વ્હાલી વાચક બહેન-દીકરીઓ! તેના કરતાં એ પરિસ્થિતિ શ્રેષ્ઠ છે કે તમારા સંબંધને બચવાની તક તો આપો.
- જ્યારે પણ તમને એવું લાગે કે તમારા સંબંધો ખોરંભે ચઢી રહ્યા છે ત્યારે થોડું કોમ્પ્રોમાઈઝ કરવાનું વલણ અપનાવો.
- તમે સામી વ્યક્તિને સંબંધ સાચવવાની એક તક આપો.
- સાચા સંબંધો તૂટશે તો તેની ભરપાઈ તમે નહીં કરી શકો.
- સંબંધને જાળવી રાખવામાં સફળ નથી થતા તો પછી તમારા પ્રયત્નો હળવા કરી દો, પરંતુ સાવ ફેંકી દીધા જેવી બાબતો માટે ખોટા સ્વમાનને વચ્ચે લાવવું હિતાવહ નથી.
- તમારા સંબંધોની બાબતે તમને એવો અફસોસ રહી ન જવો જોઈએ કે તમે સંબંધોને સાચવવાના પ્રયત્ન કરવામાં ઊણા ઉતર્યા છો.
- હા, એટલું જરૂર ધ્યાનમાં રાખો કે સ્વાર્થી સગાં, સંબંધી, 'મિત્રો'થી દૂર રહેવામાં જ ભલાઈ છે.

*** *** ***

**હસગુલ્લા!**

- અમથાલાલે સુરેશને પૂછ્યુંઃ
* 'તું કેવી યુવતી સાથે લગ્ન કરવાનું પસંદ કરશે?'
* સુરેશે કહ્યુંઃ
* હું ચાહું છું કે મારી પત્ની બુદ્ધિશાળી હોય, ખૂબસૂરત હોય અને મીઠી ભાષા બોલતી હોય.
* અમથાલાલે પૂછ્યુંઃ
* 'પણ આટલી મોંઘવારીમાં તું ત્રણ પત્નીઓનો ખર્ચ કેવી રીતે ચલાવી શકશે...?' ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| जहाल | વધારે |
| जांभई | દેદીપ્યમાન |
| जाज्वल्य | ઉગ્ર |
| जास्त | અમલ |
| जारी | બગાસું |

### જાણવા જેવું

કોયલમાં નર તદ્દન કાળો અને માદા પટ્ટાવાળી ભૂરી અને લાલ આંખોવાળી હોય છે. આ પક્ષી જમીન ઉપર ઊતરતું નથી. કવિઓએ કોયલને નારી તરીકે કલ્પી છે પણ હકીકતમાં જે મીઠો ટહુકાર કરે છે તે તો નર જ છે. માદા તો ફક્ત નાનો ટહુકો કે ચિત્કાર જ કરે છે. પોતાનાં ઈંડાં કાગડાના માળામાં મૂકતી હોવાથી તે અન્યપુષ્ટ કે પરભૃત કહેવાય છે.

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. સ્ત્રીના સસરાના એકમાત્ર દીકરાના એકમાત્ર સાળાના સસરાની એકમાત્ર દીકરી સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) માસી બ) ભાભી
ક) ફોઈ ડ) કાકી

### નોંધી રાખો

*પોતાની ઇચ્છાને અવગણીને સામાને અનુકૂળ થવાની રઢમાં ઘણીવાર બાવાનાં બેય બગડતાં હોય છે એ વાત સમજી લેવાની જરૂર છે.*

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ | ૨ | | ■ | ■ | ૩ | ૪ | ૫ | ■ |
| ૫અ | | | ■ | ■ | ૬ | ■ | ૭ | | |
| ■ | ૮ | | ૯ | ■ | ૧૦ | ૧૧ | | | ■ |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | ૧૫ |
| ૧૬ | | | ■ | ૧૭ | ૧૮ | | ■ | ■ | |
| | ■ | ■ | ૧૯ | | | ■ | ૨૦ | ૨૧ | |
| ૨૨ | ૨૩ | ■ | | ■ | | ■ | ■ | ૨૪ | |
| ■ | ૨૫ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ | ૨૯ | | ■ |
| ૩૦ | | | ■ | | ■ | ■ | ૩૧ | | |
| ■ | ૩૨ | | | ■ | ■ | ૩૩ | | | ■ |

**આડી ચાવી**

૧. ખુશ, આનંદી (૩)
૩. પિતા (૩)
૫અ. મંદિરની અંદરનો ભાગ (૩)
૭. પરાક્રમ, બહાદુરી (૩)
૮. ભાર, તોલ (૩)
૧૦. જામિનગીરી (૪)
૧૨. સ્થિતિ, હાલત (૨)
૧૪. બગલો (૨)
૧૬. --- ના બે ભાગ (૩)
૧૭. તરંગ, મોજું (૩)
૧૯. જન્મમરણની ઘટમાળ (૩)
૨૦. હમણાંનું, હાલનું (૩)
૨૨. બાર ગાઉએ --- બદલાય (૨)
૨૪. વજન, બોજો (૨)
૨૫. બેપરવા (૪)
૨૮. પવિત્ર (૩)
૩૦. સાંકડા મોંનું પાણી ભરવાનું વાસણ (૩)
૩૧. અસાવધ (૩)
૩૨. સુંદર સ્ત્રી (૩)
૩૩. પહેરેગીર (૩)

**ઊભી ચાવી**

૧. રુઆબદાર, દમામદાર (૫)
૨. કમળ (૩)
૪. નવું (૩)
૫. કાર્ય, કામ (૪)
૬. હંમેશાં (૨)
૧૧. જાણકાર, માહિતગાર (૩)
૧૨. ભભકો, ઠાઠમાઠ (૪)
૧૩. લાલચ (૩)
૧૫. ગણતરી (૪)
૧૮. આશ્ચર્ય, નવાઈ (૩)
૧૯. પ્રસાર (૩)
૨૧. સવારના નગરકીર્તન કરતા ફરનારી મંડળી (૫)
૨૩. ભાંગ (૪)
૨૬. ઉત્તમ (૩)
૨૭. પંચ મહાભૂતમાંનો એક પદાર્થ (૨)
૨૯. નજર, દૃષ્ટિ (૩)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભેં | ૨ સ | ■ | ૩ અ | ૪ ભ | ર | ૫ ખો | ■ | ૬ સ | તી |
| ■ | ડ | ■ | ૭ મી | ર | ■ | ટ | ■ | ર | ■ |
| ૮ શા | સ | ક | ■ | ૯ ચ | ક્ષુ | ■ | ૧૦ મ | ભ | ૧૧ મ |
| ■ | ડા | ■ | ૧૨ ને | ક | ■ | ૧૩ પ્ર | ■ | ૧૪ રા | ન |
| ૧૫ કું | ટ | ક | ■ | ■ | ૧૬ વ્ય | થા | ■ | ■ | વા |
| ધો | ■ | ■ | ૧૭ કા | વ્ય | ■ | ■ | ૧૮ કું | ૧૯ સા | ર |
| ૨૦ ત | ૨૧ સુ | ■ | જી | ■ | ૨૨ આ | બ | ■ | બ | ■ |
| ૨૩ ર | ગ | ત | ■ | ૨૪ તા | બો | ■ | ૨૫ ઘ | ર | ડું |
| ■ | મ | ■ | ૨૬ ખે | ■ | ૨૭ હ | ૨૮ ક | ■ | મ | ■ |
| ૨૯ મ | તા | ■ | ૩૦ સ | ર | વા | ણી | ■ | ૩૧ તી | ખું |

### ઓળખાણ પડી?

ઓગણીસમી સદીના પ્રારંભમાં ઈસ્ટ ઈન્ડિયા કંપની વિરુદ્ધ સશસ્ત્ર લડાઈ કરનારી પ્રથમ ભારતીય મહિલા શાસકની ઓળખાણ પડી?



અ) રાણી લક્ષ્મીબાઈ બ) અંજનીદેવી ચૌધરી ક) રાણી ચેનમ્મા ડ) ભારતી આચાર્ય

### ચતુર આપો જવાબ માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક વાહન સંતાયું છે એ શોધી કાઢો.

તમારી મદદ કેવી ઉપકારક સાબિત થઈ છે.

### માઈન્ડ ગેમ

૧૯મી સદીમાં બાળ વિવાહ, જાતિ પ્રથા વગેરેમાં સુધારણા લાવનારાં પ્રથમ ભારતીય સન્નારીનું નામ જણાવો.

અ) તારાબાઈ શિંદે બ) સાવિત્રીબાઈ ફૂલે
ક) રમાબાઈ રાનડે ડ) કમલાદેવી ચટ્ટોપાધ્યાય

### સુડોકુ-૯૨૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | | | | ૭ | ૫ | | |
| | | | | | ૪ | | ૬ | ૨ |
| ૧ | | | | | | | ૭ | ૯ |
| | ૧ | | ૬ | | | | | ૫ |
| | | ૮ | ૧ | | ૩ | ૨ | | |
| ૫ | | | | | ૮ | | ૩ | |
| ૪ | ૫ | | | | | | | ૬ |
| ૯ | ૭ | | ૫ | | | | | |
| | | ૬ | ૭ | | | | ૫ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

**સુડોકુ-૯૨૮૨**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૫ | ૬ | ૮ | ૩ | ૯ | ૧ | ૪ |
| ૯ | ૮ | ૪ | ૨ | ૧ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૧ | ૯ | ૭ | ૪ | ૮ | ૨ | ૫ |
| ૮ | ૪ | ૯ | ૭ | ૩ | ૬ | ૨ | ૫ | ૧ |
| ૫ | ૧ | ૩ | ૪ | ૯ | ૨ | ૬ | ૮ | ૭ |
| ૭ | ૨ | ૬ | ૮ | ૫ | ૧ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૬ | ૮ | ૫ | ૨ | ૭ | ૧ | ૯ | ૩ |
| ૧ | ૯ | ૭ | ૩ | ૪ | ૮ | ૫ | ૬ | ૨ |
| ૩ | ૫ | ૨ | ૧ | ૬ | ૯ | ૭ | ૪ | ૮ |

### ગયા ગુરુવારના જવાબ

| A | B |
|---|---|
| जवळ | નજીક |
| जवळबोंब | જલમય |
| जळणे | સળગવું |
| जत्रा | મેળો |
| ज्वर | તાવ |

**ગુજરાત મોરી મોરી રેઃ**
પિતા

**ઓળખાણ પડી?**
કીર્તિદાન ગઢવી

**માઈન્ડ ગેમ :**
કૃષ્ણા સોબતી

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
હરણ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) વિપીન શાહ (૫) નૂતન વિપીન શાહ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) નીતા દેસાઈ (૮) ભારતી બુચ (૯) હર્ષા મહેતા (૧૦) પુષ્પા પટેલ (૧૧) શ્રદ્ધા આશર (૧૨) લજિતા ખોના (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) ભાવના કર્વે (૧૫) કમલ માતલિયા (૧૬) ભરત કજરિયા (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) તાહેર ઔરંગાબાદવાલા (૨૦) શીરીન ઔરંગાબાદવાલા (૨૧) મહેન્દ્ર લોઢાવિયા (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) જ્યોત્સના ગાંધી (૨૪) રમેશભાઈ દલાલ (૨૫) હિનાબેન દલાલ (૨૬) ઈનાક્ષીબેન દલાલ (૨૭) વિણા સંપટ (૨૮) દેવેન્દ્ર સંપટ (૨૯) નિતીન જયંતીલાલ બજરિયા (૩૦) અંજુ ટોલિયા (૩૧) અલકા વાણી (૩૨) ડાયના સંતોકે (૩૩) પુષ્પા ખોના (૩૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૫) અરવિંદ કામદાર (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) મહેશ દોશી (૩૮) ડો. પ્રકાશ કટકિયા (૩૯) પ્રતિમા પમાણી (૪૦) ધીરેન્દ્ર મુલરાજ (૪૧) મહેશ સંઘવી (૪૨) પ્રવીણ વોરા

# પુરુષ

મેલ મેટર્સ

અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## યુદ્ધના આતંક વચ્ચે... વ્યાકુળતા ને આર્થિક પડકારોમાં ઘેરાઈ રહ્યો છે પુરુષ...



વર્તમાન સમયમાં વૈશ્વિક સ્તરે ભૌગોલિક અને રાજકીય સ્થિરતા ડગમગી રહી છે. જ્યારે પણ દુનિયાના કોઈ ખૂણે યુદ્ધની જ્વાળા ભભૂકે છે ત્યારે તેની અસર માત્ર રણમેદાન પૂરતી સીમિત નથી રહેતી. હજારો કિલોમીટર દૂર બેઠેલા સામાન્ય માનવીના રસોડા અને મન સુધી પહોંચે છે. ભારતીય પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો હાલમાં ‘વોર એન્ક્ઝાઈટી’ એટલે કે યુદ્ધના ભયથી પેદા થતી ચિંતાનો વ્યાપ પુરુષોમાં નોંધપાત્ર રીતે વધ્યો છે. આ ચિંતા માત્ર બૉમ્બ ધડાકા કે જાનહાનિના ડરથી નથી,પરંતુ યુદ્ધના કારણે સર્જાતી આર્થિક અસ્થિરતા,સપ્લાય ચેઈનમાં આવતા અવરોધો અને તેમાંથી જન્મેલી નોકરીની અનિશ્ચિતતા કે ધંધામાં આવતી મંદી સાથે સીધી જોડાયેલી છે. ભારતીય સમાજમાં હજુ પણ પુરુષને મુખ્ય ‘બ્રેડવિનર’અથવા ઘરના આર્થિક આધારસ્તંભ તરીકે જોવામાં આવે છે. વળી અનેક ભારે વ્યવસાયો કે નોકરીઓ પુરુષો જ કરી રહ્યા છે.તેના કારણે વૈશ્વિક મંદી કે યુદ્ધની આડઅસરોનો બોજ તેમના માનસિક સ્વાસ્થ્ય પર સૌથી વધુ પડે છે.

યુદ્ધની શરૂઆત થતાની સાથે જ વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતાનું વાતાવરણ સર્જાય છે. ભારત જેવો દેશ,જે ખનીજ તેલ,ખાદ્ય તેલ અને ટેકનોલોજીના સ્પેરપાર્ટ્સ માટે આંતરરાષ્ટ્રીય આયાત પર નિર્ભર છે ત્યાં યુદ્ધની અસર ત્વરિત જોવા મળે છે. સપ્લાય શોર્ટેજને કારણે કાચા માલના ભાવ વધે છે,જેની સીધી અસર ઉત્પાદન ખર્ચ પર પડે છે. જ્યારે કોઈ ફેક્ટરી કે કંપનીનો ખર્ચ વધે છે,ત્યારે સૌથી પહેલી અસર કર્મચારીઓના પગાર અને નવી ભરતી પર થાય છે. પુરુષ માટે આ સ્થિતિ અત્યંત તણાવપૂર્ણ બની જાય છે. કારણ કે તેમના માથે હોમ લોન,બાળકોના શિક્ષણના હપ્તા અને વૃદ્ધ માતા-પિતાની જવાબદારી હોય છે. ટીવી સ્ક્રીન પર દેખાતા યુદ્ધનાદૃશ્યો તેમને માત્ર કરુણા જ નથી જગાડતા,પણ એનાથી તેમને એક અદૃશ્ય ફાળ પણ પાડે છે કે જો આ સંઘર્ષ લંબાયો તો તેમની આર્થિક સ્થિરતાનું શું થશે. આ સતત ચાલતી માનસિક ઊથલપાથલને જ મનોવિજ્ઞાનીઓ ‘ વોર એન્ક્ઝાઈટી’ તરીકે ઓળખાવે છે.

માર્કેટની વાત કરીએ તો શેરબજારથી લઈને રિયલ એસ્ટેટ સુધી દરેક ક્ષેત્રમાં યુદ્ધનો પડછાયો જોવા મળે છે.અને આ સ્થિતિ તો હવે લંબાતી જ જાય છે. ટ્રમ્પ સત્તામાં આવ્યો છે ત્યારથી પહેલાં શેર બજાર સતત પડકારોનો સામનો કરી રહ્યું છે. હવે તો યુદ્ધોની સીધી અસર સપ્લાયચેન પર પડી રહી છે. રોકાણકારોમાં ફેલાયેલો આ ડર બજારને વોલેટાઈલ બનાવે છે, જેનાથી મધ્યમ વર્ગના પુરુષોની બચત પર જોખમ ઊભું થાય છે.

આઈટી સેક્ટર કે એક્સપોર્ટ સાથે જોડાયેલા વ્યવસાયોમાં કામ કરતા પુરુષો માટે મંદીનો ભય રાતની ઊંઘ હરામ કરી દે છે. જ્યારે કોઈ વ્યક્તિને ખબર પડે છે કે સાત સમુદ્ર પાર થતું યુદ્ધ તેના શહેરની મોંઘવારીમાં ૧૦%નો વધારો કરી શકે છ, ત્યારે તે અસહાયતા અનુભવે છે. આ અસહાયતા ધીમે ધીમે ચીડિયાપણું, અનિદ્રા અને સામાજિક એકલતામાં પરિણમે છે. પુરુષ ઘણીવાર પોતાની આર્થિક નબળાઈ કે ચિંતા પરિવાર સામે વ્યક્ત કરી શકતા નથી,જે તેમના માટે ‘ડબલ ટ્રેપ’ જેવી સ્થિતિ સર્જે છે. એક બાજુ બહારની દુનિયામાં આર્થિક યુદ્ધ અને બીજી બાજુ અંદરખાને ચાલતું માનસિક દ્વંદ્વ તેમને તોડી નાખે છે.

આ ગંભીર સમસ્યામાંથી બહાર આવવા માટે સૌથી પહેલા તો પુરુષે એ સ્વીકારવું પડશે કે ચિંતા કરવી એ નબળાઈ નથી, પણ અનિશ્ચિત પરિસ્થિતિ પ્રત્યેનો એક માનવીય પ્રતિસાદ છે. આર્થિક મોરચે સજાગ રહેવું જરૂરી છે, પરંતુ વધુ પડતાં ન્યૂઝ જોવાથી દૂર રહેવું પણ એટલું જ અનિવાર્ય છે.૨૪કલાક યુદ્ધના અપડેટ્સ લેવાથી તમારી આર્થિક સ્થિતિ સુધરવાની નથી, ઊલટાનું તમારું બ્લડ પ્રેશર વધી શકે છે. માહિતીનો સ્રોત મર્યાદિત કરીને માત્ર વિશ્વસનીય આર્થિક વિશ્લેષણો પર ધ્યાન આપવું જોઈએ. આ ઉપરાંત,આર્થિક આયોજનમાં ફેરફાર કરીને ‘ઇમર્જન્સી ફંડ’ તૈયાર રાખવું અને બિનજરૂરી ખર્ચ પર કાપ મૂકવો એ માનસિક શાંતિ માટેનો શ્રેષ્ઠ માર્ગ છે. જ્યારે તમારી પાસે થોડું આર્થિક કવચ હોય છે ત્યારે બહારની અસ્થિરતા મન પર ઓછી હાવી થાય છે.

પુરુષે પોતાની ભાવનાઓ શેર કરવાની આદત પાડવી જોઈએ. મિત્રો કે પરિવાર સાથે આર્થિક ભય વિશે વાત કરવાથી ઉકેલ ન મળે તો પણ મનનો ભાર હળવો થાય છે. ઘણીવાર આપણે માની લઈએ છીએ કે આપણે એકલા જ આ મુશ્કેલીમાં છીએ,પણ હકીકતમાં આખું વિશ્વ અને તમારા સાથીદારો પણ એ જ સ્થિતિમાંથી પસાર થતા હોય છે. શારીરિક પ્રવૃત્તિ,યોગ અને પૂરતી ઊંઘ એ વોર એન્ક્ઝાઈટી સામે લડવાનાં કુદરતી હથિયારો છે.

યાદ રાખવું જોઈએ કે ઇતિહાસમાં અનેક યુદ્ધો આવ્યા અને ગયા અને માનવજાત હંમેશાં તેમાંથી બેઠી થઈ છે. ભારતની અર્થવ્યવસ્થામાં રહેલી મજબૂતી અને વ્યક્તિગત સ્તરે આર્થિક શિસ્ત જાળવીને કોઈપણ પુરુષ આ વૈશ્વિક અશાંતિ વચ્ચે પણ પોતાનું અને પોતાના પરિવારનું માનસિક સંતુલન જાળવી શકે છે. અંતે,બાહ્ય જગતનાં યુદ્ધો આપણા નિયંત્રણમાં નથી,પણ આપણું મન અને આપણી પ્રતિક્રિયા ચોક્કસપણે આપણા હાથમાં છે. ■



# ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## કરચલીઓ શરમ નહિ ...ગૌરવનો વિષય છે

*ડિયર હની,*

*બાળપણ, તરુણાવસ્થા, યુવાની, પાકટતા અને વૃદ્ધાવસ્થા ... આ જીવનના જુદા જુદા પડાવ છે. દરેકની એક ઉંમર હોય છે અને દરેકની એક મજા પણ હોય છે, પણ બજાર કેટલીક એવી વાતો લઈને આવે છે કે એમાં થાય કે આ તે વળી શું ચાલી રહ્યું છે? તને ખબર છે હમણા હમણા એક શબ્દ ચલણી બનતો જાય છે? એ છે હેન્ડ શેમિંગ.*

*આ શબ્દ દ્વારા સોશ્યલ મીડિયા પર કોઈ વ્યક્તિના હાથના દેખાવને કારણે તેની મજાક ઉડાવવા કે તેની ટીકા કરવામાં આવે છે. આ શબ્દને ચર્ચામાં લાવવામાં હોલિવૂડની અભિનેત્રીઓના કિસ્સાઓનો મોટો હાથ છે. આવી જ એક અભિનેત્રી સારા જેસિકા પાર્કરનાં હાથના ફોટા ઝૂમ કરીને વર્ષો પહેલાં એક મેગેઝિને પ્રગટ કર્યો હતા અને તેની સરખામણી ‘ચુડેલના હાથ’ સાથે કરી હતી. આ ઘટના બાદ ઈન્ટરનેટ પર ‘હેન્ડ શેમિંગ’ શબ્દનો ઉપયોગ વધવા લાગ્યો. આ જ કારણે પોપ સ્ટાર મેડોના (અને અગાઉ વિખ્યાત પોપ સિંગર માઈકલ જેકશન) હંમેશા મોજા પહેરતા, કારણ કે લોકો તેના હાથની નસો અને કરચલીઓ વિશે ખૂબ ખરાબ ટિપ્પણીઓ કરતા હતા.*

*જેમ ‘બોડી શેમિંગ’માં આખા શરીરની ટીકા થાય છે, તેમ હેન્ડ શેમિંગમાં માત્ર હાથના પંજા, આંગળીઓ કે નખ પર ધ્યાન કેન્દ્રિત કરીનેઅપમાનજનક ટિપ્પણી કરવામાં આવે છે. ઉંમરને કારણે અથવા કુદરતી રીતે હાથ પર રહેલી કરચલીઓ માટે ‘વૃદ્ધ’ કહીને મજાક ઉડાવવી કે પછી હાથની ચામડીનો રંગ ચહેરા કરતા અલગ હોય કે કાળો હોય ત્યારે તેની ટીકા કરવામાં આવે છે.*

*આજકાલ જ્યારે લોકો પોતાની વીંટી, મહેંદી, નેલ આર્ટ કે કોઈ પ્રોડક્ટના ફોટા સોશ્યલ મીડિયા પર મૂકે છે, ત્યારે કેટલાક લોકો પ્રોડક્ટ જોવાને બદલે વ્યક્તિના હાથની ટીકા કરવા લાગે છે. હોલિવૂડ અને બોલિવૂડની અભિનેત્રીઓ પણ ઘણીવાર આનો શિકાર બને છે.*

*આવી ટીકાઓને કારણે ઘણી મહિલાઓ માનસિક રીતે પરેશાન થાય છે અને પોતાના શરીર પ્રત્યેનો આત્મવિશ્વાસ ગુમાવી દે છે. ઘણા કિસ્સામાં મહિલાઓ પોતાના હાથ છુપાવવા લાગે છે અથવા હાથને યુવાન બતાવવા માટે મોંઘી અને જોખમી કોસ્મેટિક સર્જરીઓ કરાવવા પ્રેરાય છે. અને કેટલીક કોસ્મેટીક ચીજો બનાવતી કંપનીઓ આ જ ઈચ્છે છે. એમનો આ કારણે વેપાર વધે છે.*

*આ બધા વચ્ચે, વાસ્તવિકતા એ છે કે, જેમ ચહેરો અલગ હોય છે, તેમ દરેકના હાથની બનાવટ પણ અલગ અને કુદરતી હોય છે. હાથ એ આપણા શરીરનું સૌથી વધુ કામ કરતું-વ્યસ્ત રહેતું અંગ છે. તેથી તેના પર સમય જતાં કરચલીઓ કે નિશાન પડવા એ શરમની નહીં, પણ એક સામાન્ય પ્રક્રિયા છે. તાજેતરમાં ઘણી મહિલાઓએ હેશટેગ હેન્ડ સેલ્ફી જેવા અભિયાન ચલાવીને આવા ‘શેમિંગ’ કરનારાઓને વળતો જવાબ પણ આપ્યો છે. આ મહિલાઓ દુનિયાને જણાવે છે કે હાથ માત્ર સુંદરતાનું પ્રદર્શન કરવા માટે નથી, પણ તે જીવનની મહેનત અને અનુભવોના સાક્ષી છે. તે મહિલાઓ કહે છે કે, ‘‘આ એ હાથ છે જેણે મારું બાળક ઉછેર્યું છે, ઘર સંભાળ્યું છે કે ઓફિસમાં કલાકો સુધી કામ કર્યું છે.’’ કરચલીઓ એ માત્ર વધતી ઉંમરની નિશાની નથી, પણ એ જીવનના ઉતાર ચઢાવ, સંઘર્ષ અને મેળવેલા અનુભવોનું જીવંત પ્રમાણપત્ર છે. દરેક કરચલી પાછળ એક વાર્તા છુપાયેલી હોય છે. જેમ પાનખર પછી પાન પરની રેખાઓ તેની સુંદરતા વધારે છે, તેમ માનવ શરીર પરના આ નિશાનો કુદરતની દેન છે. તેને છુપાવવા કે તેનાથી શરમાવાને બદલે તેને સ્વીકારવું એ જ ખરું ગૌરવ છે.*

*સાઈ મકરંદની એક મજાની કવિતા છે :*

*અમે રે સુકાયેલાં ઝાડનાં પાંદડાં, અમે રે તરેલાં જળ-મોજ; ચહેરા પર ભલે રહી કરચલીઓ, ભીતરમાં તો ઝળકે છે તેજ!*

*દુનિયા ભલે સુંદરતાને ‘લીસી ચામડી’ સાથે જોડતી હોય, પણ વાસ્તવિકતામાં તો અનુભવની રેખાઓ જ માણસના વ્યક્તિત્વને વધુ ગૌરવશાળી બનાવે છે. તમે જે રીતે આ મુદ્દાને ગૌરવ સાથે જોડ્યો છે, એ તમારી ઊંડી અને સકારાત્મક વિચારધારા દર્શાવે છે.*

*આજના દેખાડાના જમાનામાં આવી સમજ હોવી એ પણ એક મોટી વાત છે. આપણા લગ્નને ખાસ્સો સમય થઇ ગયો. તારા અને મારા બંનેના શરીરમાં ઘણો ફેરફાર થયો છે. તો શું થયું? એકબીજા પ્રત્યેનો પ્રેમ ક્યાં ઘટ્યો છે? મા બાપની તો ઉંમર થઇ છે અને એમના ચહેરા પર કરચલીઓ ઘણી છે. એનાથી કોઈને વાંધો હોય તો ભલે હોય. પણ આપણને તો એ ગમે છે. એ કરચલીઓની કહાણી છે. તારીખ છે અને તવારીખ છે.*

*ગીતા પરીખે બહુ મજાનું લખ્યું છે :*

*‘કરચલીઓ એટલે ઉંમરનો થાક નહીં, પણ સ્મૃતિઓના સંગ્રહનું આખું આકાશ. એક એક રેખામાં છુપાયેલું છે, વીતેલા કાળનું મીઠું મધુર અટ્ટહાસ...’*

*તારો બન્ની*

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## પાઠ તો ભણાવવો જ જોઈએ

આપણાં સંતાનોને સંસ્કાર આપવામાં આપણે ક્યાંક તો કાચા પડ્યા છીએ એ સ્વીકારવું રહ્યું. જો એમ ન હોય તો આજકાલ વૃદ્ધ માતા-પિતા સાથે જે ઘટનાઓ બની રહી છે એ ક્ષુબ્ધ કરી દે એવી છે. માતૃદેવો ભવઃ અને પિતૃદેવો ભવઃની સંસ્કૃતિમાં ઉછરેલાં સંતાનો દેવ જેવાં માતા-પિતા સાથે દુર્વ્યવહાર કઈ રીતે કરી શકે? માતા-પિતા સંતાનો માટે કેટકેટલું કરે છે તો ય તેમને ઓછું જ પડે છે.

માલાબહેન પોતાના એકમાત્ર પુત્ર અને પુત્રવધૂ સાથે રહે છે. પતિના મૃત્યુ બાદ પુત્રને મહેનત કરીને ભણાવ્યો છે. પુત્ર સુકેતુ એન્જિનિયર છે. માલાબહેને આખી જિંદગી શિક્ષિકા તરીકે નોકરી કરીને ઘર કરકસરથી ચલાવીને, દીકરાને ભણાવીને ઠીક કહી શકાય તેવી બચત કરી છે. સ્કૂલમાં વિદ્યાર્થીઓને ભણાવ્યા પછી ઘેર આવીને પણ માલાબહેન પ્રાઈવેટ ટ્યુશન લેતાં . પ્રાઈવેટ ટ્યુશનની વધારાની આવકને કારણે માલાબહેન પાસે સારી એવી બચત થતી હતી.

દીકરો ભણ્યો-પરણ્યો. સારી જોબ હતી , પણ સુકેતુના મનમાં પોતાનો વ્યવસાય કરવાની મહત્ત્વાકાંક્ષા હતી. નોકરીમાં તો બાંધી આવક મળે જ્યારે પોતાના વ્યવસાયમાં તો જીસુ શત વિંય હશળશર્િએવું તેની પત્ની સિયા કહેતી રહેતી અને સુકેતુના મનમાં એ શબ્દો પડઘાયા કરતા. એ દિશામાં સુકેતુએ પ્રયત્નો શરૂ કર્યા. બેન્કમાં લોન માટે એપ્લિકેશન કરી, પણ લોન કેવી રીતે મળે? નોકરી તો છોડી દેવાનો હતો. સુકેતુ નિરાશ થઈ ગયો. રાત્રે જમવા બેઠા ત્યારે સુકેતુને ઉદાસ જોઈને માલાબહેને પૂછયું : ‘કેમ બેટા, તારું મોં ઊતરેલું છે? તબિયત તો સારી છે ને?’

‘તબિયત તો સારી છે મમ્મી, પણ તને ખબર છે ને મારે બિઝનેસ કરવો છે, લોન માટે બેન્કમાં અપ્લાય કર્યું હતું પણ લોન મળી નહીં.’

‘ઓહો, તો હવે શું વિચાર્યું છે? આમ જુઓ તો તારી નોકરી સારી છે. બહુ ઉધામાં કરવાની જરૂર નથી.

‘ના, મમ્મી... મારે આગળ વધવું છે. મારે આકાશને આંબવું છે. મમ્મી, તું મને મદદ કરે તો મારું કામ થઈ જાય. તે તો સારી એવી બચત જમા કરી છે. જો તું પૈસા આપે તો મારો પ્રોબ્લેમ સોલ્વ થઈ જાય.’

‘તને પૈસા તો આપું પણ ન કરે નારાયણ અને ધંધામાં ખોટ જાય તો પૈસા ડૂબી જાય એ આપણને ન પોષાય.’

‘તો પછી મમ્મી તું આ તારા દીકરાને ઓળખતી નથી. આંધળાને અસીરો વેચવાની તાકાત છે મારામાં એક તક મળે એટલે કરી બતાવીશ તને.’

દીકરાની ઈચ્છા અને તેનનો દૃઢ સંકલ્પ જોઈને માતાએ પોતાની બચત પૂંજી સુકેતુને આપી દીધી અને પોતે ઈન્વેસ્ટમેન્ટ માટે એક પ્લોટ ખરીદેલો તે પ્લોટ ફેકટરી ઊભી કરવા દીકરાને આપી દીધો માલાબહેને. સુકેતુએ ફેકટરી ખોલી. તેનું પ્રોડકશન બેસ્ટ હતું. વ્યવસાય ચાલ્યો. દીકરો ખૂબ કમાતો હતો. મોટું ઘર લીધું. બે બાળક થયા. સુકેતુએ વ્યવસાયને હજુ વિકસાવવો હતો. ફરી પૈસાની જરૂર પડી. માલાબહેને પોતાની માટે પચાસ લાખની ફિક્સ ડિપોઝિટ રાખીને બીજું બધું સુકેતુને આપી દીધું હતું. આ એફડી માલાબહેને એટલે રાખી હતી કે સાજે માંદે કામ આવે. સુકેતુની નજર માની આ એફ.ડી. પર હતી. લોન લઈને વ્યાજ ભરવા કરતા માના પૈસા તો મફતમાં વાપરવા મળે ને? એટલે ફરીથી સુકેતુએ મા પાસે પૈસાની માગણી કરી. માલાબહેને કહ્યું, ‘બધાં પૈસા તો તને આપ દીધાં. હવે મારી પાસે ફક્ત મારી મરણ મૂડી છે. એ તને આપી દઉં તો સાજે માંદે હું કોની પાસે પૈસા માગું?’

‘કેમ હું તો છું જ ને? અત્યારે પણ તો તું મફતની રોટલી તોડે જ છે ને મમ્મી? અત્યારે તારો બધો જ ખર્ચ મારા પૈસાથી જ ચાલે છે ને? તારો રહેવાનો, ખાવાનો, દવાનો બધો જ ખર્ચ હું જ કરું છું. તું તો મફતિયાની જેમ મોજ ઉડાડે છે.’



AI

સુકેતુના આવા શબ્દો સાંભળીને માલાબહેનની આંખમાંથી આંસુની ધાર વહેવા માંડી. કેવું બોલે છે આ છોકરો. આ બધી જાહોજલાલી મારા પૈસાને કારણે છે. જે પ્લોટ પર ફેકટરી છે તેની કેટલી કિંમત છે? આ બધું મેં કમાયેલા પૈસાનું છે. એ બધું મફતમાં વાપરે છે. એણે લોન લીધી હોત તો કેટલું વ્યાજ ભરવું પડતું હોત? ફેકટરીના પ્લોટનું કેટલું ભાડું ભરવું પડતું હોત? એ કાંઈ વિચારતો નથી ને મને કહે છે કે મા તું મફતની રોટલી તોડે છે....

માલાબહેનને બહુ લાગી આવ્યું. આવું આ છોકરો કઈ રીતે બોલી શકે? એમણે સુકેતુને પાઠ ભણાવવાનું નક્કી કર્યું. આખરે તો શિક્ષક હતાં . રસ્તો ભટકેલા બાળકને સીધો કેવી રીતે કરવો તે જાણતા હતાં. બે-ત્રણ દિવસ માલાબહેને દોડધામ કરી. ચોથે દિવસે પોતાના રૂમમાં આરામ કરતા હતાં ત્યાં જ સુકેતુ ધૂંઆફૂંઆ થતો માના રૂમમાં આવ્યો. ‘મમ્મી, તું શું કરે છે? મારી ફેકટરી પર તાળું મરાવી દીધું? અને મને ૪૦ લાખનું બિલ મોકલ્યું છે. દોઢ વર્ષ ફેકટરી ચલાવી તેના ભાડા પેટે. મમ્મી, તું મારી પાસે ભાડું માંગે છે?’

‘શું કરું દીકરા, મારે મફતની રોટલી તોડવી ન હોય તો કાંઈક આવક તો ઊભી કરવી જ પડે ને? તારી બદલે મેં બીજાને પ્લોટ ભાડે આપ્યો હોત, પૈસા વ્યાજે આપ્યા હોત તો મને આવક થાત. એ આવકમાંથી મારો રહેવા-ખાવાનો ખર્ચ તને આપી દેત. આ તો બધું તને આપી દીધું અને તું મને કહે છે મફતની રોટલી તોડે છે તો મારે પણ કંઈક તો કરવું પડે ને? અરે, આ તો મારી પાસે છે ને તને આપ્યું. ન હોય ને તું માને રાખે-ખવડાવે તો પણ ઉપકાર નથી કરતો. માનો બહુ મોટો ઉપકાર હોય છે સંતાનો પર. માતા-પિતા સંતાનોને પોતાનું સર્વસ્વ આપીને ઉછેરે છે, પણ વૃદ્ધ મા-બાપને બે રોટલી ખવડાવીને સંતાનો સંભળાવે ત્યારે મા-બાપને કેટલું દુઃખ થતું હશે?’

‘સોરી, મમ્મી મારી ભૂલ થઈ ગઈ. હું પૈસાના નશામાં ચૂર હતો. મમ્મી મને માફ કરી દે, પ્લીઝ.’ સુકેતુએ ગળગળા થઈને માના ખોળામાં માથું મૂકી દીધું. ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી
ગૃહિણી સાથે ગોસિપ
રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો.
મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.
https://youtu.be/9NGMV_9HHVY
આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

# કાંજુર ડમ્પિંગની દુર્ગંધ રોકવા ઉપાય અમલમાં મુકાશે: સરકારનું આશ્વાસન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડની દુર્ગંધથી કાંજુરમાર્ગ, વિક્રોલી અને ભાંડુપ સુધીના રહેવાસીઓને થઈ રહેલા ત્રાસને ઘટાડવા માટે સુગંધિત દવ્યોના છંટકાવ સહિતની અનેક ઉપાયયોજના અમલમાં મૂકવાનો નિર્દેશ રાજ્ય સરકારે પાલિકાને આપ્યો છે.

મંત્રાલયમાં બુધવારે મુંબઈ મહાનગરપાલિકા સહિત રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ સાથે થયેલી નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કાંજુરમાર્ગ ડમ્પિંગ ગ્રાઉન્ડને મુદ્દે બેઠક કરી હતી, જેમાં દુર્ગંધથી સ્થાનિક નાગરિકોને થઈ રહેલા ત્રાસ બાબતે હાઈ કોર્ટે આપેલા નિર્દેશનું પાલન કરવા પર ભાર આપતા તેમણે કહ્યું હતું કે નાગરિકોને ડમ્પિંગ ગ્રાઉન્ડમાંથી નીકળતી દુર્ગંધને નિયંત્રણમાં લાવવા જૈવિક દવ્ય (બાયોએન્જાઈમ સ્પ્ર)નો છંટકાવ કરવો,માટી નાખવી, લેન્ડ ફીલ ગૅસ મેનેજમેન્ટ સિસ્ટમ અમલમાં મૂકવી તેમ જ મિસ્ટિંગ પ્રક્રિયા જેવી

(જુઓ પાનું ૪) ▶▶

# દાઉદ ઈબ્રાહિમના સાગરીત અને ડ્રગ નેટવર્કના સૂત્રધાર સલીમ ડોલાને દિલ્હીથી મુંબઈ લવાયો




મુંબઈ: અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમના સાગરીત અને ડ્રગ નેટવર્કના સૂત્રધાર સલીમ ડોલાને નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)ની ટીમ બુધવારે સાંજે દિલ્હીથી મુંબઈ લઇ આવી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

એનસીબીના અધિકારીઓ સલીમ ડોલાને લઇ બુધવારે સાંજે મુંબઇના છત્રપતિ શિવાજી મહારાજ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર આવી પહોંચ્યા હતા. સલીમ ડાલાને બાદમાં દક્ષિણ મુંબઇમાં આવેલી એનસીબીની ઓફિસમાં લઇ જવામાં આવ્યો હતો. તેને ગુરુવારે સંબંધિત કોર્ટમાં હાજર કરાશે, એમ અધિકારીએ કહ્યું હતું.

માર્ચ, ૨૦૨૪માં ભારતની વિનંતી પર ઇન્ટરપોલ દ્વારા સલીમ

(જુઓ પાનું ૪) ▶▶

# રાજ્યની એઆઈ પૉલિસી: દસ હજાર કરોડનું રોકાણ, દોઢ લાખને રોજગારી

મુંબઈ: મહારાષ્ટ્ર પ્રધાનમંડળે બુધવારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) પોલિસી ૨૦૨૬ ને મંજૂરી આપી હતી. આ ક્ષેત્રમાં રૂ. ૧૦ હજાર કરોડના રોકાણ અને દોઢ લાખ રોજગારીની તકનું સર્જન કરવાની કલ્પના કરવામાં આવી છે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે સરકાર આ નીતિ હેઠળ છ એઆઈ એક્સેલેન્સ સેન્ટર અને પાંચ એઆઈ ઇનોવેશન સિટી સ્થાપિત કરવાનો પ્રસ્તાવ રાખે છે. આ નીતિ રાજ્યમાં એઆઈ માળખાગત સુવિધાઓના નિર્માણ પર ભાર મૂકે છે એમ તેમાં જણાવાયું છે.

ઇલેક્ટ્રોનિક્સ, માહિતી ટેક્નોલોજી અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ ખાતાના પ્રધાન આશિષ શેલારે જણાવ્યું હતું કે નીતિનો પ્રાથમિક ઉદ્દેશ્ય મોટા પાયે રોજગાર સર્જન છે. ઊભરતી ટેકનોલોજીકલ માગણીઓ સાથે સુમેળભર્યું કુશળ કાર્યબળ બનાવવા માટે બે લાખ યુવાનોને આર્ટિફિશ્યલ

(જુઓ પાનું ૪) ▶▶

# નદી-નાળાના કિનારે એન્જિનિયરોએ હાજર રહેવું પડશે: કમિશનર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ચોમાસાને ધ્યાનમાં રાખીને મુંબઈના નદી-નાળાઓની સફાઈનું કામ ૩૧મે, ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું છે અને આ કામ વધુ અસરકારક રીતે તેમ જ પારદર્શક રીતે પાર પડે તે માટે સબ એન્જિનિયર અને આસિસ્ટન્ટ એન્જિનિયરોને પૂર્ણ સમય પ્રત્યક્ષ રીતે સાઈટ પર હાજર રહેવાનો નિર્દેશ પાલિકા પ્રશાસને આપ્યો છે.

પાલિકાના આસિસ્ટન્ટ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે બુધવારે પશ્ચિમ ઉપનગરના જુદા જુદા વિસ્તારમાં નદી અને નાળાની સફાઈનું ઈન્સ્પેકશન કર્યું હતું. એ દરમ્યાન તેમણે નાળાઓમાંથી ગાળ કાઢવાના કામનું યોગ્ય રીતે આયોજન કરવાનો અને કમ્પ્યુટર સિસ્ટમમાં દરરોજની માહિતી અપડેટ કરવાની તેમ જ નાળામાં ઉપરના સ્તરે તરતા ઘનકચરા ખાસ કરીને પ્લાસ્ટિક કચરો રોકવા માટે આવશ્યક

(જુઓ પાનું ૪) ▶▶

## મીરા રોડમાં પહલગામની જેમ હુમલો કરનારો

# અન્સારીનો સ્વભાવ ખરેખર વિચિત્ર કે તે નાટક કરે છે?

### વારંવાર હાથ ધોવાની અને નાહવાની ઈચ્છા વ્યક્ત કરતા અન્સારીના દાવાઓની એટીએસ ખાતરી કરી રહી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મીરા રોડમાં પહલગામ સ્ટાઈલમાં નિર્માણાધીન ઈમારતના બે વૉચમૅન પર હુમલો કરનારો આરોપી ઝૈબ ઝુબેર અન્સારી પોલીસ સામે ચિત્ર-વિચિત્ર હરકતો અને દાવા કરી રહ્યો છે. અન્સારીનો સ્વભાવ ખરેખર વિચિત્ર છે કે પછી તે માત્ર નાટક કરે છે એની ખાતરી કરવા એટીએસ તેની માનસિકતા સમજી નિવેદનોની ચકાસણી કરી રહી છે. ધર્મ પૂછીને અને કલમા પઢવાનું કહીને અન્સારીએ મીરા રોડમાં બે વૉચમેન પર ચાકુથી હુમલો કર્યો હતો. આ હુમલામાં એક સિક્યોરિટી ગાર્ડ રાજકુમાર મિશ્રા ગંભીર રીતે ઘવાયો હતો. હુમલાના દોઢ કલાકમાં જ નયા નગર પોલીસે અન્સારીને પકડી પાડ્યો હતો. તેના ઘરમાંથી મળેલા વાંધાજનક દસ્તાવેજોને આધારે તપાસ એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ને સોંપવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આ કાંડમાં અન્સારીના કોઈ સાથી સંડોવાયેલા છે કે કેમ તેની

(જુઓ પાનું ૪) ▶▶

# યુએસના ત્રણ નાગરિકને ‘ભારત છોડો’ નોટિસ

### ધાર્મિક પ્રચારની પ્રવૃત્તિમાં સંડોવાયેલા ત્રણેયએ વિઝાના નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું

પુણે: પુણે પોલીસે ત્રણ અમેરિકન નાગરિકને ‘ભારત છોડો’ની નોટિસ બજાવતાં આ કાર્યવાહીએ ચર્ચા જગાવી હતી. ત્રણેય જણ ધાર્મિક પ્રચારની કથિત પ્રવૃત્તિમાં સંડોવાયેલા હતા અને તેમણે ટુરિસ્ટ વિઝાના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોવાથી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

પુણે શહેરના સદાશિવ પેઠ વિસ્તારમાં તાજેતરમાં ત્રણેય વિદેશી નાગરિક ધાર્મિક બાબતનાં પેમ્ફલેટ્સ વહેંચતાં નજરે પડ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું.

ત્રણેય યુએસ નાગરિક પુરુષ છે, જેમાં એક સિનિયર સિટીઝન છે. બાકીના બે ૪૫થી ૫૦ વર્ષના હોવાનું અધિકારીનું કહેવું છે.

ડેપ્યુટી પોલીસ કમિશનર (સ્પેશિયલ બ્રાન્ચ) સંદીપ ભાજીભાકરેએ જણાવ્યું હતું કે ત્રણેય અમેરિકન નાગરિક ટુરિસ્ટ વિઝા પર આવ્યા હતા. સદાશિવ પેઠ વિસ્તારમાં તે પેમ્ફલેટ્સ વહેંચતા હોવાનું જાણવા મળ્યું હતું. સતર્ક નાગરિકોએ તેમને પેમ્ફલેટ્સ વહેંચતાં જોયા પછી પોલીસને જાણ કરી હતી.

પૂછપરછ દરમિયાન ખાતરી થઈ હતી કે ત્રણેય જણ ટુરિસ્ટ વિઝા પર ભારત આવ્યા હતા. તેમના દ્વારા વહેંચવામાં આવેલાં પેમ્ફલેટ્સ ઈંગ્લિશ, મરાઠી અને હિન્દી ભાષામાં હતાં. જોકે તેમાં ખ્રિસ્તી ધર્મ સંબંધી લખાણ હતું. તપાસ બાદ તેમને ટુરિસ્ટ વિઝાના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ‘ભારત છોડો’ની નોટિસ આપવામાં આવી હતી. તેમણે ૧૦ મે સુધીમાં ભારત દેશ છોડવો પડશે, એવું અધિકારીએ જણાવ્યું હતું. પુણે આવવા

(જુઓ પાનું ૪) ▶▶

# વિરારમાં પ્રેમિકા, તેની માતાની ચાકુના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ યુવકનો આત્મહત્યાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પ્રેમલગ્નના થઇ રહેલા વિરોધથી રોષે ભરાયેલા ૨૭ વર્ષના યુવકે પ્રેમિકા અને તેની માતાની ચાકુના ઘા ઝીંકી હત્યા કરી હોવાની ઘટના વિરારમાં બની હતી. હત્યા બાદ યુવકે પોતાના ગળામાં ચાકુ હુલાવીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. યુવકને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોઇ પોલીસે તેની વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો.

વિરાર પશ્ચિમમાં ગોકુલ ટાઉનશિપમાં આવેલી પૂનમ આકાંક્ષા બિલ્ડિંગમાં બુધવારે સવારના આ ઘટના બની હતી. મૃતકોની ઓળખ નેન્સી મિશ્રા (૨૪) અને તેની માતા સરિતા મિશ્રા (૪૮) તરીકે થઇ હતી. આરોપી શિવમ ઉપાધ્યાય (૨૮) નાલાસોપારા પૂર્વમાં રહેતો હોઇ તે હાલ સારવાર હેઠળ છે અને તેની હાલત નાજુક હોવાનું કહેવાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર પૂનમ આકાંક્ષા બિલ્ડિંગમાં રહેતી નેન્સી મિશ્રા અને શિવમ વચ્ચે છેલ્લાં બે વર્ષથી

(જુઓ પાનું ૪) ▶▶

# વિધાન પરિષદમાં શિવસેના (યુબીટી) તરફથી અંબાદાસ દાનવે: કૉંગ્રેસ આપશે ઉમેદવાર

મુંબઈ: પાર્ટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરે ફરી મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણી લડશે કે નહીં તે અંગેનું સસ્પેન્સ ખોલતા, શિવસેના (યુબીટી) એ બુધવારે ભૂતપૂર્વ વિપક્ષી નેતા અંબાદાસ દાનવેને તેમના ઉમેદવાર જાહેર કર્યા હતા. ઉદ્ધવ ઠાકરે હવે ચૂંટણી ન લડતા હોવાથી કૉંગ્રેસે આ ચૂંટણીમાં ઉમેદવાર ઉતારવાની જાહેરાત કરી છે અને આને પગલે મહાવિકાસ આઘાડીમાં ભંગાણ પડ્યું હોવાનું જોવા મળી રહ્યું છે.

‘‘ઉદ્ધવ સાહેબે નક્કી કર્યું છે કે અંબાદાસ દાનવે પાર્ટીના ઉમેદવાર રહેશે,’’ આદિત્ય ઠાકરેએ અહીં પત્રકારોને જણાવ્યું હતું.

વિપક્ષ મહા વિકાસ આઘાડી (એમવીએ), જેમાં શિવસેના (યુબીટી) ભાગ છે, તે નવ કાઉન્સિલ બેઠકોમાંથી ફક્ત એક જ જીતી શકે છે. પક્ષના ધારાસભ્ય આદિત્ય ઠાકરે દ્વારા દાનવેના નામની જાહેરાતથી ઉદ્ધવ ઠાકરે વિપક્ષના ઉમેદવાર હોવાની શક્યતા નકારી કાઢવામાં આવી હતી. છત્રપતિ સંભાજીનગરના

(જુઓ પાનું ૪) ▶▶

# ચાલતી ટ્રેને ઊતરવા જતાં પ્લૅટફૉર્મ પર પડેલી મહિલાનો જીવ પોલીસે બચાવ્યો

થાણે: દોઢ વર્ષના દીકરા સાથે ચાલતી ટ્રેને ઊતરવાના પ્રયાસમાં મહિલા પ્લૅટફૉર્મ પર પડી ગઈ હતી. કલ્યાણ સ્ટેશને બનેલી આ ઘટનામાં ટ્રેન અને પ્લૅફૉર્મ વચ્ચેના ગેપમાં ફસાયેલી મહિલાનો જીવ રેલવે પ્રોટેકશન ફોર્સ (આરપીએફ)ના અધિકારીએ બચાવ્યો હતો.

પ્લૅટફૉર્મ પર ફરજ બજાવતા આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર (એએસઆઈ) હેમંત બરગુડે એ સમયસૂચકતા વાપરી બહાદુરીથી મહિલા અને તેના બાળકને બચાવી લીધાં હતાં. સ્ટેશન પર લાગેલા સીસીટીવી કૅમેરામાં આ ઘટના કેદ થઈ હતી, જેનો વીડિયો બાદમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની સાંજે કલ્યાણના પ્લૅટફૉર્મ નંબર-પાંચ પર બની હતી. બચાવી લેવાયેલી મહિલા પ્રવાસીની ઓળખ અંતિમા શુક્લા (૨૦) તરીકે થઈ હતી.

મહિલા દોઢ વર્ષના પુત્ર સાથે

(જુઓ પાનું ૪) ▶▶

# ૨૬/૧૧ના આતંકવાદી કેસમાં નિર્દોષ છૂટેલા વ્યક્તિની રિક્ષા ચલાવવા માટે પોલીસ મંજૂરી માટેની અરજી હાઇ કોર્ટે ફગાવી દીધી

મુંબઈ: બોમ્બે હાઈ કોર્ટે બુધવારે ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના કેસમાં નિર્દોષ છૂટેલા ફહીમ અંસારીએ આજીવિકા મેળવવા ઓટો રિક્ષા ચલાવવા માટે પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ (પીસીસી) મેળવવાની માગણી માટે દાખલ કરેલી અરજીને ફગાવી દીધી હતી.

ન્યાયમૂર્તિ એએસ ગડકરી અને ન્યાયમૂર્તિ રણજીતસિંહ ભોસલેની ખંડપીઠે અરજીને ફગાવી દેતા કહ્યું કે સંબંધિત સત્તાવાળા દ્વારા સર્ટિફિકેટ યોગ્ય રીતે નકારવામાં આવ્યું હતું. આદેશની વિગતવાર નકલ પછીથી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આરટીઓ બેજ અને પરમિટ માટે ફરજિયાત પીસીસી માટેની તેમની અરજી નામંજૂર થયા બાદ અન્સારીએ ગયા વર્ષે જાન્યુઆરીમાં અરજી દાખલ કરી હતી.

અધિકારીઓએ આરટીઆઈના જવાબ દ્વારા અન્સારીને જાણ કરી હતી કે લશ્કર-એ-તૈયબા આતંકવાદી સંગઠન સાથે તે સંકળાયેલો હોવાના આરોપોને કારણે સર્ટિફિકેટ આપી શકાય એમ નથી. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં સરકારે અન્સારીની અરજીનો વિરોધ કરતા કહ્યું હતું કે તે હજુ પણ દેખરેખ હેઠળ છે અને સર્ટિફિકેટના અસ્વીકારના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો હતો. પોતાની અરજીમાં અન્સારીએ આ નિર્ણયને મનસ્વી, ગેરકાયદેસર અને

(જુઓ પાનું ૪) ▶▶

# માનખુર્દમાં કન્સ્ટ્રક્શન સાઇટ પર વજનદાર પાઇલિંગ રિગ પડતાં કોન્સ્ટેબલનું થયું મોત



મુંબઈ: માનખુર્દ વિસ્તારમાં નિર્માણાધીન ફ્લાયઓવરની સાઇટ પર મંગળવારે વજનદાર પાઇલિંગ રિગ પોલીસ કોન્સ્ટેબલ પર પડતાં તેનું મૃત્યુ થયું હતું.

માનખુર્દમાં સાયન-પનવેલ હાઇવે પર ઉત્તર તરફ જતા કૅરેજવે પર મંગળવારે રાતના આ અકસ્માત થયો હતો, જ્યારે પોલીસ કોન્સ્ટેબલ સંતોષ ગોપાલ ચવાણ મોટરસાઇકલ પર તેના ઘરે જઇ રહ્યો હતો,એમ અધિકારીએ જણાવ્યું હતું. માનખુર્દ પોલીસ સ્ટેશનના અધિકારીએ કહ્યું હતું કે જ્યાં ફ્લાયઓવરનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યાં પાયો ડ્રિલ કરવા માટે પાઇલિંગ રિગનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો અને તે તૂટી પડી હતી, જેમાં ચવાણને ગંભીર ઇજા પહોંચી હતી. ઘવાયેલા ચવાણને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં ડૉક્ટરોએ તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. ચવાણ નેહરુ નગર પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતો અને તેને હાલ ચેમ્બુરમાં ઇસ્ટ કન્ટ્રોલ રૂમમાં રાખવામાં આવ્યો હતો. પોલીસે આ પ્રકરણે બેદરકારી બદલ કોન્ટ્રેક્ટર વિરુદ્ધ ગુનો દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરી હતી. કોન્ટ્રેક્ટરો અને સુપરવાઇઝર્સની ભૂમિકા તપાસમાં આવી રહી છે. ઉપરાંત કન્સ્ટ્રકશન સાઇટ પર સલામતીનાં સાધનો પૂરાં પાડવામાં આવ્યાં હતાં કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે બાંદ્રા-કુર્લા કોમ્પ્લેક્સ ખાતે મેટ્રોના બાંધકામ દરમિયાન પંદરમી એપ્રિલે મોબાઇલ ક્રેન પડી ગઇ હતી. (પીટીઆઇ)■

# ડિવાઈડર સાથે ભટકાયા બાદ ઊંધી વળેલી કાર સળગી ઊઠી: ત્રણ જણને બચાવાયા

પાલઘર: ગુજરાત જઈ રહેલી કારને મુંબઈ-અમદાવાદ હાઈવે પર દહાણુ નજીક અકસ્માત નડ્યો હતો. ડિવાઈડર સાથે ભટકાયા બાદ ઊંધી વળેલી કાર સળગી ઊઠી હતી અને દરવાજા લૉક થઈ ગયા હતા. જોકે બે ટ્રક ડ્રાઈવરની મદદથી પોલીસે કાચ તોડી કારમાં બેસેલા ત્રણેયને બચાવી લીધા હતા.

કાસા પોલીસ સ્ટેશનના આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર સુનીલ માળીએ જણાવ્યું હતું કે કારમાં ત્રણ જણ ગુજરાત તરફ જઈ રહ્યા હતા. પુરપાટ દોડતી કાર મંગળવારની મધરાત બાદ બે વાગ્યાની આસપાસ દહાણુ નજીક ડિવાઈડર સાથે અથડાઈ હતી.

ડિવાઈડર સાથે ભટકાયા પછી કાર ઊંધી વળી ગઈ હતી અને તેના દરવાજા લૉક થઈ ગયા હતા. કારમાં ફસાઈ ગયેલા ત્રણેય જણ દરવાજો ખોલી શકતા નહોતા. ઘટનાને પગલે બે ટ્રક ડ્રાઈવર તેમની મદદ માટે રોકાયા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ઊંધી વળેલી કારના એન્જિનમાંથી ધુમાડો નીકળવા લાગ્યો હતો. કારમાં આગ લાગવાની શક્યતા જોતાં તેના કાચ તોડવામાં આવ્યા હતા અને ટ્રક ડ્રાઈવરોની મદદથી કારમાં ફસાયેલા ત્રણેયને બહાર ખેંચી કાઢવામાં આવ્યા હતા.

ત્રણેયને બહાર કાઢવામાં આવ્યાની ગણતરીની મિનિટમાં જ કાર સળગી ઊઠી હતી. તાત્કાલિક આગ ઓલવવાની કામગીરી હાથ ધરાઈ હતી. આગ પર કાબૂ મેળવવામાં આવે ત્યાં સુધી કાર બળી ગઈ હોવાનું કહેવાય છે.

દરમિયાન મેડિકલ ટીમે ઘટનાસ્થળે જ કારમાંથી બચાવી લેવાયેલા ત્રણેયની તપાસ કરી હતી. કલાક આરામ કર્યા પછી ત્રણેય બીજા વાહનમાં ગુજરાત તરફ રવાના થયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

ઘટનાને પગલે મુંબઈ-અમદાવાદ હાઈવે પરના વાહનવ્યવહારને અસર થઈ હતી. કલાક સુધી ટ્રાફિક જૅમ જેવી સ્થિતિ હતી. અકસ્માતગ્રસ્ત કારને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ થયો હતો. (પીટીઆઈ)■

# એસઆઇઆર કવાયતમાં પાલઘરનો રેકોર્ડ

પાલઘર: પાલઘર જિલ્લામાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) કવાયતમાં ૬૦ ટકા મતદારોનું મેપિંગ નોંધાયું છે, જેમાં વિક્રમગઢ વિધાનસભા બેઠક યાદીમાં ટોચ પર છે અને નાલાસોપારામાં સાથે સૌથી ઓછું નોંધાયું છે.

જિલ્લા કલેક્ટર ડૉ. ઇન્દુ રાણી જાખરના નેતૃત્વ હેઠળ, બૂથ લેવલ ઓફિસરોએ છ વિધાનસભા ક્ષેત્રોમાં કુલ ૨૩,૯૨,૬૦૬ મતદારોમાંથી ૧૪,૧૮,૪૦૨ મતદારોનું મેપિંગ કર્યું છે. ગ્રામીણ વિસ્તારોમાં સારું પ્રદર્શન થયું છે જેમાં વિક્રમગઢ ૮૭.૭૮ ટકા સાથે ટોચ પર છે, ત્યારબાદ દહાણુ ૮૫.૬૦ ટકા અને પાલઘર ૮૦.૭૭ ટકા છે, જ્યારે શહેરી વિસ્તારોમાં મેપિંગ હજુ પણ પાછળ છે. વસઈમાં મેપિંગ ૫૦.૪૯ ટકા અને બોઇસરમાં ૪૫.૨ ટકા રહ્યું છે, જ્યારે નાલાસોપારામાં સૌથી ઓછું ૩૭.૭૨ ટકા નોંધાયું છે.

નબળી કામગીરી સામે કડક વલણ અપનાવતા, જિલ્લા વહીવટીતંત્રે ભૂલ કરનારા ૧૪૧ કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારી છે. નાલાસોપારા મતવિસ્તારના પાંચ બીએલઓને લક્ષ્યાંકો પૂરા કરવામાં નિષ્ફળ રહેવા બદલ તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

મતદાર-કેન્દ્રિત અભિગમ પર પ્રકાશ પાડતા, જાખરે નોંધ્યું કે ચૂંટણી પંચની ‘બુક અ કોલ વિથ બીએલઓ’ સેવા વહીવટ અને જનતા વચ્ચેના અંતરને દૂર કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ડેટા મુજબ, જિલ્લામાં મતદાર સેવા પોર્ટલ અને ઇસીઆઈનેટ એપ દ્વારા ૫,૩૪૪ કોલમાંથી ૪,૦૦૦ થી વધુ પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

# કૉંગ્રેસનું ધીરેન્દ્ર શાસ્ત્રી સામે વિરોધ પ્રદર્શન, એફઆઈઆરની માગ

થાણે: કૉંગ્રેસે બુધવારે આધ્યાત્મિક ઉપદેશક ધીરેન્દ્ર શાસ્ત્રી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું અને છત્રપતિ શિવાજી મહારાજ વિશે વાંધાજનક ટિપ્પણી બદલ તેમની સામે કેસ નોંધવાની માગ કરી હતી.

પાર્ટીએ મહારાષ્ટ્રમાં બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાની પણ માગણી કરી હતી. પાર્ટીએ જણાવ્યું હતું કે શિવાજી મહારાજનું અપમાન કરનારાઓનું મહારાષ્ટ્રમાં કોઈ સ્થાન નથી. આ પ્રદર્શનનું નેતૃત્વ થાણે જિલ્લા પ્રમુખ વિક્રાંત ચવ્હાણ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચવ્હાણે શાસ્ત્રી સામે કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો પ્રદર્શનો વધુ તીવ્ર બનાવવાની ચેતવણી આપી હતી.

વિવાદ વચ્ચે, શાસ્ત્રીએ રવિવારે છત્રપતિ શિવાજી મહારાજ પરની તેમની ટિપ્પણી બદલ માફી માગી, અને દાવો કર્યો હતો કે સોશ્યલ મીડિયા પર કેટલાક લોકોએ તેને તોડી-મરોડીને રજૂ કરી હતી.

નાગપુરમાં એક કાર્યક્રમમાં શાસ્ત્રીએ દાવો કર્યો કે શિવાજી મહારાજ યુદ્ધથી કંટાળી ગયા હોવાથી પોતાની જવાબદારીઓ છોડી દેવાની ઇચ્છા વ્યક્ત કરી હતી અને તેમના ‘ગુરુ’ સમર્થ રામદાસ પાસે તેમનો મુગટ લઈને ગયા હતા, ત્યારબાદ વિવાદ શરૂ થયો હતો. ■

# ભાજપના નેતાનું વૉટ્સઍપ અકાઉન્ટ હૅક: રૂપિયાની માગણી કરાઇ

નાગપુર: નાગપુરમાં ભાજપના સ્થાનિક નેતાનું વૉટ્સઍપ અકાઉન્ટ હૅક કરવામાં આવ્યું હતું અને કોન્ટેક્ટ લિસ્ટમાંના લોકોના મેસેજ મોકલીને રૂપિયાની માગણી કરાઇ હતી.

નાગપુર શહેરના ભાજપના અધ્યક્ષ દયાશંકર તિવારીને મંગળવારે તેનું વૉટ્સઍપ અકાઉન્ટ હૅક થયું હોવાની જાણ થઇ હતી. સાથીદારને શંકા જતાં તેણે તિવારીને કૉલ કર્યો હતો અને તેમના નામે રૂપિયાની માગણી કરાઇ હોવાનું તેને જણાવ્યું હતું.

તિવારીએ બાદમાં સાયબર પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને પગલે પોલીસે તપાસ આદરી હતી. તિવારીનું અકાઉન્ટ ત્યાર બાદ સક્રિય કરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા લોકોને કોઇ પણ ટ્રાન્ઝેક્શન કરતા પહેલા આવી વિનંતીઓને ચકાસવાની સલાહ આપવામાં આવી છે. (પીટીઆઇ)■

# ડોંબિવલીમાં વિવાદને લઇ ૬૦ વર્ષના વૃદ્ધની હત્યા: ૨૦ સામે ગુનો

થાણે: થાણે જિલ્લાના ડોંબિવલીમાં વિવાદને લઇ ૬૦ વર્ષના વૃદ્ધની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે ૨૦ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ડોંબિવલી વિસ્તારમાં મંગળવારે મોડી રાતે આ ઘટના બની હતી. આરોપીઓ ધાવડી વિસ્તારના રહેવાસીઓ હોઇ મૃતક બામા જાધવ અનુસૂચિત જાતીનો હતો અને આરોપીઓનો પડોશી હતો. તેમની વચ્ચે ઘણા સમયથી વિવિધ મુદ્દાઓને લઇ વિવાદ ચાલી રહ્યો હતો. મંગળવારે રાતે તેમની વચ્ચે ફરી ઝઘડો થયો હતો, જેને પગલે આરોપીઓએ બામા જાધવ અને તેના પરિવારના સભ્યો પર લાઠી તેમ જ લોખંડના સળિયાથી હુમલો કર્યો હતો, એમ માનપાડા પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર મહેશ બંડગરે જણાવ્યું હતું.

હુમલામાં બામા જાધવનું ગંભીર ઇજાને કારણે ઘટનાસ્થળે મોત થયું હતું, જ્યારે અન્ય કેટલાક લોકો ઘાયલ થયા હતા.

દરમિયાન બનાવની જાણ થતાં પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે આવી પહોંચ્યા હતા અને જાધવના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલ્યા બાદ પોલીસે મહિલા તથા તેના પરિવારના સભ્યો સહિત ૨૦ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

# સેન્સેક્સ ૧૦૦૦ પોઈન્ટ ઉછળીને અંતે ૬૦૦ પોઈન્ટના સુધારે સ્થિર થયો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ કોર્પોરેટ ક્ષેત્રની મજબૂત કમાણીના આકંડાને કારણે સેન્ટિમેન્ટને મળેલા ટેકા સાથે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા લશ્કરી સંઘર્ષના વહેલા અંતની વધતી આશા વચ્ચે એશિયાઇ બજારમાં આવેલા સુધારા સાથે સ્થાનિક બજારમાં પણ ઇન્ડેક્સ હેવીવેઇટ શેરોમાં લેવાલી વધતાં બુધવારના સત્રમાં શેરબજારે પોઝિટીવ ઝોનમાં બંધ આપ્યું હતું. સવારના ટ્રેડિંગ સત્રમાં, સેન્સેક્સ ૧,૦૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટી ૨૪,૩૦૦ના સ્તરને પાર કરી ગયો હતો, જેમાં તીવ્ર વધારાથી બીએસઇ પર લિસ્ટેડ બધી કંપનીઓના કુલ બજાર મૂડીકરણમાં લગભગ રૂ. પાંચ લાખ કરોડનો ઉમેરો થયો હતો. જોકે, ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૧૧૫ ડોલરની સપાટી પર પહોંચી ગયા હોવાથી બેન્ચમાર્ક ઇન્ડેક્સોએ બપોર સુધીમાં લગભગ અડધા લાભને ગુમાવ્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ ૬૦૯૪૫ પોઈન્ટ અથવા તો ૦.૭૯ ટકાના સુધારા સાથે ૭૭,૪૯૬ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો, જ્યારે નિફ્ટી લગભગ ૧૮૧.૯૫ પોઈન્ટ અથવા તો ૦.૭૬ ટકા વધીને ૨૪,૧૭૭.૬૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૬૬.૯૩ લાખ કરોડથી રૂ.૧.૬૯ લાખ કરોડ વધીને રૂ.૪૬૮.૬૨ લાખ કરોડ રહ્યું હતું.

આઇટીસી લિમિટેડ ટોપ લુઝર રહ્યો હતો. સેન્સેક્સના શેરોમાં સૌથી વધુ વધનારા અન્ય શેરોની યાદીમાં ટેક મહિન્દ્રા, મારુતિ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ હતો. જ્યારે ઇન્ટરગ્લોબ એવિએશન, એનટીપીસી, બજાજ ફિનસર્વ અને આઇસીઆઇસીઆઇ બેન્કનો સૌથી વધુ ઘટનારા શેરોમાં સમાવેશ હતો. સારા પરિણામને કારણે મારુતી સુઝીકીના શેરમાં ૨.૮૨ ટકાનો ઉછાળો હતો. આ કંપનીએ ૧.૨૪ ટકાના વધારા સાથે રૂ. ૧૪,૬૭૯.૫૦ કરોડનો વાર્ષિક કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ નોંધાવ્યો હતો.

મેટલના ભાવ વધારા અને રૂપિયાના ભાવના ઘટાડાને કારણે વેદાંતનો ચોથા ક્વાર્ટરનો નફો ૮૯ ટકા વધીને રૂ. ૯,૩૫૨ કરોડ નોંધાયો હતો. અદાણી પાવરનો ચોથા ત્રિમાસિક સમયગાળાનો ચોખ્ખો નફો ૬૪ ટકા વધીને રૂ. ૪,૨૭૧ કરોડના સ્તરે પહોંચ્યો હતો. પિરામલ ફાઇનાન્સે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ૨૧૦ ટકાના વધારા સાથે રૂ. ૧૫૦૬ કરોડનો અને ત્રિમાસિક ધોરણે ૩૯૦ ટકાના વધારા સાથે રૂ. ૫૦૨ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. એયુએમ પચ્ચીસ ટકાના વધારા સાથે રૂ. રૂ.૧૦૧૨૩૦ કરોડ નોંધાઇ છે.

રિલાયન્સ અને કોલ ઈન્ડિયા પ્રત્યેકના શેરમાં ત્રણેક ટકા જોવો ઉછાળો જોવા મળ્યો હતો. આઇઆઇએફએલ ફાઇનાન્સનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો બે ગણો વધીને રૂ. ૬૨૩ કરોડ નોંધાયો હતો. બીએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર લિસ્ટેડ એપ્ટસ ફાર્માએ વાર્ષિક ધોરણે ૮૯.૫૯ ટકાના વધારા સાથે રૂ. ૪૬૭૦.૮૧ લાખની કુલ સ્ટેન્ડઅલોન આવક અને ન.ન ટકાના વધારા સાથે રૂ. ન.ન લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. કંપનીએ મલ્ટી-વર્ટિકલ વિસ્તરણ હેઠળ



૨૫૦થી વધુ પ્રોડક્ટસનો પોર્ટફોલિયો બનાવવા સાથે ૨૫,૦૦૦થી વધુ રિટેલ આઉટલેટ્સને આવરી લીધાં છે, જે ૨૦૦થી વધુ વિતરકો અને પેટા-વિતરકો દ્વારા સમર્થિત છે. ગોલ્ડ લોન ક્ષેત્રની નોન-બેન્કિંગ ફાઇનાન્સ કંપની, ઇન્ડેલ મનીએ વિનોદ પાનીકરની ચીફ ફાઇનાન્શિઅલ ઓફિસર તરીકે નિમણુંક કરી છે. મેટ્રો શહેરોમાં હાજરી મજબૂત કરવાની વ્યૂહરચના અનુસરતા વિસ્તરણ યોજના અંતર્ગત રેડિસન હોટેલ ગ્રુપે મુંબઈ મેટ્રોપોલિટનમાં બે હોટલ સ્થાપવા રિયલ એસ્ટેટ ડેવલપર્સ વિહંગ ગ્રુપ અને વિહંગ અહેડ સાથે બે નવી પ્રોપર્ટી વિકસાવવાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. રેડિસન હોટેલ થાણે વિહંગ ગ્રુપ દ્વારા, જ્યારે રેડિસન હોટેલ મીરા ભાયંદર વિહંગ અહેડ સાથે વિકસાવવામાં આવી રહી છે. રેડિસન ગ્રુપની ૧૦૦થી વધુ દેશમાં ૧૬૦૦થી વધુ હોટેલ કાર્યરત છે અથવા વિકાસના તબક્કામાં છે.

એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાના બેન્ચમાર્ક કોસ્પી, શાંઘાઈના એસએસઆઇ કમ્પોઝિટ અને હોંગકોંગના હેંગ સેંગમાં વધારો થયો હતો. રજાના કારણે જાપાનના ઇક્વિટી બજારો બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો નીચા વેપાર કરી રહ્યા હતા. મંગળવારે યુએસ બજારો નીચા સ્તરે બંધ થયા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ, ૨.૮૫ ટકા વધીને ૧૧૪.૪ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

બજારના સાધનો અનુસાર આ સત્રની મજબૂતાઈનું મુખ્ય ચાલકબળ કોર્પોરેટ સેકટરની કમાણી રહ્યું હતું. મુખ્ય કંપનીઓના મજબૂત પરિણામોએ સ્થાનિક માગ અને બેલેન્સ શીટ સ્થિતિસ્થાપકતામાં વિશ્વાસને મજબૂત બનાવ્યો. ભૂ-રાજકીય ચિંતાઓને હળવી કરવા સાથે આ મૂળભૂત સમર્થનથી બજારોને મેક્રો તણાવથી કોર્પોરેટ પ્રદર્શન તરફ ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળી રહી છે. ભૂ-રાજકીય તણાવમાં સંભવિત ઘટાડાની આશાએ ક્રૂડ ઓઇલના ભાવ સ્થિર કરવામાં મદદ કરી છે, જે ભારતના મેક્રો આઉટલુક માટે મહત્વપૂર્ણ છે. નબળા વૈશ્વિક સંકેતો, ક્રૂડ ઓઇલના વધેલા ભાવ અને ભારતીય રૂપિયામાં ઘટાડો થવા છતાં, ભારતના ઇક્વિટી બજારો તાજેતરના નીચા સ્તરેથી ફરી વળ્યા કારણ કે રોકાણકારોએ કરેક્શનનો ઉપયોગ કરીને એક્સપોઝર વધાર્યું છે, જેને ભૂ-રાજકીય અનિશ્ચિતતા છતાં અપેક્ષા કરતાં વધુ સારા નફા દ્વારા ટેકો મળ્યો હતો.

કોર્પોરેટ સેકટરના મજબૂત પરિણામો અને સકારાત્મક ટિપ્પણીને કારણે એફએમસજી, ઓટો અને રિયલ્ટી શેરોમાં નફો જોવા મળ્યો, જ્યારે નિયમનકારી સખ્તાઇ અને જોગવાઈની ચિંતાઓને કારણે ફાઇનાન્શિઅલ સેકટરના શેરોમાં પીછેહઠ જોવા મળી હતી. એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ મંગળવારે રૂ. ૨,૧૦૩.૭૪ કરોડના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૧,૭૧૨.૦૧ કરોડના શેર ખરીદ્યા હતા. મંગળવારે, સેન્સેક્સ ૪૧૬.૭૨ પોઈન્ટ અથવા ૦.૫૪ ટકા ઘટીને ૭૬,૮૮૬.૯૧ પર સ્થિર થયો. નિફ્ટી ૯૭ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ઘટીને ૨૩,૯૯૫.૭૦ની સપાટીએ બંધ થયો હતો.

કોલ ઇન્ડિયાએ ચોથા ક્વાર્ટરમાં ચોખ્ખા નફામાં ૧૧ ટકાનો વધારો નોંધાવ્યો હતો. મારુતિ સુઝુકીનો ચોથા ક્વાર્ટરનો ચોખ્ખો નફો ૬.૪૫ ટકા ઘટીને રૂ. ૩,૬૫૯ કરોડ નોંધાયો છે. ધૂત ટ્રાન્સમિશને બેંગ્લુરુની મલ્ટિલિન્ક હસ્તગત કરી છે. બેગમેન ઓફિસ રૂ. ૩૪૦૫ કરોડનો રેઇટ ઇશ્યૂ લાવી રહી છે. ઇટર્નલના ચોથા ક્વાર્ટરના નફામાં વાર્ષિક ધોરણે ૩૪૬ ટકાનો ઉછાળો નોંધાયો છે. મેકમાય ટ્રીપ અને અદાણી એરપોર્ટ હોલ્ડિંગે ભાગીદારી જાહેર કરી છે. એનએસઇએ નિયમનકારી ધોરણોના પાલન માટે લગભગ એક ટકા જેટલો હિસ્સો ઇન્ડિયન ગેસ એક્સચેન્જને વેચ્યો છે. એમોઝોન ૧૦૦ શહેરમાં વિસ્તરણ કરશે.

# ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા તૂટીને ઐતિહાસિક નીચી સપાટીની નજીક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૧૧૪ ડૉલર સુધી પહોંચવાની સાથે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલીના દબાણને ઉપરાંત આયાતકારોની ડૉલરમાં લેવાલી રહેતાં આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં વધુ ૧૪ પૈસા તૂટીને ઐતિહાસિક નીચી સપાટીની નજીક ૯૪.૮૨ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે પશ્ચિમ એશિયાની કટોકટીને પગલે ક્રૂડતેલના ભાવ વધવાની સાથે ફુગાવો વધવાની ચિંતા અને અમુક અંશે આજે સમાપન થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠકના નિર્ણય પૂર્વે અમુક ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી રૂપિયો દબાણ હેઠળ રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૪.૬૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૪.૭૯ની સપાટીએ ખૂલ્યા બાદ નીચામાં ૯૪.૮૬ અને ઉપરમાં ૯૪.૭૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૪ પૈસાના ઘસારા સાથે ૯૪.૮૨ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયામાં ૫૩ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો. જોકે, આજે ડૉલર સામે રૂપિયો ગત ૨૭મી માર્ચની ૯૪.૮૫ની ઐતિહાસિક નીચી સપાટીએથી માત્ર ત્રણ પૈસા છેટે રહ્યો હતો.

આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૩.૧૩ ટકાના ઉછાળા સાથે બેરલદીઠ ૧૧૪.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી આયાત બીલમાં વધારાની સાથે સાથે ફુગાવામાં વધારો થવાની શક્યતા મૂડીગત્ બાહ્યપ્રવાહને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં સુધારાનો અવકાશ મર્યાદિત હોવાનું એલકેપી સિક્યોરિટીઝનાં વિશ્લેષક જતીન ત્રિવેદીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલના તબક્કે ડૉલર સામે રૂપિયામાં ૯૪.૪૦ની સપાટી મહત્ત્વની પુરવાર થાય તેમ જણાય છે.

વધુમાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૮ ટકાના વધારા સાથે ૯૮.૭૨ આસપાસ ક્વૉટ રહ્યા હતા. તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૧૦૩.૭૪ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો વધુ ગબડ્યો હતો.

# સોનામાં ₹ ૮૦૯ની અને ચાંદીમાં ₹ ૨૪૧ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં જળવાઈ રહેલી આગેકૂચ સાથે ફુગાવામાં વધારો થવાની શક્યતા ઉપરાંત વધતા ફુગાવાના સંજોગોમાં અમેરિકી ફેડરલ રિઝર્વ હળવી નાણાનીતિ અપનાવે તેવી શક્યતા નબળી પડવાની સાથે ડૉલર ઈન્ડેક્સમાં પણ સુધારાતરફી વલણ રહેતાં આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં પીછેહઠ જળવાઈ રહી હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૪૧ની અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦૬થી ૮૦૯ની પીછેહઠ જળવાઈ રહી હતી.




બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૨૪૧ના ઘટાડા સાથે રૂ. ૨,૩૬,૩૦૦ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ ૧૨ પૈસા નબળો પડ્યો હોવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો અને વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૮૦૬ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૩૮૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૮૦૯ના ઘટાડા સાથે રૂ. ૧,૪૭,૯૭૩ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી નિરસ રહી હતી.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૫૬૭.૫૬ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૬ ટકા ઘટીને ૪૫૮૦.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા ઘટીને ઔંસદીઠ ૭૨.૯૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

યુદ્ધનો અંત લાવવા માટે ઈરાને મોકલેલા પ્રસ્તાવથી અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ નાખુશ છે અને તેણે ઈરાનને સ્માર્ટ બનીને અમેરિકન ડીલ પર સહી કરવા જણાવ્યું હોવાથી મડાગાંઠ યથાવત્ રહેતા આજે ક્રૂડતેલના ભાવમાં તેજી આગળ ધપી હતી અને ક્રૂડતેલના ભાવ ઊંચી સપાટીએ રહેતાં અમેરિકી ફેડરલ રિઝર્વ લાંબાગાળા સુધી વ્યાજદરની ઊંચી સપાટી જાળવી રાખે તેવી શક્યતા વ્યક્ત કરતાં ઓએએનડીએનાં વિશ્લેષક ઝૈન વાવદાએ જણાવતા ઉમેર્યું હતું કે જો અમેરિકા અને ઈરાન વચ્ચે ડીલ થઈ જાય અને ક્રૂડતેલના ભાવમાં ઘટાડો આવે તો વર્ષના અંત સુધીમાં સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૫૩૦૦થી ૫૫૦૦ ડૉલર સુધી પહોંચી શકે છે.

દરમિયાન આજે સમાપન થનારી બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી શક્યતા છે. તેમ છતાં બેઠકના અંતે ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરોમ પૉવેલ વધી રહેલા ક્રૂડતેલના ભાવને અનુલક્ષીને ફુગાવા અંગે તથા ભવિષ્યની નાણાનીતિ અંગે કોઈ સંકેતો આપે છે કે કેમ તેના પર બજાર વર્તુળોની મીટ મંડાયેલી છે. વધુમાં વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલની તાજેતરની આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળામાં સોનાની લગડી અને કોઈન સહિતની રોકાણલક્ષી માગ અને કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ટેકે સોનાની વૈશ્વિક માગમાં બે ટકાનો વધારો જોવા મળ્યો છે, જ્યારે આભૂષણો માટેની માગમાં ૨૩ ટકાનો ઘટાડો થયો હોવાનું અહેવાલમાં ઉમેર્યું હતું.

# બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નફારૂપી વેચવાલીએ ₹ ૧૭ તૂટ્યા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપરના ભાવમાં ધીમો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે એકંદરે પાંખાં કામકાજો અને સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં મુખ્યત્વે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, ટીન અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૭, રૂ. સાત અને રૂ. છનો તથા નિરસ માગને કારણે કોપર વાયરબારમાં કિલોદીઠ રૂ. ચારનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે માત્ર કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. ત્રણ વધી આવ્યા હતા, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં નિરસ કામકાજો વચ્ચે સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ પ્રબળ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ ઘટીને રૂ. ૭૬૩, ટીનના ભાવ કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૪૮૫૬, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. છ ઘટીને રૂ. ૩૭૪ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૧૩૨૨ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે માત્ર કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૧૨૨૩ અને રૂ. ત્રણ વધીને રૂ. ૩૦૫ના મથાળે રહ્યા હોવાનું સૂત્રોએ જણાવતા ઉમેર્યું હતું કે આ સિવાય કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અન્ય વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ, લીડ ઈન્ગોટ્સ અને નિકલમાં ખપપૂરતા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં સાધારણ ₹ ચારની નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૭૩૦તી ૩૭૬૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં રિટેલ સ્તરની તેમ જ સ્ટોકિસ્ટોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ગુણવત્તાલક્ષી ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની તેમ જ રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગને ટેકે વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૨થી ૩૯૪૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી તેના વેપાર ક્વિન્ટલે રૂ. ચારના સાધારણ ઘટાડા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૫૬માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૫થી ૩૮૫૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૫થી ૩૯૬૫માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્માં આગળ ધપતો ઘટાડો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૧૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ અને આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૨ રિંગિટ વધી આવ્યા હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં ખાસ કરીને સન રિફાઈન્ડ અને કપાસિયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે અન્ય દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૧, એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૦ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૧, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૩૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૫ અને રિલાયન્સ કન્ઝ્યુમરનાં સોયા રિફાઈન્ડના જૂન ડિલિવરી શરતે રૂ. ૧૪૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. જોકે, આજે ભારત ફૂડની સોયા રિફાઈન્ડના એપ્રિલ મહિનાના કોન્ટ્રાક્ટમાં બાયબૅકમાં રૂ. ૧૪૫૫ના મથાળે લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૪૦૦૦ ગૂણીની અને ગઈકાલની શેષ ૧૦૦૦ ગૂણી મળી કુલ ૫૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ ભાવ રૂ. ૧૪૦૦થી ૧૪૮૦માં અને રાજકોટ મથકે ૧૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૪૦૦થી ૧૪૭૫માં થયા હતા. તેમ જ આજે ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૭૫માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૨૦માં અને કૉટન રિફાઈન્ડના વેપાર રૂ. ૧૪૬૦માં થયા હતા. આ સિવાય આજે રાજકોટ મથકે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૨૫૧૦માં અને લૂઝમાં ૨૦ કિલોદીઠ રૂ. ૧૫૬૫માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજરમાં પાંખાં કામકાજો વચ્ચે દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૬૧૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૪૮૦ અને સરસવના રૂ. ૧૪૭૦ના મથાળે રહ્યા હતા.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



રાજકોટમાં ૧૦૦ થી ૧૫૦ વર્ષ જૂનું મોટું ઝાડ તૂટી પડ્યું. ઘેઘુર વૃક્ષ અચાનક ધરાશાયી થતાં લોકોમાં ગભરાટ ફેલાયો હતો. જો કે જાનહાનિ સર્જાઈ ન હતી.... (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ચેક રિટર્ન કેસમાં ભુજ અને અંજારના બે શખ્સોને એક-એક વર્ષની જેલની સજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લામાં ચેક રિટર્ન (નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ) હેઠળ નોંધાયેલા બે અલગ-અલગ કેસોમાં અદાલતે મહત્ત્વના ચુકાદા આપ્યા હતા. ભુજ અને અંજારની કોર્ટે નાણાકીય લેતીદેતીમાં વિશ્વાસઘાત કરનારા બંને આરોપીઓને તકસીરવાર ઠેરવી એક-એક વર્ષની કેદની સજા ફટકારી હતી.

પ્રથમ કિસ્સામાં, ફરિયાદી રમેશભાઈ લાલજીભાઈ ગોરસિયા અને ભુજના ગિરીશ વી. ઠક્કર (કોટક) વચ્ચે વ્યાપારી સંબંધોના કારણે મિત્રતા બંધાઈ હતી. આ સંબંધોના આધારે ફરિયાદીએ આરોપીને રૂ. ૧.૬૦ લાખ ઉછીના આપ્યા હતા. જેના બદલામાં આરોપીએ આપેલો ચેક ગત તા. ૧૭-૧-૨૦૧૭ના રોજ બેંકમાંથી પરત ફર્યો હતો. આ મામલે ભુજની અદાલતમાં કેસ ચાલતા ફરિયાદી પક્ષના પુરાવાઓ ધ્યાને લઈ કોર્ટે ગિરીશ ઠક્કરને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આ સાથે જ ચેકની રકમ વળતર પેટે એક માસમાં ચૂકવી આપવા આદેશ કર્યો છે, જો આરોપી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાય તો વધુ ૯૦ દિવસની કેદ ભોગવવી પડશે. આ કેસમાં ફરિયાદી પક્ષે ધારાશાસ્ત્રી કે.પી. ગઢવી રોકાયા હતા. બીજા કેસમાં, અંજાર તાલુકાના મેઘપર કુંભારડીના ફરિયાદી શૈલેશભાઈ રતિલાલ પરમારે અંજારના મહિપતસિંહ પી. ચાવડાને મિત્રતાના દાવે રૂ. ૮ લાખની રકમ ઉછીની આપી હતી. આરોપીએ આપેલો ચેક બેંકમાં વટાવવા જતાં અપૂરતા ભંડોળને કારણે પરત ફર્યો હતો.

આ અંગેનો કેસ અંજારની અદાલતમાં ચાલી જતાં ન્યાયાધીશ એસ.ડી. ત્રિપાઠીએ આરોપી મહિપતસિંહને કસૂરવાર ઠેરવી એક વર્ષની જેલની સજા અને ચેક મુજબની રૂ. ૮ લાખની રકમ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ વિજય એમ. ફુફલ અને જે.વી. આહીર હાજર રહ્યા હતા. ■

# કચ્છ જિલ્લા પંચાયત કચેરીમાં કોન્ટ્રાક્ટરો વચ્ચેની મારામારીમાં આરોપીને છ માસની જેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છ જિલ્લા પંચાયત કચેરીમાં છ વર્ષ પૂર્વે બે ઠેકેદારો વચ્ચે થયેલી જૂથ અથડામણ અને મારામારીના કેસમાં ભુજની અદાલતે મહત્ત્વનો ચુકાદો આપ્યો હતો. અદાલતે આરોપી સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરુભા ગોપાલજી ઝાલાને તકસીરવાર ઠેરવી છ માસની સાદી કેદ અને દંડની સજા ફટકારી હતી.

ઘટનાની વિગત મુજબ, ગત તા. ૨૪/૧૧/૨૦૨૦ના રોજ જિલ્લા પંચાયતની બાંધકામ શાખામાં આ વિવાદ સર્જાયો હતો. ફરિયાદી નીલેશ જયસુખ ઠક્કર દ્વારા કરવામાં આવેલી અગાઉની કોઈ અરજીનું મનદુઃખ રાખીને આરોપી સુરેન્દ્રસિંહે તેમની સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. આ વિવાદ વધતા આરોપીએ ફરિયાદીને પોકર પંચ તથા હાથ-પગ વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે તે સમયે ચર્ચાસ્પદ બનેલા આ મામલે ભુજ એ-ડિવિઝન પોલીસ મથકે વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

આ કેસ ભુજના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ.એમ. કુરેશીની કોર્ટમાં ચાલી જતાં, સરકારી વકીલ આર.આર. પ્રજાપતિએ ધારદાર દલીલો રજૂ કરી હતી. પુરાવાઓ અને સાક્ષીઓને ધ્યાને રાખી અદાલતે આરોપી સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરુભા ઝાલાને જુદી-જુદી કલમો હેઠળ દોષિત ઠેરવ્યા હતા. ન્યાયાધીશે આરોપીને કુલ છ માસની સાદી કેદ અને રૂ. ૧,૪૦૦નો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાય, તો તેણે વધુ ૧૫ દિવસની જેલની સજા ભોગવવી પડશે તેવો હુકમ પણ કરવામાં આવ્યો છે. પંચાયત કચેરી જેવા જાહેર સ્થળે થયેલી આ મારામારીમાં સજા પડતા વ્યાપારી અને ઠેકેદાર આલમમાં ચર્ચા જાગી હતી. ■

# ભુજમાં અરેરાટીઃ વોકળા ફળિયાની ૨૮ વર્ષીય પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: શહેરના કોટ અંદરના વિસ્તારમાં આવેલા વોકળા ફળિયા વિસ્તારમાં રહેતી ૨૮ વર્ષીય પરિણીતાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ચકચાર મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ભુજના વોકળા ફળિયામાં રહેતા ૨૮ વર્ષીય મનીષાબેન સંજયભાઈ પરમારે ગત બપોરના અરસામાં પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં જ માનકૂવા રહેતા તેમના બહેન નીશા ચાવડા તાત્કાલિક ભુજ દોડી આવ્યા હતા અને મનીષાને સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, હૉસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

મૃતક મનીષાબેનના લગ્નને હજુ પાંચ વર્ષનો સમય વીત્યો હતો. તેમના આ પગલાથી તેમનું પાંચ વર્ષનું વહાલસોયા બાળકે માતાની છત્રછાયા ગુમાવી છે.

આ બનાવ અંગે ભુજ શહેર એ-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે હૉસ્પિટલ પહોંચી પંચનામું હાથ ધર્યું હતું. પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આગળની તજવીજ હાથ ધરી છે. ■

# ભુજની પાલારા ખાસ જેલની સુરક્ષામાં ફરી ગાબડુંઃ બાથરૂમના પોલાણમાંથી એન્ડ્રોઈડ ફોન અને રોકડ રકમ ઝડપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ખામી ભરેલી સુરક્ષાના કારણોસર અવારનવાર સમાચાર માધ્યમોમાં ચમકતી રહેતી ભુજની પાલારા ખાસ જેલના સર્ચ ઓપરેશન દરમિયાન બેરકના બાથરૂમમાંથી સિમકાર્ડ સાથેનો એન્ડ્રોઇડ મોબાઈલ ફોન અને રૂ.૧૦૦૦ની રોકડ રકમ મળી આવતા સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદની જેલ ઝડતી સ્ક્વોડ દ્વારા ગત તા. ૨૭-૪ના રોજ પાલારા જેલમાં ઓચિંતી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન જેલના સર્કલ-૨ની બેરક નંબર ૧૦ની બહાર આવેલા સંડાસ-બાથરૂમ વિસ્તારમાં ઝીણવટભરી છાનબીન કરવામાં આવી હતી. જેમાં બીજા નંબરના બાથરૂમમાં લગાડવામાં આવેલા પ્લાયવૂડના પોલાણમાંથી એક સ્માર્ટફોન એક્ટિવ સિમકાર્ડ સાથે મળી આવ્યો હતો. વધુમાં, ત્યાંથી રૂ. ૧,૦૦૦ની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે.

આ મામલે અમદાવાદ ઝડતી સ્ક્વોડના જેલર દેવશી રણમલભાઇ કરંગિયાએ ભુજ બી-ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી છે. જોકે, પાલારા જેલમાંથી સમયાંતરે પ્રતિબંધિત વસ્તુઓ મળવી એ હવે રોજિંદી ઘટના બની ગઈ હોય તેમ જણાય છે. જેલની અંદર બેસીને કોઈ ગુનાહિત નેટવર્ક ઓપરેટ થઈ રહ્યું છે કે કેમ? આટલી કડક તપાસ છતાં મોબાઈલ અને રોકડ જેલની અંદર પહોંચે છે કેવી રીતે? તેવા અનેક સવાલો સુરક્ષા નિષ્ણાતો ઉઠાવી રહ્યા છે.

સામાન્ય રીતે જેલની અંદર કેદી પાસે રોકડ રકમ રાખવી એ ગુનો છે, છતાં રૂ. ૧,૦૦૦ મળી આવવા તે જેલના સત્તાધીશોની ઘોર બેદરકારી સૂચવે છે.

ભૂતકાળમાં પણ અનેકવાર મોબાઈલ ફોન મળવાની ફરિયાદો નોંધાઈ છે, પરંતુ તેની તપાસમાં કયા જવાબદારોનાં નામ ખુલ્યા કે કેવાં પગલાં લેવાયાં તે ક્યારેય જાહેર કરવામાં આવતું નથી, જે એક ચર્ચાનો વિષય બન્યો છે. હાલ પોલીસે આ મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ■

# ભાવનગરમાં ગરમી-ભેજનું પ્રમાણ વધતા બફારાથી લોકો અકળાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: શહેરમાં ગરમી અને બફારાથી લોકો ત્રાહિમામ્ પોકારી ગયા છે. બુધવારે ૨૬ કિ.મી. ની ઝડપે ગરમ પવન ફૂંકાતા ભાવનગરવાસીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. ગરમી અને બફારાને કારણે લોકો પરસેવે નહાયા હતા.

ભાવનગર શહેરનું મહત્તમ તાપમાન ૪૦.૦ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે લઘુતમ તાપમાન ૨૪.૨ ડિગ્રી રહેવા પામ્યું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૪૪ ટકા રહ્યું હતું, જ્યારે પવનની ઝડપ ૨૬ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી. ■

# ગાંધીધામના કિડાણામાં નજીવી બાબતે પત્નીની કરપીણ હત્યા કરનારા પતિ સામે પાડોશીએ નોંધાવી ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામના કિડાણા વિસ્તારમાં આવેલી એકતાનગર સોસાયટીમાં ઘરકંકાસ અને રોટલા બનાવી આપવા જેવી સામાન્ય તકરારમાં ઉશ્કેરાયેલા પતિએ પત્ની પર કુહાડી વડે જીવલેણ હુમલો કરી તેને મોતને ઘાટ ઉતારી દીધી હોવાના ચકચારી બનાવમાં માનવતાના ધોરણે પાડોશીએ આગળ આવી હત્યારા પતિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, એકતાનગર સોસાયટીમાં રહેતા અસરફ ઉર્ફે સુમાર અલાના લંઘા અને તેની પત્ની જયના વચ્ચે છેલ્લા કેટલાક સમયથી ઘરકંકાસ ચાલતો હતો. આરોપી પતિને તેની પત્ની ઘરકામ બરાબર ન કરતી હોવાનો અને બાળકોની સંભાળ ન રાખતી હોવાનું મનદુઃખ હતું. ગત ૨૬મી એપ્રિલના રોજ, જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનનો દિવસ હતો, તે રાત્રિના આશરે અઢી વાગ્યાના સુમારે દંપતી વચ્ચે 'રોટલો બનાવી આપવા' જેવી બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી.

આ વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કરતા ઉશ્કેરાયેલા અસરફે ઘરમાં પડેલી કુહાડી વડે પત્ની જયનાના માથા, કપાળ અને ચહેરાના ભાગે ઉપરાઉપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ગંભીર હતો કે જયનાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

આ કરુણ ઘટનામાં મૃતક જયનાના પિયર પક્ષ સાથેના સંબંધો વર્ષોથી વિખેરાઈ ગયા હોવાથી તેના પરિવારમાંથી કોઈ ફરિયાદ કરવા આગળ આવ્યું નહોતું. આવી સ્થિતિમાં પાડોશમાં રહેતા અને કલરકામનો વ્યવસાય કરતા ૫૭ વર્ષીય અનવર કરીમ લાડકાએ માનવતાના ધોરણે હિંમત બતાવી હતી. તેમણે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસ મથકે પહોંચી હત્યારા પતિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે આરોપી અસરફ લંઘા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. ■

# જામનગરમાં ભાજપનું વિજય વિશ્વાસ સંમેલન યોજાયુંઃ ભાજપના અગ્રણીઓએ મતદારોનો આભાર માન્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઐતિહાસિક વિજય બાદ ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાંદીબજાર ચોક ખાતે 'વિજય વિશ્વાસ સંમેલન' યોજાયું હતું. આ સંમેલનમાં સાંસદ પૂનમબેન માડમ, શિક્ષણપ્રધાન રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, શહેર ભાજપ પ્રમુખ બિનાબેન કોઠારી અને શહેરના પ્રભારી ધનસુખભાઈ ભંડેરી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં ભાજપના અગ્રણીઓએ જામનગર શહેરની જનતાનો આભાર વ્યક્ત કરતા સંબોધન કર્યું હતું. તેમણે મતદારોના વિશ્વાસ બદલ આભાર માન્યો અને વિકાસના કાર્યોને વધુ ગતિ આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. સંમેલન દરમિયાન, મહાનગરપાલિકાની ચૂંટણીમાં વિજયી બનેલા તમામ ૬૦ કોર્પોરેટરોનો મંચ પર પરિચય કરાવવામાં આવ્યો હતો અને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમનું ફોટોસેશન પણ યોજાયું હતું. ■

# માંગરોળમાં કોસ્ટલ હાઈવે પર અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતા દીપડાનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢના માગરોળમાં લોએજ ગામ નજીક કોસ્ટલ હાઇવે પર રાત્રિના સમયે રસ્તો ઓળંગી રહેલા દીપડાને અજાણ્યા વાહને જોરદાર ટક્કર મારતા તેનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું. હાઇવે પર દીપડાનું શબ પડ્યું હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા આસપાસના લોકોનાં મોટાં ટોળાં ઘટનાસ્થળે એકઠાં થઈ ગયાં હતાં જેના કારણે થોડા સમય માટે હાઇવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતા જ માંગરોળ પોલીસ અને વન વિભાગનો કાફલો તાત્કાલિક લોએજ પાસેના અકસ્માત સ્થળે દોડી ગયો હતો. વન વિભાગના અધિકારીઓએ પ્રાથમિક તપાસ હાથ ધરી દીપડાના મૃતદેહને પીએમ અર્થે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન ચાલકને શોધવા માટે પણ વન વિભાગે આસપાસના વિસ્તારોમાં તપાસ શરૂ કરી છે. ■

# રાજકોટમાં માત્ર ₹ ૭૦૦૦ની લેતીદેતીમાં છરીના ઘા ઝીંકી યુવકની હત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં માત્ર ₹૭૦૦૦ અને મોબાઈલ ફોનની લેતીદેતીના વિવાદમાં પોતાના જ મિત્રની છરીના ઘા મારી હત્યા કરતા ચકચાર મચી ગઈ હતી. શહેરના વાવડી રોડ પર પુનિતનગર સર્કલ પાસે વહેલી સવારે થયેલી શ્રમિકની હત્યાનો ભેદ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો હતો. લૂંટના ઇરાદે હત્યા થઈ હોવાની ખોટી વાર્તા રચી પોલીસને ગેરમાર્ગે દોરનાર સંતોષ જમાર નામનો યુવાન જ અસલી હત્યારો હોવાનું બહાર આવ્યું હતું, જેણે માત્ર ₹૭૦૦૦ અને મોબાઈલ ફોનની લેતીદેતીમાં પોતાના જ મિત્રની છરીના ઘા મારી હત્યા નિપજાવી હતી.

મળતી વિગત મુજબ, મૃતક ૩૨ વર્ષીય દિનેશ શ્રીશંકર જમાર ઉત્તર પ્રદેશનો રહેવાસી છે. જ્યારે આરોપી ૨૧ વર્ષીય સંતોષ જમાર પણ ઉત્તર પ્રદેશનો રહેવીસી છે. બંને મિત્રો હતા, એક જ મકાનમાં ભાડે રહેતા હતા અને અલગ-અલગ કારખાનામાં મજૂરી કરતા હતા. સંતોષે દિનેશને ₹૭૦૦૦ અને એક મોબાઈલ ફોન આપ્યો હતો, જે દિનેશ પરત આપતો ન હતો. આ બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. શરૂઆતમાં દિનેશે સંતોષ પર હુમલો કર્યો હતો, પરંતુ સંતોષે તેના હાથમાંથી છરી ઝૂંટવી લઈ વળતો હુમલો કરતા દિનેશને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પોલીસની પકડમાંથી બચવા માટે ઇજાગ્રસ્ત સંતોષે બનાવટી વાર્તા ઘડી કાઢી હતી.

તેણે પોલીસને જણાવ્યું હતું કે બાઇક પર આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ લૂંટ ચલાવી તેમના પર હુમલો કર્યો હતો. જોકે, પોલીસે ઊંડાણપૂર્વક પૂછપરછ કરતા તેની વાર્તામાં વિસંગતતાઓ જણાઈ હતી અને આખરે તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. સંતોષ જમાર સિવિલ હોસ્પિટલમાં ઇજાગ્રસ્ત હાલતમાં સારવાર હેઠળ છે, ■

# ભાવનગર જિલ્લા પંચાયતમાં પ્રથમ વખત પતિ પત્ની બંને અપક્ષમાંથી વિજેતા બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લા પંચાયતની ચમારડી અને પાટણા જેવી મહત્ત્વપૂર્ણ બે બેઠક પર અપક્ષ તરીકે બંને પતિ, પત્નીએ ભાજપની પરંપરાગત અને મજબૂત સીટ પરથી ભવ્ય વિજય મેળવી ઈતિહાસ રચ્યો છે. કદાચ આખા ગુજરાતમાં આ ચૂંટણીની અનોખી અને એકમાત્ર ઘટના ગણાય તેવી સિદ્ધિ છે. ભાવનગર જિલ્લા પંચાયતની પાટણા બેઠક પર અપક્ષ ઉમેદવાર બ્રિજરાજસિંહ ગંભીરસિંહ ગોહિલ ૮૨૨૫ મતે તથા ચમારડી બેઠક પર પ્રિયંકાબા ગોહિલ ૯૭૯૭ મતે વિજય થયા છે. ■

# જામનગર-રાજકોટ હાઈવે પર હિટ ઍન્ડ રન, સાધુઓનાં કરુણ મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર-રાજકોટ હાઈવે પર ભયાનક હિટ ઍન્ડ રનનો બનાવ બન્યો હતો, જેમાં ટ્રકની જોરદાર ટક્કર લાગતાં બાઈક પર સવાર બે સાધુનાં કરુણ મોત નિપજ્યાં હતા. અકસ્માત બાદ ટ્રક ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ અંગે સીંધાતભાઈ રમેશભાઈ ડાંગર ઉં.વ. ૩૪, દ્વારા ધ્રોલ પોલીસ મથકમાં ટ્રકચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદ મુજબ મંગળવારે મોડી રાત્રે ઉપલેટા તાલુકાના હરિયાસણ ગામે આવેલા ચૈતન્ય હનુમાનજી મંદિરમાં સેવા પૂજા કરતા સાધુ બ્રિજેન્દ્રમુની સુખસમુનીજી પોતાનો મોટરસાઈકલ લઈને પોતાની સાથે જ સેવાપૂજા કરતા ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુની ધર્મસિંહ સાથે ધ્રોળ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ધ્રોલ માર્કેટિંગ યાર્ડ નજીક એક ટ્રક ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને બેફીકરાઈથી હંકારતા બાઈકને જોરદાર ઠોકર મારી હતી. આ અકસ્માતમાં બંને સાધુઓને ગંભીર ઇજાઓ પહોંચતા તેમને તાત્કાલિક ધ્રોલ સરકારી હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ચંદ્રપાલ ઉર્ફે ચંદનમુનીને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યારે બ્રિજેન્દ્રમુનીને વધુ સારવાર માટે જામનગર રીફર કરવામાં આવ્યા હતા, પરંતુ રસ્તામાં તેમનું પણ મોત નિપજ્યું હતું.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી પંચનામું કરી પુરાવા એકત્રિત કર્યા છે અને ફરાર આરોપીને ઝડપી પાડવા માટે સઘન તપાસ હાથ ધરી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ ચકાસવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. ■

# ગિફ્ટ સિટીના વિસ્તારમાં ૧૬૧ એકરનો વધારો, કુલ વિસ્તાર ૧,૨૨૦ એકરથી વધુ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ગાંધીનગરમાં ધમધમી રહેલા ગિફ્ટ સિટીનું વિસ્તરણ કરવાની તૈયારીઓ થઈ રહી છે. ગિફ્ટ સિટીનું ૧૫ ટકા વિસ્તરણ થવાનું છે. જેમાં તેના હાલના ૧,૦૬૫ એકર વિસ્તારમાં ૧૬૧ એકરનો ઉમેરો કરવાની યોજના છે, જેનાથી કુલ વિસ્તાર ૧,૨૨૦ એકરથી વધુ થશે. સાબરમતી રિવરફ્રન્ટ વિકાસના ભાગ રૂપે લગભગ ૩૧ હેક્ટર જમીન ફરીથી મેળવવામાં આવશે, જેના માટે અલગ માસ્ટર પ્લાનની જરૂર પડશે. આ ઉપરાંત, શાહપુર ગામ નજીક લગભગ ૮૫ એકર સરકારી જમીન, ગિફ્ટ સિટી નજીક છે. તેને ગિફ્ટ સિટીમાં એકીકૃત કરવામાં આવશે, તેવી માહિતી ગિફ્ટ સિટીના સૂત્રોએ આપી હતી. અહેવાલો દ્વારા મળતી માહિતી અનુસાર લગભગ ચાર મહિનામાં આ પ્લાન ગુજરાત સરકારને સોંપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૩માં ગિફ્ટ સિટીને ૨,૩૦૦ એકરથી વધુ વિસ્તારવાનો પ્લાન હતો, પરંતુ તે પરત ખેંચી લેવામાં આવ્યો હતો. દરમિયાન, ગિફ્ટ સિટીમાં આ વર્ષે લગભગ ૧.૨૪ મિલિયન ચોરસ મીટર કમર્શિયલ સ્પેસ અને ૨.૩૬ મિલિયન ચોરસ મીટર રેસિડેન્સિયલ સ્પેસનું કામ પૂરું થશે, તેવી માહિતી પણ સૂત્રોએ આપી હતી. ■

# ગીર સોમનાથ, દ્વારકા અને ડાંગમાં બનશે હાઈટેક 'ટૂરિસ્ટ પોલીસ સ્ટેશન'

## પ્રવાસીઓને એક જ પ્લેટફોર્મ પર તમામ જરૂરી માહિતી અને સુરક્ષા સંબંધી સેવાઓ મળી રહે તે હેતુથી તમામ એસપીને એક સેન્ટ્રલ 'ઇન્ટરેક્ટિવ ટૂરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવા પણ સૂચના આપવામાં આવી છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સહેલાણીઓના પસંદગીનાં રાજ્યોમાંનું મોખરાનું એક છે. આ સહેલાણીઓ અહીં આવે ત્યારે તેને સુરક્ષા સાથે સુવિધાઓ અને માહિતી પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે રાજ્ય સરકારે ટૂરિસ્ટ પોલીસ સ્ટેશન ઊભા કરવાનો નિણર્ય લીધો છે.

આ અંગે સરકારે જણાવ્યું હતું કે રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન. રાવની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ ડીજી અને આઈજી કોન્ફરન્સની ભલામણો મુજબ રાજ્યના મહત્ત્વના પ્રવાસન જિલ્લાઓમાં સમર્પિત 'ટૂરિસ્ટ પોલીસ સ્ટેશન' કાર્યરત કરવાનો હતો. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ પ્રથમ તબક્કે ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા અને ડાંગ જેવા મુખ્ય પ્રવાસન જિલ્લાઓમાં ટૂરિસ્ટ ફ્રેન્ડલી વાતાવરણ સ્થાપી શકાય તે માટે કરવા માટે ખાસ 'ટૂરિસ્ટ પોલીસ સ્ટેશનો' સ્થાપવામાં આવશે.

જે પર્યટન સ્થળો પર પહેલેથી જ પોલીસ ચોકીઓ કાર્યરત છે, ત્યાં ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરી તેને અત્યાધુનિક ટૂરિસ્ટ પોલીસ સ્ટેશન તરીકે અપગ્રેડ કરવામાં આવશે.

પ્રવાસીઓ પોલીસને સરળતાથી ઓળખીને મદદ મેળવી શકે તે માટે પોલીસ કર્મચારીઓ માટે વિશેષ યુનિફોર્મ અને વાહનો માટે એક સ્પેશ્યલ લોગો ડિઝાઇન કરવા અંગે પણ આ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી.

પ્રવાસીઓને એક જ પ્લેટફોર્મ પર તમામ જરૂરી માહિતી અને સુરક્ષા સંબંધી સેવાઓ મળી રહે તે હેતુથી તમામ એસપીને એક સેન્ટ્રલ 'ઇન્ટરેક્ટિવ ટૂરિસ્ટ પોલીસ એપ્લિકેશન' વિકસાવવા પણ સૂચના આપવામાં આવી છે. એટલું જ નહીં, આ બેઠકમાં દરેક ટૂરિસ્ટ પોલીસ સ્ટેશનમાં પૂરતા પ્રમાણમાં માનવબળ, નવા વાહનોની ખરીદી અને જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય તેની ખાતરી કરવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. ■